# કદીમ ઈરાનીઓપર એકજ લોહી ધરાવતાં સગાંઓમાં પરણવા બાબે મુકાયલાં બોહોતાનનો

# રદીઓ. ૪૬૬૦

એ વિષય ઉપર

દસ્તુર દારાબજી દસ્તુર પેશોતનજી સંજાના

બી. એ. એ

અતરેની રૉયલ એશિઆટીક સોસાયટીની

શાખા સનમુખ આપેલાં

બે ઈંગ્રેજી ભાષાણોનો

## ગુજરાતી તરજુમો.

બનાવનાર,

**રૂસ્તમજી એદલજી શાપુરજી મેહેતા.**

સર જમશેદજી જીજીભાઈ ત્રાન્સલેશન ફંડના
આશરા હેઠળ છાપી પ્રગટ કીધોછે.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાં મધે,
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યોછે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ

· ભુ ગા.

બનાવનાર,

રૂસ્તમજી એદલજી શાપુરજી મેહેતા.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનાં મધે,
એદલજી માણેકજી વાચ્છાએ છાપ્યોછે.
કોટ :—કાવસજી પટેલ સ્ત્રીટ, ના૦ ૮૭.

સને ૧૮૯૧ ઈસવી.

# અર્પણ પત્ર.

નેકનામ સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ સી.
એસ. આઈ., સી. આઈ. ઈ.

શેઠજી સાહેબ શેઠ ખુરશેદજી ફરદુનજી પારખ,

શેઠજી સાહેબ સર દીનશાજી માણેકજી પીતીત બેરોનેટ,

શેઠજી સાહેબ શેઠ ફરામજી નોશીરવાનજી પટેલ,

શેઠજી સાહેબ શેઠ મનચેરજી હોરમસજી કામાજી,

તે સર જમશેદજી જીજીભાઈ ટ્રાન્સલેશન ફંડના ટ્રસ્ટી સાહેબો.

એઓ આપણી બેહુતર મજદયસ્ની દીનનું તેમજ
આપણા ઈરાની નેયાગાનોને લગતી સાચે
સાચી હકીકતોનું સીધું જ્ઞાન ફેલાવાની
જે કાળજી રાખીને,

એ બાબદને લગતાં બાહેર પડતાં પુસ્તકોને
ઘટતો આશરો આપતા રહેછે,

તે બીના ધ્યાનમાં રાખી, આ નાકેશ
તરજુમો એ સાહેબોને

**મોહોટાં માન સહીત સેવક અર્પણ કરેછે.**

**ભાષાંતર કર્તા.**

# ભાષાંતર કર્તા તરફનો દીબાચો.

સન ૧૮૮૭ ના માસ એપ્રીલની તા૦ ૧૫ મી તથા તા૦ ૨૨ મીએ, "રૉયલ એશીઆટીક સોસાયટી"ની મુંબઈની શાખા હજુર અંજેના પ્રખ્યાત જવાન એરવદ સાહેબ દારાબજી દસ્તુર પેશોતનજી સંજાના બી. એ. એ 'The Alleged Practice of Next-of-Kin Marriages in Old Irân' નામે બે ઈંગ્રેજી ભાષાનો આપ્યાં હતાં. તેમની એક છાપેલી નકલ થોડુંકપર એ જવાન દસ્તુર તરફથી મને ભેટ મળી, જે ધ્યાનથી વાંચતાં લાંબા વખતનો મારાં મનનો કોડ પુરો પડયો. કારણકે કદીમ ઈરાનની તવારીખમધે આપણા નેયાગાનોને એ અને બીજી બાબદોમાં પશ્ચિમ તરફના લખનારાઓથી બાજે વખત ગેરઈન્સાફ થતો જોઈને મને અતિશ્ય ખેદ ઉપજતો હતો, અને આપણ લોકમાં એ બાબદના વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓ પુરતા હોવા છતાં, એ ગેરઈન્સાફ દૂર કરવાને હજી સુધી કાંઈબી કોશેશ નહીં થયલી જોઈને બેહુદ તાજુબી લાગતી હતી. તેટલામાં ઉપલાં ભાષાણોનું ચોપાન્યું મોહોટા હરખસાથ મારા વાંચવામાં આવ્યું; ને તે માહેલી મુસ્તકીમ દલીલોથી જેમ મારી ખાતરી થઈછે, તેમ આશા રાખુંછું કે જેમના સાંભળવામાં કે વાંચવામાં એ ભાષણો આવ્યાં હશે, તેમનો પણ તમામ શક દૂર થઈને પુરપતીજ થઈ હશે.

એઓ માહેલી તકરારો કેટલી પાયદાર છે, તે એ ભાષણોમાટેની, સોસાયટીની બંને બેઠકોના પ્રમુખ સાહેબ, ધી ઑનરેબલ મી૦ જસ્તીસ (પાછળથી સર રેમંડ) વેસ્તે દર્શાવેલા અભિપ્રાયોથી સેહેજ માલુમ પડી આવેછે. તેઓ જણાવેછે કે:—"જે રેસાલો હમણાં આપણી આગળ વંચાયોછે તે ઘણોજ અગત્યનો છે. અને તે વાંચવામાટે તથા આપણી મંડળીના ખજાનામાં આટલો બધો ઉમેરો કરવામાટે મી૦ સંજાનાનો આપણપર બેહદ આભાર થયોછે, એમ જણાવામાં તમો ગૃહસ્થો મારીસાથ એકમત થશો. આશા રાખુંછું કે આપણાં દફતરખાનાંમાટે છપાવાને તથા તેનો સીનગાર થઈ પડવાને લાયકના રેસાલાઓની સફમાં બીરાજવાને આ (મી૦ સંજાનાનો) રેસાલોબી યોગ્ય થઈ પડશે. પોતાની કોમ તથા દીનની ઇજ્જત અને એનેકાદ સાથે એવી તાલુકો ધરાવતી બાબદને એક પારસી એરવદ જાહેરમાં લાવે એ તો ખાસ કરીને બરહક છે. હું નથી ધારતો કે એ કામ, એથી બેહેતર ઉલટ, જીઆદા સફાઈ તથા આવાં ખાસ કામ સારૂ જોઈતી તવારીખ અને વિદ્યા સંબંધી દલીલોની બેહેતર કદરદાની સહીત કોઈ બીજા શખ્સથી હાર પડયું હતે. .................."હું તો, જે સવાલ તેવણે આટલી વિદ્વતા તથા ઉત્કંઠાથી હાથ ધર્યોછે તેની સામાન્ય મૂળ મતલબ ઉપર થોડાક વિચારો જણાવીશ. એવણે જે યુનાની ગ્રંથકારોની શાહાદતો ટાંકીછે, તેઓમાંથી એકલા હીરૉદોતસની સીધી તપાસ લેવાને હું શક્તિ-

વાન છું. એ તવારીખનવેશોએ એકજ લોહી ધરાવતાં ઘણાંજ નજદીકનાં સગાંઓ વચેનાં લગ્નોની બીનાને, માત્ર આમ લોકોમાં ચરવાતી ઢંગઢડા વગરની વાર્त्ता-ઓપરથી ઉતારી લીધીછે. તેમ કરતાં તેઓએ તેની એક ભારે અગત્યની બાબદ તરીકેની પક્કી અને બારીક તપાસ મુદ્દલ લીધી નથી. પોતાના વાંચનારાઓનો અસાધારણ નવાઈ ભરેલી બીનાઓ વાંચવાનો શોક તૃપ્ત કરવાની મતલબથીજ એઓએ એવી વાતો ટપકાવી દીધીછે. એની સાબેતી હીરૉદોતસનાં લખાણોની તપાસ લેતાં ખુલ્લી મળી આવેછે; તેમજ બીજા યુનાની ગ્રંથકારોના—બેશક શુદ્ધ રીતે ઉતારી લીધેલા—ફકરા-ઓપરથી પણ એ વાત એટલીજ સ્પષ્ટ દેખાયછે.

"જે કેટલાંએક દ્રષ્ટાંતોમાં હીરૉદોતસ ફતેહમંદ ઉતર્યો હોય એ અસંભવિત લાગતું હતું, તેવાં ઘણાંએક દ્રષ્ટાંતોમાં તેની શાહાદત હમણાં હમણાં બાહાલ રહીછે. ખરેખર જયારેબી કાંઈ ચીજ તે પોતાના જાતી અનુ-ભવથી જણાવેછે ત્યારે તેનાપર વાજબી એતબાર રાખવો ઘટેછે. મગર પાદશાહ કમબાઈસીસનાં લગ્ન વિષે તો તેને જરૂર કરીને પારકાં લોકોથીજ માહિતી મેળવવી પડી હશે. બીજા યુનાની લખનારાઓ, પોતે બેશક મેહેનત લઈને જમા કીધેલા વાર્त्ताઓના સંગ્રહમાહેલી પોતાની વાર્त्ताઓ ફરીથી છુટક છુટક કહી જાયછે. તે ઉપરાંત વધુ બજાવાનો તેઓ દાવો કરતા નથી. પણ, બારીકીથી તપાસ કરીનેજ હરેક બીના જાહેરમાં મુકવી, એ ખાસીઅતને આપણે આજના જમાનામાં

આટલી અગત્ય આપતાં શીખ્યા છીએ, તે ખાસીઅતના બીલકુલ આંકુશ વગરજ તેઓ એ વાર્ત્તાઓ જણાવી જાયછે. તેશીઅસે ઇરાન તથા ત્યાંના લોકો વિષે પોતાની જાતી તપાસથી ઘણી વાકેફગારી મેળવી હશે. પણ તે તો એટલી બધી વગર શકની જુડી વાતો કહી ગયોછે કે કોઇબી તકરારી બાબદમાં તેની ગવાહી નાલાયક થઇ પડેછે.

"ત્યારે તો, જે મૂળોમાંથી આપણી આગળ વંચાયલા વિષય બાબે યુરોપ્યન વિદ્વાનોએ પેહેલી માહિતી મેળવી હશે, તે મૂળો આવી અસાધારણ રીતે વગર ખાતરીનાં માલૂમ પડયાંછે. તોપણ કહેવાને ધારતી લાગેછે કે એવાં મૂળો યાને યુનાનીઓનાં લખાણોથી થયલી અસર સાથેજ પશ્ચિમ તરફના વિદ્યાર્થીઓએ પેહેલાં પારસી સાહીત્યને હાથમાં ધરેલું લાગેછે. આપણાં મનની એવી સ્થિતિમાંથી કેટલીક તરેહના વેહેમો ઉત્પંન થાયછે, કે જેવા વેહેમોને દૂર કરવાને દસ્તુર દારાબજીએ હાલમાં આ યત્ન અને આગ્રહ કીધોછે. તેવી સ્થિતિમાં એ વિદ્વાનોનાં મગજપર ઉપર કહેલી અસર રહેલી હોવાથી, તેઓએ એ સાહિત્ય માહેલા કેટલાક ભેદભર્યા અને કમગાબ ફકરાઓનો પોતાનાં મતને અનુસરતોજ અર્થ સ્વભાવિક રીતેજ ઉઠાવ્યો હશે. કારણકે તેવા ફકરાઓમાં એવાં ગોત્રગમનીક સંબંધો મંજુંર રાખેલા (ભુલથી) ધારવામાં આવેછે. ........

......"અગર, યુનાની ગ્રંથકારોનાં દાસ્તાનોની એવી ઢપની તપાસ લઇએ કે તેથી કોઇ તોહોમતદારપર

મુકાયલો અપરાધ કે તેનું નિર્દોષપણું પુર્વાર થાય, તો મારા ધારવા પ્રમાણે, તે ગવાહી મનમાનતી નથી એમ બીન હરકતે કહી શકાશે. ત્યારે જો **આવી જુબાનીને આધારે એક ખીસાં કાતરૂનેબી કોઈ અપરાધી ઠેડવી શકે નહીં,** તો તેવીજ જુબાનીના આધારપર એક તિક્ષણ લાગણીઓ ધરાવતી **બીજી બધી વાતે અતિ નીતિમાન (ઈરાની) પ્રજાને આવી ત્રાસદાયક રસમ માટે બદનામ કરવી એતો ખચીત ગેરવાજબી છે.** .........

....."કુટુંબ બંધણમાં થતા ફેરફારો પ્રમાણે, ભાષામાં પણ વખત જતે ફેરફાર થતો રહેછે ખરો, એમ આપણે જોઈએ છીએ. પણ એ ફેરફાર ધીમો અને અપુર્ણ હોયછે. યુનાનીઓપણ ઘણુંકરીને ઇરાની ભાષાનું ઘણુંજ અપુર્ણ ગ્નાન ધરાવતા હતા. આ દેશ (હિંદુસ્થાન)ની ભાષાઓમાં સગાઇ સંબંધી શબ્દોને,—તેમના હમેશાં ઉડતા ઇંગ્રેજી અર્થો ઉપરાંત—વધારે બોહોળી મતલબે વપડાતા જોઇને હરેક જવાન સીવીલીઅન ચાલુ ગુંચવાડામાં રહેછે. અને તેજ પ્રમાણે યુનાનીઓએ સાંભળેલી વાર્ત્તાઓ માહેલા સગાઇ સંબંધો ઇરાની ભાષાના શબ્દોનો ખરો ભાવાર્થ સમજવાને તેમને પણ મુશ્કેલી લાગી હશે. કેટલીક કથાઓ જે આપણને તો કમકમાત ઉપજાવનારી લાગેછે, તે તેઓએ પોતાનાંજ કુટુંબ બંધણના નિયમ પ્રમાણે તદન અક્કલને અનુસરતી માની લીધી હોય. બીજે ઠેકાણે, કોઇ પાદશાહ કે રાજવંશી બાબે

કહેવાયલી વાર્ત્તાનાં વિચિત્રપણાંથીજ તેમાં વપડાયલા શબ્દોની બારીક તપાસ કરવામાં અટકાવ થઇ પડયો હોય. એવી વખતે તો તે વાર્ત્તાના વધતા ઓછા ગુનાહ-ભર્યા દેખાવનાં પ્રમાણમાંજ કબુલ રાખવી પડી હશે.

"એ પરથી આ બનવા જોગ લાગેછે કે (ઝંદ-પેહેલવીના) જે મુડીભર વાકયોમાં કોઇ એકથી વધુ અર્થ વાળો એવો ફકરો આવ્યો હોય, કે તેમાં ગોત્ર-ગમનની ભલામણ કીધીછે, એવા ખયાલને ટેકો મળે, તે વાકયોનો તરજુમો કરતાં યુરોપ્યન વિદ્યાર્થીઓએ ઉપલા વિચારોને ઘટતું વજન આપ્યું નહીં હશે......

...."આપણા વ્યાહવારમાં જે અત્યંત કીમતી ઉમેરો એવણે કીધોછે, તે માટે સોસાયટી તરફથી મી૦ સંજાનાનો ખરાં જીગરથી ઉપકાર માનુંછું. મારી ખાતરી છે કે એ રેસાલામાં આવેલા અભિપ્રાયો યુરોપ્યન વિદ્યાર્થીઓની જાણમાં આવવાથી તવારીખ અને નુકતેચીનીના બાબમાં નવાંજ ધોરણની તકરારોની શરૂઆત થશે."

એ સરનશીન સાહેબનું કહેવું તદન વાસ્તવિક છે કે ઇરાની જેવી સખ્ત નિતીમાન પ્રજાને એવા જબુન રેવાજો લાગુ પાડી દેવામાં મોટો ગેરઇન્સાફ થતો આવ્યોછે. તેમ કરતાં એ કોમની તવારીખ તથા દીનને લગતી આગળી પાછલી બીનાઓપર કાંઇ પણ ધ્યાન ન આપતાં, ફકત કેટલાક રૂમી તથા યુનાની તવારીખ-નવેશોએ આપેલી ઢંગઢડા વગરની હકીકતોને ઘટે તે કરતાં જીઆદા વજન આપવામાં આવેછે. એવું

અનઘટતું વજન આપ્યાથીજ કેટલાક યુરોપ્યન આલમાઓને, અવસ્તા તથા પેહેલવીના કોઇ કોઇ ભેદભર્યા શબ્દોનો આધાર પકડી, આપણા પાક મજહબમાંથી તાણી તોડીનેબી એવાં ફરમાનો શોધી કાઢવાનું મન થાયછે. કારણકે તેમનાં મગજપર યુનાની તથા રૂમીઓનાં કહેવાની ખ્યાલી સચાઇનો મજબુત છાપ પડેલો હોયછે. પણ તે સાહેબો પોતાની કોશેશમાં કેવું ગોટું ખાયછે તે આપણા જવાન દસ્તુરજાદાએ હીમતથી દેખાડી આપ્યુંછે. એવણની તકરારો આગળ તેઓની દલીલોનું તકલીદીપણું કેવું દેખાઇ આવેછે, તે એ અસલ ઇંગ્રેજી રેસાલો તથા તેનો આ ગુજરાતી તરજુમો વાંચવાથી તુરત ધ્યાનમાં ઉતરેછે. એ ભાષાણો આલમાઓની મંડળી હજુર ઇંગ્રેજી ભાષામાં આપવામાં આવ્યાંછે. વળી હમણાં હમણાં મને મોહોટા સંતોષ વચે આ ખબર મળીછે કે એ જવાન એરવદ સાહેબની સીધી અને વાજબી દલીલોની અસરથી કેટલાક યુરોપ્યન ઓરીઆંટલીસ્ટોએ પોતાનો આગળો વિચાર કેટલેક દરજ્જે ફેરવ્યોછે. ડૉકટરો ગાઇગર, હુબ્શમાન, જૉલી તથા લેંગ જેવા વિદવાનો એરવદ દારાબજીનાં મત તરફ ઢળતા જઇને કબુલ કરતા દેખાયછે કે એવાં જબુન રીતે થતાં લગ્નોની પરવાનગી આપતાં ફરમાનો અવસ્તાના પુરાતન લેખોમાંથી મળવાં મહાલ છે.

એ ભાષાણોથી રૉયલ એશીઆટીક સોસાયટીના ખજાનામાં વધારો થયોછે, એટલુંજ નહી, પણ મજદયસ્ની દીન તથા જરથોસ્તી ફીરકાની બેહદ કીમતી

સેવા બજાવવામાં આવીછે. એવી તેની અગત્ય જોવાથી, એ રેસાલો માત્ર ઈંગ્રેજી વાંચનારાઓનાં મંડળની નાહાની હદમાં નહીં રેહેવો જોઇએ, એવે વિચારે હાલ તુરત હાથમાંનું કામ પાછળ રાખીને આ તરજુમો ગુજરાતી વાંચનારી આલમ હજુર રજુ કરૂંછું.

એ તરજુમો સૂધારવામાટે એરવદ દારાબજીએ જે મેહેરબાનીની રાહે તસ્દી લીધીછે તે માટે તેમનો, તથા એ છાપી પ્રગટ કરવા સારૂ સર જમશેદજી ત્રાન્સ-લેશન ફંડ તરફથી જે મદદ મને મળીછે, તે માટે એ ફંડના ત્રસ્તી તથા સેક્રેટરી સાહેબોનો દીલોજાનથી ઉપકાર માનુંછું. તેમજ મારી આ અદના કોશેશને ઉત્તેજન આપવાને ખાતર, જે સખી વજુદ ગ્રહસ્થો તથા બાનુઓએ એ તરજુમાની કેટલીક નકલો આગમચથી ખરીદીછે, તેમનો હું હેશાનમંદ થયોછું.

**રૂસ્તમજી એદલજી શાપુરજી મેહેતા.**

# રેસાલો કર્તા તરફનો દીબાચો.

કદીમ ઇરાનીઓની ભાષા, ધર્મ, રીતભાંત વગેરે બાબદોને દરમેયાન એ પુરાતન કોમમાં ગોત્રગમન લગ્નોનો રેવાજ, યાને પોતાનાં ઘણાંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં સગાંઓ (જેવાં કે ભાઇ-બેહેન, બાપ બેટી, મા-દીકરા ઇત્યાદી) વચે માહોમાંહે પરણવાની રસમ જાએજ હતી કે નહીં, એ સૌથી મુશ્કેલ તથા ગુંચવાડા ભર્યો સવાલ થઇ પડયોછે. વાસ્તે એક જરથોસ્તી દીનના ઉપાધ્યાની મારી નાચેઝ ફરજ તરીકે એ બાબદ ઉપર મેં ગયા માસ એપ્રીલની તા૦ ૧૫ મી તથા ૨૨ મીને દીને "રૉયલ એશીઆટીક સોસાયટીની" મુંબઇની શાખાની બે સભાઓ સનમુખ આ રેસાલો વાંચી સંભળાવ્યો હતો. એ બંને સભાઓ ઑનરેબલ મી૦ જસ્તીસ (પાછળથી સર રેમંડ) વેસ્તનાં સરનશીનપણાં હેઠળ મળી હતી.*

---

* એ સભાઓમા નાચેના ગ્રહસ્થો બીરાજ્યા હતા:—

સર જમશેદજી જીજીભાઇ બારોનેટ સી. એસ. આઇ., મી૦ જસ્ટીસ જારડીન મી૦ સી. ઇ. ફૉક્સ, શેઠ ખરશેદજી ફરદૂનજી પારખ, સોરાબજી શાપુરજી બંગાલી સી. આઇ. ઇ., જેહાંગીર કાવસજી જેહાંગીર રેડીમની, ડૉ૦ જે. જી. ડા. કુન્હા, શેઠ ખરશેદજી રૂસ્તમજી કામા, જમશેદજી બમનજી વાડીઆ, સરજીઅન મ્યૉલ, ડૉ૦ આતમારામ પાંડુરંગ, ડૉ૦ ડી. મોન્ટી, શેઠ જમશેદજી ખરશેદજી જમશેદજી, સીનોર ઓ. એસ. પેદ્રાઝા, શેઠ જવેરીલાલ ઊમીઆશંકર યાજ્ઞીક અને બીજાઓ. ત. ક.

મારો મજકુર રેસાલો એ સોસાયટીના કારોબારના વારસીક હેવાલમાં છપાઈ ચુકયોછે, જે પરથી આ તો તેની બીજી આવૃત્તિ ગણાવી જોઈએ, અને ઉમેદ છે કે પારસી કોમમાં આ બીજી આવૃત્તિનું મુફત વેહેંચાણ ઉપ્યોગી થઈ પડશે.

આ રેસાલો છાપી પ્રગટ કરવા માટે સર જમશેદજી જીજીભાઈ ટ્રાન્સલેશન ફંડના* ટ્રસ્તી સાહેબો તરફથી મને જે આશરો મેહેરબાનીની રાહે મળ્યોછે, તે માટે હું તે સાહેબોનો ઉપકાર માનવાને રજા લઉંછું. એટલુંજ નહીં પણ, સર જમશેદજી જીજીભાઈ જરથોસ્તી મદ્રેસા (કે જેના જેવું મુશ્કેલ પેહેલવી અભ્યાસના ખેડાણ માટે બીજું કોઈબી ખાતું હઈઆત નથી તે) ના ખંતીલા કારોબારીઓ, અને તેમાં ખાસ કરીને એ ખાતાંના ટ્રસ્તી સાહેબો, જેમના પ્રમુખ તે તમામ જરથોસ્તી આલમના ઘણાજ લાયકીવાળા વડા અકાબર સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સી. એસ. આઈ. છે, તેઓ તરફથી મને મારા જંદ અવસ્તા તથા પેહેલવીના અભ્યાસમાં જે મેહેરબાનગીભર્યું ઉત્તેજન હમેશાં મળતું રહયુંછે, તે માટે તે સાહેબો તરફનું મારૂં હેશાન ખુલ્લી રીતે ટુકમાં જાહેર કીધા વગર મારેથી રેહેવાતું નથી. કારણ કે તેમ કીધા વગર, આ મારા રેસાલાની બાબદ મજદયસ્ની દીન સાથે કેવી અને કેટલી નિસ્બત ધરાવેછે તે મુકરર

---

* એ ફંડના આશરાથી જે ચોપડીઓ છાપીને મુફત વેહેંચવામાં આવીછે તે સરવેમાં આ રેસાલો પેહેલો દરજજો ભોગવેછે. ત. ક.

કરવા સારૂ, મેં લીધેલો આ ! આદના હીસ્સો ખાસો-આમના અભિપ્રાય માટે રજુ કરી શકાતો નથી. તે ઉપરાંત વળી મુખ્ય કરીને શેઠ ખરશેદજી ફરદુનજી પારખનો હું દિલોજાનથી આભાર માનું છું, કારણ કે એ શેઠે વીસથી વધારે વરસોની આગમચ મજકુર ખાતાંમાં (જંદ અવસ્તા અને પેહેલવીના અભ્યાસ માટે) રૂ૫૫૦૦૦ ની મોહોટી બક્ષેસ આપીને સર જમશેદજી ફેલોશીપ સ્થાપી હતી. તે ફેલોશીપ ભોગ-વવાને હું સન ૧૮૮૫ થી નસીબવંત થયોછું, અને તેથી મને જણાવવાને ખુશાહાલી ઉપજેછે કે ઈરાનની પુર્વ તરફના કદીમ વતનીઓના સૂધારા ઉપર ઘણી મેહેનતે લખાયલાં એક જરમન પુસ્તકનો* ઈંગ્રેજી તરજુમો† કરવાનું મુસ્કેલ કામ માથે લેવાની મને ઉલટ થઈ હતી. એ તરજુમાથી પરદેશીઓ (યાને યુરોપ્યનો તથા અમેરીકનો) જરથોસ્તી મજહબ વિષે કેવા વિચારો ધરાવેછે તે બાબે મારા હમદીન બેરાદરો વાકેફ થયાછે.

**દારાબ દસ્તુર પેશોતન સનજાના.**

મુંબઈ, સપટેંબર ૧૮૮૭.

---

* Ostîrânische KULTUR. by Dr. Wilhem Geiger. ત. ક.

† Civilization of the Eastern Irânians in Ancient Times by Darab Dustur Peshotan Sanjana, B. A. ત. ક.

# સાંકળીયું.

સફે.

## કદીમ ઈરાનીઓ પર પોતાનાં ઘણાંજ અતલગના તથા એકજ લોહી ધરાવતાં સગાંઓમાં પરણવા બાબેનાં મુકાયલાં બોહોતાનનો રદીઓ.

આગળા જમાનામાં થતાં લગ્નોની તવારીખમાંથી એવી કોઇ બાબદ મળી આવશે નહીં, કે જે કદીમ ઇરાનીઓ યાને પુરાતન જરથોસ્તીઓમાં એકજ લોહી ધરાવતાં શું ઘણાંજ નજદીકનાં કે શું દૂરનાં સગાંઓ વચ્ચે પરણવાના કહેવાતા રેવાજ વિષેના પેલા ઘણાજ ચરચાપર આવેલા સવાલથી પોતાની ગંભીરતા તથા અગત્યમાં ચઢી શકે. જોકે આય ગંભીર સવાલપર પુર્વ તરફની ભાષા, ધર્મો, વિગેરેના મશહુર યુરોપ્યન વિદ્યાર્થીઓની કોશેશથી જરતોસ્તી દીનના પારસી અભ્યાસીઓનું ધ્યાન વારંવાર ખેંચાયુંછે, તોબી અજબ જેવું છે કે—'અમારાં પાક લખાણોમાંથી એવાં લગ્નોના રેવાજની કાંઇબી નીશાન મળી આવતી નથી,' એવો ખુલ્લો ઇનકાર કરવામાંજ સંતોષ પકડીને—અમો (પારસી) લોકોમાંથી કોઇએબી એ સવાલપર કાંઇ પણ રોશની નાખવાની હજીસુધી કોશેશ કીધી નથી. એ બાબદપર એમ અજબ રીતે ધ્યાન નહીં આપવાના સબબો, યુનાની ને રૂમી તવારીખો તથા ઇરાની દફતરોમાં એ બાબદની તપાસ લેતાં નડતી મુશ્કેલીઓપરથી સેહેજમાં જણાઇ આવેછે. એ મુશ્કેલીઓ કેટલેક દરજ્જે

તે અસલ પુસ્તકોની ભાષાની બીનમાહીતગારીને લીધે, તેમજ કેટલેક દરજ્જે જે અવસ્તા તથા પેહેલવી ફકરાઓમાં ઘણાંજ અતલગનાં ખેશીઓ વચ્ચે પરણવાની બીના આવેલી પારકા લોકો ધારેછે, તે ફકરાઓની મુશ્કેલ અને ગુચવણભરી જબાનને લીધે, અને વળી કેટલેક દરજ્જે ઘણાજ સત્તાદાર યુરોપ્યન વિદ્યાર્થીઓએ યુનાની તવારીખનવેશોના અહેવાલો બાહાલ રાખવામાં દેખાડેલા એકસરખા વિચારથી ઉડતી નીરાશીને લીધે ઉભી થયલી લાગેછે.

હવે એ સવાલને લગતી જે જે જુસ્તેજુઇઓમાં યુરોપ્યન વિદ્યાર્થીઓનું ધ્યાન લાંબો વખત થયો રોકાયુંછે, તે તમામ જુસ્તેજુઇઓમાં તેઓ ઘણાખરા યુનાની તથા રૂમી ગ્રંથકારોનાં પુસ્તકોમાંથી--હખામીન્યન, અશકાન્યન, તથા સાસાન્યન સલતનતોના અઇયામોના કદીમ ઇરાનીઓમાં એકજ લોહી ધરાવતાં ઘણાંજ અતલગનાં ખેશીઓ વચ્ચે શાદી કરવાની રસમ અસાધારણ નહીં હતી એવી મતલબની જે હકીકતો મળી આવેછે,—તે દલીલોને સાચી સાબેત કરવાની કોશેશમાંજ મંડયા રહ્યાછે. એટલુંજ નહીં પણ, વાત તો અહીં સુધી આવીછે કે કેટલાએક યુરોપ્યન વિદ્યાર્થીઓએ તો ખુદ ઇરાનીઓના અવસ્તાના પાક કલામો તથા પાછલાં પેહેલવી પુસ્તકોમાંથી એવાં લગ્નો માટેની ખુલ્લી ગવાહી સોધી કાઢવાનો દાવો વટીક કીધોછે. માત્ર તેમનાંજ મતે દોરવાઇને રેવરંડ જે. વાન. ડેન ઘીનને પોતાના "Comparative Mythology and Philology" નામના જાણીતા ફ્રેંચ રીસાલા મધે અવસ્તાના નિતીને લગતાં ફરમાનોના

સંબંધમાં નીચલા ટીકા કરવાની જોગવાઇ મળી આવેછે :—*

"જોકે આત્મીક ગ્નાનની જુદી જુદી બાબદો ખુલાસેવાર સમજાવાને મજ્દયસ્નાન લખનારાઓ શોખ ધરાવતા હતા, તોપણ નિતીસંબંધી તકરાર ચલાવાને તેઓ વધારે શોખીન હતા. મજ્દયસ્ની મજ્હબ, ખ્રીસ્તી સીવાયે બીજા સઘળા ધર્મો વચ્ચે સૌથી પાયદાર, સૌથી બુલંદ અને અક્કલને સૌથી વધારે માફક આવતા નિતીના નિયમો ધરાવવા માટે મગરૂરી લઇ શકે. એ નિતીના નિયમોને જાળવવાનો પાયો (મજ્દયસ્ની દીનમાં) ઇન્સાનની સ્વતંત્ર ઇચ્છાપર રચ્યોછે . . . . . .

(આગળ ચાલતાં એજ લખનાર જણાવેછે કે) "પણ આવાં સંપુર્ણ તથા આવાં અક્કલને અનુસરતાં ધર્મ-મતોની સાથે સાથેજ મજ્દયસ્ની દીનમાં આપણાં (ખ્રીસ્તીઓના) નિતીસંબંધી વિચારોથી અજબ રીતે ઉળટાં જતાં, એક બીજાં ધર્મ-મતને સ્વીકારેલું જોઇને હરેક કોઇ તાજુબ થયા વગર રહે નહીં. અમો પેલાં સારીપેઠે મશહુર થયલાં, ઘણાંજ સવાબભર્યાં તથા પાકીજ્હ તરીકે વખાણાયલાં **ક્વેતુકદસ** (ખેતુદથ) નાં કામ બાબે એસારો કરવા માંગ્યે છીએ. તોપણ એ શબ્દની મતલબ તો ગોત્રગમન એટલે ઘણાંજ નજ્દીકનાં

---

* જુઓ 'Essais de Mythologio et de Philologie Comparee,' par J. van den Gheyn, S. J; Etudes Erâniennes, II., Les Etudes Avestiques de M. Geldner, § 4—Morale, p.p. 231-234 :—

સગાંઓ, તેમાં વળી બાપ બેટી, મા દીકરા તથા ભાઇ બેહેન વચેનાં લગ્નથી ઉઠેછે. એથી વધારે કમકમાતભર્યું તે શું હોય? મજ઼દયસ્ની જેવા આવી બુલંદ કીસમના મજ઼હબમાં એવો રવૈયો વારંવાર કેમ શીખાડવામાં આવે? એ તો અવસ્તાને લગતો ઇતિહાસીક સવાલ છે, તેથી આપણને તે બાજુ રાખવો ઘટે.

"ખરૂં છે કે હાલના પારસીઓમાં એવી અનિતીવાન રસમો આજ સુધી ચાલુ રહી નથી. વળી તેમનાં ધર્મમાં કદીબી એવાં મતો આવવા માટેનાં બોહોતાનનો તેઓ મજબુતીથી ઇનકાર કરેછે. કમનસીબે તેઓ પોતાની પુરાતન કેતાબો બાળી શકતા નથી, જે કેતાબોજ તેમની વિરૂધમાં આવતી મુસ્તકીમ દલીલ છે."

રેવરંડ મી૦ ધીન આવા ટીકા કરેછે. મગર એ કાંઇ ઇરાની સાહીત્યનાં મેદાનમાં જાતે ચલાવેલી તપાસોનું પરિણામ નથી, પણ એ ટીકાઓ તો પ્રૉફેસર મેક્ષમુલરે યોજેલી "Sacred Books of the East". ની પુસ્તકમાળામાંથી જાહેર થયલાં પુર્વ તરફની ભાષા, ધર્મો, વગેરેનાં સૌથી છેલાં લખાણોને આધારે ઘણાખરા રચાયાછે. પણ એ બાબદપર આપણું ખાસ ધ્યાન ખેંચે એવા અતી ઘણા અગત્યના ટીકાઓ તો કેટલાક એવા યુરોપ્યન ઓલમાઓ તરફથી બાહેર પડયાછે, કે જેઓ પુર્વ તરફના એલમોની ખાણોનાં છેક ભીતરમાં પેસીને, ત્યાંથી એવાં બેકીમતી ગોહરો જાહેરમાં લાવ્યાછે, કે તે ગોહરો પુર્વ તરફનાં સાહીત્યની તવારીખમાં એક અગત્યના હંગામની નીશાન દેખાડતા લેખો

તરીકે સદા કાયમ રહી જશે. હું અવસ્તાવાણીના કસાયલા વિદ્યાર્થી ડૉ૦ એફ. ફૉન સ્પીગલનાં મત તરફ તમારૂં ધ્યાંન ખેંચવા માંગુંછું. જે મતનો મેં તેનાં "Eranian Antiquities" પરનાં જરમન પુસ્તકનાં ત્રીજાં દફતરમાંથી તરજુમો કીધોછે. તે જણાવેછે કે:—

"ઘણાંજ અતલગનાં સગાંઓ એટલે ભાઇ બેહેનો, બાપ બેટી, અને મા દીકરા વચેનાં લગ્નોથી યુરોપમાં તો હમેશાં ઘણોજ અનગમો ફેલાતો રહ્યોછે. તેમનું મૂળ ઇરાનીઓમાં ચાલતા એકજ ફીરકા (ટોળા) માં થતી સગાઇના રેવાજમાં સમાયલુંછે. તેઓથી કોઇબી જુદા ટોળામાં પરણી શકાતું નહીં હોવાથી, તેમજ દરેક જણ પોતાનાજ ફીરકાને તથા પોતાનાંજ કુટુંબને ઘણાંજ બેહેતર સમજતો હોવાથી પોતાનીજ કોમમાં પરણતો હતો. છેક અવસ્તાના પુરાતન વખતથીજ અતલગનાં ખેશીઓનાં લગ્નોની ભલામણ થયલીછે (જુઓ યજસ્ને હા ૫૩, ફ૦ ૨૮.—વીસપરદ હા ૩, ફ૦ ૮); અને વળી આજેબી એશીઆ ખંડની ભટકતી જાતોમાં એજ રેવાજ ચાલેછે, જેમની બેટીઓ પોતાનાં કુટુંબમંડળથી બાહેરના પુરૂષો સાથ પરણવા માટેની ઘણીજ લાયક માંગણીઓ વારંવાર ના પાડેછે, કારણકે તેઓ એમ ધારેછે કે એવાં લગ્નોથી તેઓને કોઇ શેહેરમાં, તેમજ કોઇ બીજીજ કોમમાં જઇ રેહેવું પડે. એવાં સગાંઓ વચ્ચેનાં લગ્નોની છેક છેલ્લી હદ તે ભાઇ બેહેન વચ્ચેનાં લગ્નમાં આવેછે. હીરૉદોતસના કહેવા પ્રમાણે ભાઇ બેહેન વચેનાં લગ્નોનો રેવાજ સપર પેહેલો

કમબાઇસીસે દાખલ કીધો હતો; પણ એ અહેવાલ ઘણોખરો ભુલભર્યો છે. એ રેવાજ તો ચોકસ કરીને તેની આગમચનોજ હસ્તીમાં આવી ચુકયો હતો. ત્યાંના પાદશાહોમાં હખામીન્યન વંશમાંથી પોતાનાજ ભરતબાની મોહોરદારોને પસંદ કરવાનો રવૈયો હતો, એ વાતની ગવાહી હીરૉદોતસંજ પોતાનાં પુસ્તક માહેલા બે ફકરાઓમાં આપી જાયછે. એ કારણસરજ ભાઇ બેહેન વચ્ચેનાં લગ્નોને બાદશાહી કુટુંબોમાં પસંદ કરવામાં આવતાં હતાં. જેમકે કમબાઇસીસ પોતાની બેહેનો સાથ પરણ્યો હતો (હીરૉ૦ ૩, ૩૧); આરતેજરકસીસ પોતાની બે બેટીઓ સાથે (પ્લુતાર્ક, આરતેજરકસીસ, બાબ ૨૭); તીરીતુખ્મીસ પોતાની બેહેન રોકશાના સાથ (તીશીઅસ, પરશીઅન બાબ ૫૪); સેત્રપ સીસીમીથ્રીસ પોતાની મા સાથે વટીક (કરત્યુસ ૮, ૨, ૧૯); અને કોબાદ પેહેલો પોતાની બેટી સાંબીક સાથ પરણ્યા હતા. આગાથીઅસ કહી જાયછે કે એ રેવાજ પાછલા જમાનાઓસુધી જારી રહ્યો હતો."*

કદીમ તવારીખમાંથી અંહીં તહીં મળી આવતા છુટાછવાયા ફકરાઓ ઉપર આધાર રાખતા, તથા દુનિયાંમાં સૌથી પુરાતન મજહબો વચ્ચે સામાન્ય રીતે સૌથી બુલંદ તરીકે કબુલ રખાયલાં કદીમ ઇરાની યાને જરથોસ્તી નીતિશાસ્ત્રની ઘણીજ પ્રતાપી ઇમારત તરફ

* એ સાથ સરખાવો ડૉ૦ ગાઇગરની, Ostîrânische Kultur, સફે ૨૪૬:—તથા L' Muséon (1885), Les Noms Propres Perso-Avestiques, par Th. Keiper, સફે ૨૧૨ ઇત્યાદી.

ડોળા ધુરકતા યુરોપ્યન વિદ્વાનોના વિચારનો ધોરણ એવો છે. તેઓના આધારની તપાસ યુરોપ તથા એશીઆ એ બંનેની તવારીખોમાંથી મળી આવતી પુષ્કળ દલીલોની રોશની વડે કરવાની કદીમ ઇરાની તવારીખના દરેક જરથોસ્તી અભ્યાશીની ગંભીર ફરજ છે. નીતિશાસ્ત્ર સંબંધી જરથોસ્તી ધર્મના બુલંદ વિચારો માટે તેની જે તારીફ યુરોપ્યન આલમાઓએ ઘણુંકરીને એકે અવાજે કીધીછે તેનેજ ફોકટના સંતોષથી વળગી રેહેવું, અને કદીમ જરથોસ્તીઓના આ સવાલને લગતા કહેવાતા રેવાજો વિષે બાહેર પડેલા સુખનો પર આંખમીચામની કરી બેસી રેહેવું, એ જેવું અક્કલથી દૂર તેવુંજ નાપસંદ કરવા જોગ છે. હરેક પ્રજાની નિતીનું ખરૂં માપ તેના લગ્નના કાનુનોપરથી લેવાયછે. મંડળીનો નિતીમાન ટેકાવ કુટુંબમાં સરૂ થઈને પુષ્ટી પામેછે. તે પરથી આ વિચારવું મુશ્કેલ થઇ પડેછે કે, પોતાના નિતી સંબંધી સ્વચ્છ નિયમો માટે સામાન્ય રીતે વખાણ પામેલી, અને પોતાની સખ્ત નિતિમાન આદતો માટે લોકોને મોઢે ચઢી ગયલી, એક પ્રજા—બલકે એક દીન—તેના "હુમત, હુખ્ત, હુવરેસ્ત [પાક મન, પાક કલામો, પાક કામો]" નાં બેહદ કીમતી મનાયલાં ફરમાનોને સ્વાભાવિક રીતે ધોંકો પોંહોંચાડે એવા એક રેવાજને શી રીતે મંજુર રાખે કે લઇ ચલાવે!*

---

* એ સાથે સરખાવો Civilization of the Eastern Irânians પુસ્તક ૧, સફે ૧૬૨—૧૬૩ મે. "એ પરથી ખરેખર તે વખતના ઇરાનીઓની મનની મોહોટી નિતીભરી વળાણની સાબેતી મળેછે, અને એમ વિચારવાને ઘણોજ ગંભીર અને

પણ અહીંઆ મને જણાવવા દેશો કે, જે યુનાનીઓ ઘણાજ અતલગનાં ખેશીઓમાં પરણવા માટે ઇરાનીઓને બદનામ કરતા હતા, તથા જેઓ ખ્રીસ્તી સનેની આગમચ પોતે સૂધારાની જે ઉંચી પંક્તીએ ચઢવા માટે પશ્ચિમ તરફની પ્રજાઓમાં મશહુર થયલા હતા, તેજ યુનાનીઓમાં એ ગોત્રગમન એટલે એકજ લોહી ધરાવતાં ઘણાંજ નજદીકના સગાઓમાં પરણવાની જબુન રસમ કાંઇ અસાધારણ નહીં હતી. જેમકે (૧) સીસરોના વખતમાં થઇ ગયલા કૉરનીલ્યસ નીપૉઝના દીબાચામાં જણાવ્યુંછે કે, "સૌથી માહાન એથીન્યન સાઇમન, પોતાના બાપથી પેદા થયલી બેહેન સાથ પરણવા માટે કાંઇ બેહુરમત થયો ન હતો." (૨) ઇસુની આગમચ પાંચમી સદી પર થઇ ગયલો જાણીતો હાસ્યજનક કવી પોતાની "દેડકાઓ" (The Frogs) નામે હાસ્યરસ

---

બારીક સબબ હાથ આવેછે કે મજદયસ્નાન લોકો, અથવા કાંઇ નહીં તો તેમના ધર્મ-ગુરૂઓ આ વાતની સચાઇ પામી ચુકયા હતા કે ખ્યાલમાં લાવેલા ગુનાહો યાને કોઇ ગુનાહના કીધેલા ખ્યાલનેબી ખરેખર કીધેલા ગુનાહોની સંજ્ઞનાજ ગણવા જોઇએ, અને તેટલા વાસ્તે દરેક સારી અથવા નરસી ચીજનું કારણ મનમાંથીજ સોધવું જોઇએ. એમની બરોબરની અથવા એમના જેવીજ રાજદ્વારી હાલતમાં નિતી સંબંધી જ્ઞાનની આવી બુલંદીએ પોહોંચેલી કોઇ પ્રજા સોધી કાઢવી આસાન નથી." વળી એ સાથ સરખાવો રેવરંડ મી૦ હાર્ડવીકની "Christ and other Masters" સફે, ૫૪૧ :— "કદીમ ખ્રીસ્તી ધર્મ નહીં પાળનારા મુલકોમાં, ઇરાનને તેનાં નિતી સંબંધી જ્ઞાનનાં પ્રમાણમાં સૌથી રોશન જગ્યાઓવચ્ચે વાજબી રાહે મુકી શકાશે."

કવીતાની ૧૩૭૧ મી કલીમાં આ પ્રમાણે જણાવેછે :—
"તેણે યુરીપીદીઝની કવીતા માહેલી કેટલીક કલીઓ મોઢે બોલવા માંડી, જે કલીઓમાં એક ભાઇ, પોતાની સગી મા પણ મતરાયા બાપથી પેદા થયલી બેહેન સાથ પરણવાથી સંકતમાં આવી પડેલો હરકોઇને નજરે પડેછે."
(૩) માઇલીતસના યુબીલીદીઝની વિરૂધ કીધેલી પોતાની અરજીમાં ડીમૉસ્થેનીસ કહેછે કે:—"મારો બપાવો સગા બાપથી પેદા થયલી પોતાની બેહેન સાથ પરણ્યો હતો."* સ્કોલીઆસ્તના જણાવા પ્રમાણે કદીમ યુનાનીઓમાં સાવકી બેહેન સાથ પરણવાની કાયદાથી છુટ હતી. એ બાબદ વિષે જે વિગતો મેકલેનાને એકઠી કીધીછે, તે પરથી સાબેત કરરવાને કારણ મળેછે કે કદીમ સ્પારટનોમાંબી પોતાની એક માથી અવતરેલી બેહેનો સાથ પરણવાની રસમ પડી હતી. વળી મી૦ રાબર્ટસન સ્મીથ પોતાની "Kinship and Marriage in Early Arabia" [પ્રાચીન અરબસ્થાનમાં ચાલતી સગાઇ તથા લગ્નોની રસમ, સફે ૧૬૨] માં જણાવેછે કે:—
"એથન્સમાં આપણે એકજ માથી પેદા નહીં થયલી એવી ઓરમાન બેહનો સાથનાં લગ્નો પાછલા વખતમાં થતાં જોઇએ છીએ, અને એની સાથે સાથેજ, ત્યાં એવી એક લોકકથા ચાલતી માલૂમ પડેછે કે સીક્રૉપ્સની આગમચ

---

* યુનાનીઓમાં થયલાં આવાં ગોત્રગમન લગ્નોના દાખલાઓ માટે હું રૉયલ એશીઆટીક સોસાયટીની મુંબઇની શાખાના પ્રમુખ સર રેમંડ વેસ્ત તથા પ્રૉફેસર જે. ડારમેસ્તેતરનો આભારી છું."

એ શેહેરમાં એક ઓરતે ઘણા ભરથારો કરવાનો ચાલ સાધારણ હતો, અને તેથી ઘણીખરી સગાઈનું જોડાણ ફક્ત માતાઓથી રેહેતું હતું" મી૦ ઉવીલ્યમ આદમ દેખાડી આપેછે કે ઝેનોફનના સૉક્રેતીસના વૃત્તાંતમાં યુનાનીઓમાં માવતરો તથા ફરજંદો વચે ચાલતા એવા વેહેવારનો ઇસારો કીધેલોછે. (જુઓ એના "Consanguinity in Marriage" પરના Fortnightly Review માં આવેલા રીસાલાઓ, પુસ્તક ૨ જું, સફો ૭૧૯.)

એ હકીકતો પરથી ખુલ્લેખુલ્લું જણાયછે કે ઘણાજ પ્રાચીન કાળમાં એકજ લોહી ધરાવતાં ખેશીઓ વચ્ચે પરણવાનો રેવાજ પુરાતન યુનાનમાં ખરેખર હસ્તી ભોગવતો હતો; તેઓ માહેલી થોડીક હકીકતો અતરે આપી છે. એ હકીકતો તેનાં દેશી દફતરો—જેમને રદ કરવા મુશ્કેલ છે—તેઓમાંજ જળવાઈ રહીછે. પણ એપરથી આટલું જણાવવું વાજબી છે કે કદીમ ઇરાનના ગ્રીક તવારીખનવેશોએ કોઇબી પુર્વ તરફની તવારીખ કે ધર્મ પર એકબી શબ્દ લખવા આગમચ, તેઓમાંજ નજદીકનાં સગાંઓવચ્ચેનાં લગ્નો કાંઈ અસાધારણ ન હતાં, તેથી અને વળી કેટલેક દરજ્જે સેમેટીક* પ્રજાઓમાં તથા

---

* યાહુદીઓના કેટલાક પવિત્ર દસ્તાવેજો તેમાં વિષેશે કરીને જેનીસીસ તથા એકસોદસની પોથીઓમાં એવું લખેલું છે કે એબ્રાહામ પોતાની સાવકી બેહેન સારાઈ સાથ, નહોર પોતાની ભત્રીજી મીલકાહ સાથ, એમરામ પોતાની કાકી જોકીબેદ સાથ, અને લોત પોતાની બે બેટીઓસાથ પરણ્યા હતા. જેનીસીસનાં ૧૯ માં પ્રકરણની ૩૬—૩૮ મી કલીઓમાં કહેછે કે:—"એ રીતે લોતની બંને બેટીઓ પોતાના બાપથી

પોતાની કોમમાં એવા રેવાજોની હસ્તીબાબે તેઓ વાકેફ હોવાને લીધેજ સૂધરેલા એરીઅનોમાંબી એમ અતલગનાં ખેશોમાં પરણવાના રેવાજો હોવાવિષે તેઓ ઉપર ટપકે જણાવી જાયછે.

---

હમેલદાર થઇ હતી, અને પેહેલી જન્મેલી યાને વડી દીકરીને બેટો પેદા થયો, અને તેનું નામ મોઆબ પાડયું .... અને નહાની બેટી, તેનેબી એક પુત્ર અવતર્યો અને તેનું નામ બેનામી પાડયું."—એવું કહેવાયછે કે ઘણુંજ પાછલા વખતમાં પાદશાહ હેરોડ ધી ગ્રેટની નબીરી પોતાના કાકા ફીલીપ સાથ પરણી હતી. વળી લુશીઅન (જુઓ Lucian de Sacrificiis) એસીરીઅનોપર એવાં ઘણુંજ અતલગનાં એકજ લોહી ધરાવતા સગાંઓમાં પરણવાનો આરોપ મુકેછે.—ઇસુની પાંચમી સદીપર થઇ ગયલો સ્પેનીશ પ્રેસબીતર ઓરોસીઅસબી પોતાની Historiarum adversus Paganos Libri VII.માં જણાવેછે કે એસીરીઅન પાદશાહ નાઇનસની વિધવા પોતાનાજ બેટા સાથ પરણી હતી, અને પોતાનાં આય નાપાક કામનો કલંક ધોઇ નાખવા માટે પોતાની રૈયતને પણ એવાં લગ્નો કરવાની સત્તા આપી હતી. (જુઓ Fortnightly Review,—મી૰ એડમનાં લખાણો). પુરાતન મીસરી લોકોએ ભાઇ બેહેનો વચ્ચેનાં લગ્નોને કાયદેસરનાં ગણેલાં દેખાયછે (જુઓ Rawlinson's History of Herodotus પુ૰ ૨, સફે ૪૨૯, નોટ ૧); અને અલેકઝાન્દ્રીઅન યાહુદી લખનાર ફીલોના કહેવા પ્રમાણે તેઓમાં પોતાની સગી બેહેન સાથેબી પરણવાની કાંઇ બંધી હતી નહીં, (જુઓ Philo de Specialibus Legibus સફે ૭૭૮.) મી૰ સ્મીથનાં હમણાં હમણાંજ બાહેર પડેલાં પુસ્તકમાં, કદીમ આરબ લોકોમાં એકજ લોહી ધરાવતાં છેક નજદીકનાં સગાંઓ વચ્ચે પરણવાની રસમની હસ્તી માટેનું બયાન આવેલું છે. પણ એશીઆ ખંડની એ પ્રજાઓના સંબંધની એ હકીકતોપર કેટલો એતબાર રાખી શકાય, તે સીધી દલીલોથી સાબેત કરવાનું તેમના ધર્મો તથા તવારીખના અભ્યાશીઓપર રાખુંછું.

પુર્વ તરફની રસમો માટેની યુનાની તવારીખનવેશોની સાહાદતો પર નેધા કરતાં, જ્યારે તૉલેમી (જે ઇસુની આગમચ પાંચમી સદીપર થઇ ગયલા પ્રાકલસના Paraphrasis યાને શરેહો પર આધાર રાખીને) હિંદ, એરીઆના, ગેદ્રોશીઆ, પારથીઆ, મીદીઆ, ઇરાન, બાબીલાન, મેસોપોટેમ્યા, અને આસીરીઆ માટે બોલતાં જણાવી જાયછે કે, "એ દેશોના વતનીઓ માહેલા ઘણાઓ અથવા તેમનો મોહોટો ભાગ પોતાનીજ માવતરોસાથે માહોમાહે પરણેછે," (જુઓ Fortnightly Review માંનાં મી૦ એદમનાં ઉપલાં લખાણો—સફે ૭૧૩ મે), ત્યારે એના કરતાં બીજી કઇ કેફીઅત વધારે ઉપર ટપકેની ને નાપાયદાર હશે ? પણ શું આવા ગંભીર અરોપને એ નાપાયદાર દલીલ ટેકાવી શકશે ? એ હિંદી ઇરાની લોકો, છુટી છુટી કોમો તરીકેબી, તેઓ પર મેલાયલા એવા જબુન ગુનાહ માટે કદીબી તકસીરવાર હતા એમ માનવા અગાઉ,—કાંઇ મુસ્તકીમ દલીલ એટલે કોઇ પાયદાર દાખલાઓની ગેરહાજરીમાં—શું આપણને ઠોબવું લાજમ નથી ?

સરૂઆતમાં આટલા ટીકાઓ કીધા પછી હું મારૂં કાંમ આગળ ચલાઉંછું, અને નીચલાં સીધાંતોમાં જે જે કેફીઅતો સાબેત કરવા માંગુંછું તે રજી કરૂંછું :—

૧—કદીમ ઇરાનીઓ પર મુકાતા તેમનાં ઘણાંજ અતલગનાં સગાંઓ વચ્ચે અતી વાંધાંભરી રીતે પરણવાના નાપસંદ અરોપને ટેકો આપવા માટે યુનાની તથા રૂમી સાહિત્યના સફાઓમાંથી ચુંટી કાઢેના **કેટલાક છુટા છવાયા ફકરાઓની નાપાયદાર સત્તા** તદન નકામીછે.

૨—એવા કોઇ રેવાજ માટે, અવસ્તા કે તેના પેહેલવી તરજુમામાંથી કાંઈબી નીશાન, એસારો કે સુચના દેખાડી શકાશે નહીં.

૩—પેહેલવી ભાષાના એક મશહુર ઇંગ્રેજ વિદ્યાર્થીએ જે પેહેલવી ફકરાઓનો તરજુમો કીધોછે, અને જે ફકરાઓ એવી કોઇ રસમ સાથે નીસ્બત રાખતા ધારવામાં આવેછે, તે ફકરાઓમાં અતસગનાં સગાંઓ વચેનાં લગ્નોની ખાસ ભલામન કીધી હોય એવો કાંઈબી તેમનો અર્થ ઉઠી શકતો નથી. જે થોડાએક પેહેલવી ફકરાઓ એવાં લગ્નો સાથ ખરેખરી નીસ્બત ધરાવતા કહેવાયછે, તે ફકરાઓમાં સંસારમાં બનતા કોઈ ખરેખરા બનાવ બાબે એસારા આવ્યા નથી, પણ તે તો ઇન્સાન જાતીનાં સઉપર પેહેલાં વડવાંઓની પેદાયશને લગતી ભેદી સમજ વિષેના એસારા છે.

૪—યજશનેના ૫૩ મા હા માહેલા ગાથાના એક શ્લોકમાં બચી રહેલા ખુદ પયેગંબર સાહેબ જરથોસ્તના સુખનો, લગ્નના પવિત્ર ગાંઠ માટે ઘણોજ ઉમદા નિતીમાન વિચાર જાહેર કરેછે.*

---

* અહીંઆં, ગાથાની મજમુનપરનાં ડૉ० એલ. એચ. મીલ્સનાં મત તરફ ધ્યાન ખેંચુંછું. "Sacred Books of the East" નાં પુસ્તક ૩૧ ને સફે ૧ માં મજકુર તરજુમોકર્ત્તા જણાવેછે કે: "કદીમ નીતિ સંબંધી જ્ઞાનની નવાઇઓને દરમેયાન (ગાથાના) મોહોટા મરતબા વિષેના દાવાને જ્યાં સુધી લગતું વળગતું છે ત્યાંસુધી તો વાંચનારે આ ખુલાસાપર છુટથી એતબાર રાખવો કે તેની નજદીક એવાં લખાણોનો સંગ્રહ પડેલોછે કે જે—જે લોકોને તે સંભળાવામાં આવ્યાં હતાં, તેમની ધાર્મીક તથા નિતી સંબંધી ખાસીઅતોને

કોઇબી ચોકસ યુરોપ્યન ઓલમાના અવલોકનપર હુમલો કરવાનું ગુમાન નહી રાખીને, પેહેલી દલીલની સાબેતીમાં મારા અદના વિચારો હું રજુ કરૂં છું. પશ્ચિમ તરફના જે યુનાની તથા રૂમી લખનારાઓને ઇરાનની તવારીખ કે ધર્મ સાથ લાગતું વલગતું છે, તેઓમાંથી કદીમ ઇરાનીઓનાં એ અંતલગનાં સગાંઓ વચેનાં કહેવાતાં લગ્નોની બાબદપર આશરે પંદર જણા બોલી ગયાછે, જેઓ ઇસુની આગમચ સાતમીથી તે ઇસુની પછી છઠી સદી સુધીમાં જુદે જુદે વખતે થઇ ગયાછે. તેઓ જેનથસ (આશરે ઇ૦ સ૦ પુ૦ ૬૫૦); હીરૉદોતસ (ઇ૦ સ૦ પુ૦ ૪૮૦ થી ૪૦૯); તેશીઅસ (આશરે ઇ૦ સ૦ પુ૦ ૪૪૦); સ્ત્રેબો (ઇ૦ સ૦ પુ૦ ૫૪ થી તે ઇ૦ સ૦ ૨૪); પ્લુતાર્ક (ઇ૦ સ૦ ૬૬); કરત્યુસ (ઇ૦ સ૦ ૭૦); તરતુલ્યન (ઇ૦ સ૦ ૧૬૦—૨૪૦); ઑરી-

---

ફાયદો કરવાની—દુનિયાંમાં કદી જાહેર નહીં થયલી એવી—દીલસોજી ભરી ખાહેશથી ઘણું કરીને રચાયાં હતાં. એટલુંજ નહીં પણ તે (વાંચનાર) હાલ તુરત તો આએ મત સ્વીકારી શકે કે, **ગાથા** રચાયા તે જમાનામાં અથવા તેની આગમચ, જેવી દીનને લગતી હોશભરી દીલસોજીની નીશાનો તેઓમાં માલૂમ પડેછે તેવી દીલસોજી સીમેટીક (યાહુદીઓની) ધર્મ—પોથીઓ સીવાયે બીજે કેઠેથીબી મળી આવશે નહીં." વળી બીજે ઠેકાણે જણાવેછે કે: "આપણી પાસે જે દલીલો મોજુદ છે તે પરથી તો, તેમના જમાનામાં બીજે કોઇબી ઠેકાણે એવો કોઇ ઇન્સાનનો અવાજ સંભળાયો નહીં હતો, કે જેમાં આવા વિચારો જાહેર થયા હોય. આજે તો તેઓ સાહેબા કેટલાકો ફીલસુફી ધર્મના સામાન્ય વિચારો થઇ પડયાછે; પણ તે વખત સુધી તો તેઓ નહીં સંભળાયલા (**અગુશ્તા**) હતા."

ગેન, ક્લેમેન્સ અલેકઝાંદ્રીનસ, દાયોજીનીસ લેઅરતીઅસ, અને તેશીઅન (જેઓ ઇ૦ સ૦ ની બીજી સદીમાં થઇ ગયાછે), માઇનુતીઅસ ફેલીકસ, અને એથીનીઅસ (ઇ૦ સ૦ ની ત્રીજી સદીમાં); અને આગાથીઆસ (જે આસરે ઇ૦ સ૦ ૫૩૬—૫૩૮ માં થઇ ગયાછે) એઓ છે. એઓ માહેલા તરતુલ્યન, ક્લેમેન્સ અલેકઝાંદ્રીનસ, ઑરીગેન, દાયોજીનીસ લેઅરતીઅસં, એથીનીઅસ, કરતીઉસ અને માઇનુતીઅસ ફેલીકસ એઓ મી૦ એદમનાં કહેવાં પ્રમાણે અતલગનાં સગાંઓમાં પરણવાનો રેવાજ 'કાંઇ પણ તફાવત કે લાયકાત વગર' ઇરાનીઓને સાધારણ રીતે લાગુ પાડેછે. જેનથસને નામે ઉભી કીધેલી બનાવતી કેતાબોમાં તેમજ સ્ત્રેબો તથા તેશીઅનનાં પોતેજ લખેલાં દફતરોમાં—ખાલદી તથા ઇરાની મેજાઇ લોકોના જુદા જુદા ટોળાઓની કાંઇ પણ તફાવત દેખાડનારી હદ દોરીઆ વગર—એકલા મેજીઅન લોકોનેજ એવી રસમો લાગુ પાડેલીછે. હીરૉદોતસ, તેશીઅસ, પ્લુતાર્ક અને આગાથીઆસ ખાસ કરીને કેટલાક મરતબાવાળા આસામીઓનાં નામો જણાવેછે, જેમનાપર તેઓ એવાં ગોત્રગમનના ગુનાહનો આરોપ મુકેછે. હવે આ હકીકતો કયાં જુદાં જુદાં મૂળોમાંથી ઉતપંન થઇછે તેની જો તલાશ કર્યે તો માલૂમ પડેછે કે, તરતુલ્યને, ક્લેમેન્સ અલેકઝાંદ્રીનસે, તથા તેના શાગેર્દ ઑરીગેને, તેમજ ખરેખરા પ્લુતાર્કે આ સવાલને લગતી પોતાની હકીકતોનો આધાર તેશીઅસની સત્તાપર રાખ્યોછે (જુવો એદમનું લખાણ, સફો ૭૧૫;

રાલીન્સન, હીરૉદોતસ પુ૦ ૧, સફે ૭૮ મે). દાયો-જીનીસ લેઅરતીઅસ, સ્ત્રેબો અને કરત્યુસ એઓ જે઼નથસને નામનાં પુસ્તકોપર એતબાર રાખતા દેખાયછે (જુઓ ડૉ૦ વીનડીશમાનનું જરમન પુસ્તક, સફા ૨૬૮, ઇત્યાદી; એદમનું લખાણ, સફે ૭૧૭ મે). એથીનીઅસ અને કરત્યુસના ગ્રંથો તેમજ઼ી આગમચ થઇ ગયલા તવારીખનવેશો, નાટકકારો તથા ફીલસુફોનાં લખાણો-માંથી ઉતારી લીધેલા ફકરાઓના સંગ્રહો ધારવામાં આવેછે. (એ સાથ સરખાવો સ્મીથની 'Classical Dictionary'). કોઇ પાયદાર હકીકતની ગેરહાજરીમાં, તેશીઅન તથા માઇનુતીઅસ ફેલીકસની હકીકતોને, જે઼નથસ, તેશીઅસ, કે હીરૉદોતસ એઓમાંના કોણપરથી ઉપજાવેલીછે તે કેહેવું મુસ્કેલ છે. આપ-ણને મળેલી વધતી ઓછી પાયદાર હકીકતો ઉપર જણા-વેલા ચાર યુનાની લખનારાઓ—એટલે જે઼નથસ, હીરૉ-દોતસ, તેશીઅસ અને આગાથીઅસ-પરથી બીજાના આધાર વગર સ્વતંત્ર રીતે નીકળેલી લાગેછે. તેઓની હકીકતો પરથી પશ્ચિમ તરફના લખનારાઓએ કદીમ ઇરાનની તવારીખને લગતી બીના લીધી હતી એમ ધારી શકાયછે.

તોપણ તેમની શાહાદતને લગતી તલાશમાં ઉભા થતા અતી અગતના તથા અતી સ્વભાવીક સવાલો એ છે કે:—તેમની હકીકતોની સાબેતી શું? તેમની ગવાહી-પર કેટલે મરતબે ભરૂસો રાખી શકાય? શું એ તવારીખ-નવેશોએ આપેલી કેફીઅતોમાં એકએકથી ઉલટી બીના

એવી કાંઇ આવીછે કે તેથી તેમનીજ રેહેબરીપર સંપુર્ણ એતબાર રાખતાં આપણે હઠી જઇએ?

આ વાત તો કબુલ રખાયલીજ છે કે કોઇબી બે પ્રજા એક બીજાંની રીતભાંતો તથા રેવાજો પુરતી રીતે સમજવાને કદીબી ફતેહમંદ ઉતરી નથી. જો એવો મામલો હાલ આપણા પોતાનાજ જમાનામાં દેખાયછે—કે જયારે ખબર મેળવવાનાં સાધણો પુષ્કળ તથા નજદીકમાંજ મોજુદ હોયછે—તો, એ કદીમ અઇયાંમોમાં કે જયારે ખબરનાં સાંધણો ઘણાંજ કમ અને અચોકસ હતાં ત્યારે એક જુદી પ્રજાના રેવાજો પુરતી રીતે જાણવા માટે શું આશા રાખી શકાય? વળી કોઇબી ચોકસ યુનાની લખનારપર એકદમ ભરૂસો મેલતાં સંભાળ રાખવાની જરૂર છે. જેનથસના બાબમાં, પોતાનાં મરણ પછી બાહેર પડેલાં જરમન પુસ્તકમાં આપેલા જરથોસ્તને લગતી રૂમી તથા યુનાની લખનારાઓની હકીકતોપરના રીસાલામાં (સફે ૨૬૮ મે) ડૉ૦ વીનડીશમાન કહી જાયછે કેઃ—"જેનથસનાં (ઇ૦ સ૦ પુ૦ ૫૨૯ નાં) પુસ્તકો તેણે પોતે લખ્યાં હતાં કે નહી તે બાબે એક પાછલા લખનાર નામે કેસેનદ્રાના આરતીમને કેટલાએક શકમંદ વિચારો જાહેર કીધા હતા, અને તે માનતો હતો કે પાંચ સદી પછી ઇસકંદ્રીઆના કોઇ રેહેવાસી નામે દાયોનીશીઅસ સ્કાઇતોબ્રેશીઑને (જે આશરે ઇ૦ સ૦ પુ૦ ૧૨૦ પર થઇ ગયોછે તેણે) જેનથસને નામે એ લખાણો ટપકાવી દીધાં હતાં." આ વિચારને એ લખનારના કહેવા પ્રમાણે તેના ઉસ્તાદ પ્રૉફેસર

વેલકરથી મુસ્તકીમ ટેકો મળેછે. વળી ડૉ૦ સ્મીથેબી પોતાની "Classical Dictionary" માં એવું મત જાહેર કીધુંછે કેઃ—"લીડીઆની જે તવારીખ કદીમ લોકો જેનથસને નામે ધરાવતા હતા, અને જે માહેલા કેટલાક અગત્યના મોહોટા ટુકડાઓ આપણી પાસ હાલ મોજુદ છે, તે તવારીખનાં ચાર પુસ્તકો તેણે પોતેજ લખ્યાં હતાં કે નહીં તે માટે કેટલાક પુરાતન વ્યાકરણ-કર્ત્તાઓએજ શક ઉઠાવ્યો હતો. હાલના વિદ્યાર્થીઓમાં એ કેતાબનાં ખરાંપણાં માટે જબરી રીકજીક ચાલેછે. આટલું તો ચોકસ છે કે તેના હાલમાં બચી રહેલા એ ટુકડાઓ માહેલી ઘણીએક બાબદો બનાવતી છે."

મી૦ જી. રૉલીનસન પોતાની "History of Herodotus" ના દીબાચામાં સફે (૬૭-૬૮ મે) કહેછે કેઃ—"સારદીસ તથા જે બીજે ઠેકાણે એ રાજકર્ત્તી (ઇરાની) કોમનાં મોહોટાં લશ્કરો હમેશાં રેહેતાં હતાં, ત્યાં અકસર કરીને જે **સીપાહો તથા જુદા જુદા દરજાના અમલદારો સાથે** હીરૉદોતસ સંબંધમાં આવતો હતો, તે સીપાહો તથા અમલદારો હીરૉદોતસને ખબર આપનારા ઇરાનીઓ હોય એવું દેખાયછે. એક ઇરાની પ્રજા તરીકે તે જનમ્યો અને ઉછર્યો હતો; અને જોકે તેનાં પોતાનાં શેહેરમાં ઇરાનીઓ કવચીતજ આવતા હોય તોબી યુનાની રાજયોની હદ બાહેરનાં ઇરાની મુલુકોમાં બધેબધ ઇરાનીઓથીજ રાજદ્વારી અમલ-દારોનો વર્ગ બનેલો હતો, અને વળી મોહોટાં મોહોટાં શેહેરોમાં પણ મોહોટે ભાગે તેમનીજ વસ્તી થયલી

હતી. **હીરૉદોતસે ખુદ ઈરાન દેશમાં કદીબી પગ મુકયો હોય અથવા તો જયાં એરીઅન (ઈરાની) તત્વનું જોર વધારે હોય એવા કોઈ મુલકમાં ગયો હોય** એમ માનવાને કાંઇ કારણ નથી. એપરથી ઇરાની મજહબના બાબમાં તેણે કીધેલી ચુકોના સબબો જણાઇ આવેછે, કે જે મજહબને તે સુસોઆના, આરમીનીઆ, અને કેપેદોશીઆમાં ચાલતી સીથીઅન ઢપની પરસ્તેશ સાથે ભેળી નાખેછે. . . . . . વળી તે સાથે હીરોદોતસનાં મનની કુદરતી વળાણ જે બાબદ કવી કલ્પનાથી ભરપુર અને નવાઇ જેવી હોય તે પસંદ કરવાપર ઢળતી હતી, અને જયાં એકએકથી ઉલટી જાય એવી વાર્તાઓમાંથી એકુ ચુંટી કાઢવી હોય તો, ગદયરૂપી યાને સાદી એબારતની અને સાધારણ વાતોને રદ કરીને અદભુત કલ્પનાથી ભરેલી અસાધારણ વાર્તા પસંદ કરવાપર તેનું મન વધારે દોડતું હતું. . . . . . એમ હોવાથી જયાં જયાં એણે આપેલા અહેવાલને ઇરાનના કદીમ લેખો (પાહાડોપરનાં કોતરકામો તથા ખીલારોકા હરફોના લેખો) સાથ સરખાવામાં આવેછે ત્યાં ત્યાં, તેના કેટલાક ભાગો તપસીલ બે તપસીલ આબાદ મળતા ઉતરે, અને બીજા ભાગોમાં બોહોળો અને જાણુવાજોગ તફાવત પડી જાય એવો અજબ જેવો અંતર માલૂમ પડેછે. માટે ભાયગે હાલમાં શોધી કાઢેલા ઇરાની લેખો ઘણાજ કમ હોવાથી એ રીતનો સીધો મુકાબલો મુશ્કેલે થઇ શકેછે; પણ કેટલાક ખરેખર ધ્યાન આપવાજોગ દાખલાઓમાં કાંઇ નહીં તો તેના

કેટલાક ખબર આપનારાઓએ પોતાની તવારીખનાં બયાનો એ યાદગારીના લેખોપરથી લીધાં હોય એવું અનુમાન વાજબી રીતે કરી શકીયે છીએ; અને વળી જાણે હીરૉદોતસને એ સલતનતનાં દફતરખાનાંઓમાં જાળવી રાખેલા ચોકસ અગત્યના દસ્તાવેજો જાતે તપાસવાની છુટ મળી હોય. એવું દેખાયછે."—મી૦ રૉલીનસનનું મત ગમે તે હોય, તોપણ હીરૉદોતસે ઇરાની મજહબના સ્થાપનાર બાબે જે બીલકુલ ચુપકીદી અખ્ત્યાર કીધીછે, તેપરથી એક વાત તો ખુલ્લીજ જણાઇ આવેછે કે જે ઇરાની ખબર આપનારાઓપર હીરૉદોતસે આધાર રાખ્યો હતો તેમની સચાઇ શકથી તદન દૂર નહીં હતી. જ્યારે એવું માનવામાં આવેછે કે જરથોસ્ત અને તેના કાયદાઓ વિષે જેનથસ જણાવી ગયોછે, જ્યારે પ્લેતો જે હીરૉદોતસ પછી પંચાવન વરસોપર થઇ ગયો હતો,—અને તેથી તેણે પણ હીરૉદોતસનાં જેવાંજ જુનાં મૂળોમાંથી પોતાના અહેવાલો ઉપજાવ્યા હશે,—તે જરથોસ્ત વિષે ખુલ્લે ખુલ્લો ઇસારો કરેછે, ત્યારે હીરૉદોતસ, જેણે ઇરાની રીતભાતો તથા ઇરાની મજહબનું આટલી મેહેનતથી બયાન કીધુંછે, તેજ ધણી તે સરજમીનના પયેગમ્બર તથા તે દીનના સ્થાપનારનાં નામથી શી રીતે નાવાકેફ હોય એ વિચારવું મહાલ લાગેછે. શું એપરથી આ અનુમાન નહીં કાઢવું જોઇએ કે, જે આસામીઓ મેજાઇઓ તરફ સારો ભાવ રાખતા ન હતા, તથા જેઓ તેટલા વાસ્તે તેમના નામાંકીત પયેગમ્બરનું નામ જાહેર કરવાને નારાજી હતા તેવા

આસામીઓએ કહેલી ફક્ત મોઢેની કથાઓપરથી હીરૉદોતસે મેજીઅન યાને મજ્દયસ્નીની દીનની વાકેફ્ગારી મેળવી હતી ?

આગળ જતાં મી૦ રૉલીનસન (સફે ૭૭ મે) ટીકા કરેછે કેઃ—"ઘણાએક પ્રાચીન લખનારાઓ, તેમાં બે ઘણીજ મોહોટી ઇજ્તવાળા, એક આરતેજ્રકસીસ નીમનનો પાદશાહી તબીબ તેશીઅસ, ને બીજો પ્લુતાર્ક-બલકે જે લખનારે તેનું નામ છુટથી અખત્યાર કીધુંછે તે—એઓએ તવારીખનવેશ હીરૉદોતસની સચાઇને વખોડી નાખીછે, અને એવું મત દેખાડયુંછે કે તેનાં દાસ્તાનને વજ્ન આપવો ઘટતો નથી. તેમાં તેશીઅસે પોતાની આગમચ થઇ ગયલા આ માહાન લખનાર,—જેની કીર્તી તોડીને તે પોતે કીર્તીવાન થવા માંગતો હતો, તેની સચાઇપર ઉપરઉપરથી હુમલો કરીને પોતાનાં પુસ્તકને તેના સ્વદેશીઓનાં ધ્યાનપર ઠસાવાને અનુકુળ પડતું બનાવેલું લાગેછે. પોતાની તવારીખથી હીરૉદોતસની તવારીખ રદ થાય એ તેની નેમ હતી અને તેનાં સાથ ફસાહતભરી એબારતબંદીમાં હરીફાઇ કરવી ફોકત છે એમ જાણતો હોવાથીજ-પોતે શાહની દરબારમાં સતર વરસોસુધી રહી આવ્યો હતો તેથી પોતાનો દાવો વધારે ધ્યાન આપવા જોગ છે એવું અભીમાન રાખીને તે હીરૉદોતસની સત્તા રદ કરવાપર મંડયો હતો. 'પુર્વ તરફની હકીકતો મેં ઇરાની દફતરખાનાંઓની ઘણીજ મેહેનતથી તપાસ કરીને લીધીછે,' એવો દાવો કરીને, જયાં જયાં તેનાથી પોતે પકડાઇ આવવાની ધાસ્તીવગર

બન્યું ત્યાં ત્યાં, તેણે પોતાના હરીફનાં કહેવાંને જુઠું પાડવાની કોશેશ કીધી હતી; અને એ પ્રમાણે—જે કીર્તી તથા મોભો તેની વિદ્યાસંબંધી લાયકાતથી ખચીત નહીંજ મળતે, પણ તેણે લીધેલી નીંદાખોરી રાહાથીજ માત્ર હાંસલ કરી શકતે તે—કીર્તી અને મોભો તે કેટલેક દરજ્જે ખાટી જવા પામ્યો હતો. ઘણીજ પાક બેહયાઇ-થી તે પોતાનાં દાસ્તાનને કદીમ આલમનાં મનપર, એ બનાવોનાં રાસ્ત અને ખાલેશ બયાન તરીકે ઠગાઇથી ઠસાવવામાં ફાવી ગયો હતો, અને કાંઇ નહીં તો ખાસ પુર્વ તરફની તવારીખને લગતી સઘળી બાબદો માટે હીરૉદોતસને બદલે તેની સત્તાપર સામાનય રીતે અમલ કરવામાં આવતો હતો."

હવે તેશીઅસના બાબમાં તેજ લખનાર જણાવેછે કે:—"ખરેખર કદીમ જમાનામાંબી એરીસ્ટૉટલ અને ખરા પ્લુતાર્ક જેવા કોઇ કોઇ વધારે નુક્તેચીન ખવાસના લખનારાઓની ખુટ નહીં હતી; તેઓ એ નીદીઅન હકીમની હકીકતોને કાંઇબી વાંધા વગરની માનવાને ના પાડતા હતા, અને જે અસત્યનો કલંક તેણે હીરૉ-દોતસને લાગુ પાડયો હતો તે સામો તેનેજ સીર ચઢાવતા હતા. તોપણ એ બંને લખનારાઓના એકએકથી ઉળટા અહેવાલોની બરાબર પરિક્ષા જેથી થઇ શકે એવા ઉગમણ તરફના મુસ્તકીમ દસ્તાવેજો મળી આવે નહી ત્યાંસુધી તો તેશીઅસને જુઠું લખવા માટે કાયદેસર તકસીરવાર ઠેડવવો મુશ્કેલ હતું. યાહુદીઓનાં ધર્મ પુસ્તકો તથા બેરોસસની દેશી તવારીખ સાથ તેનાં લખાણોનો મુકા-

બલો થતાંજ, તેશીઅસનાં બદગુમાનપર પેહેલવેહેલો સામાન્ય શક ઉઠયો હતો, અને તેની વિરૂધ જતી ગવાહીઓ આગળ આજના થોડાજ વિદ્વાનો તેની ઇજ્જત જાળવવાની હીંમત કરી શકેછે. આખેરે થોડુંકપર થયલી ખીલારોકા લેખોની શોધોપરથી તેની રહી સહી ઇજ્જતને છેલો જબરો ધોંકો લાગ્યોછે, જે શોધોપરથો તેનાપર, સાહીત્યની તવારીખમાં કદી જાહેરમાં નહીં આવેલાં એવાં 'અતીઅંત જુઠાંણાંની' રીતથી આશકાર થવાની કોશેશ કરવાનો વાંક સાબેત થાયછે."

એ પરથી જણાશે કે તવારીખનવેશ ગ્રોતના ટીકા વાજબી છે કે :—"એક એકથી ઉળટી તોપણ એક સરખી રીતે માનવામાં આવેલી વાર્તાઓના ફેલાવાની આ એક સાબેતીછે. એવો કમયાબ અને તુરતનો ઉગેલો રોપો તે તવારીખની સચાઇ છે."

હવે પેલો બાઇજેનતાઇન લખનાર આગાથીઆસ, જે ઇસુની પછી છઠી સદીની અધવચમાં થઇ ગયોછે, તેનાં પુસ્તકોની તો વધારે સંભાળથી તપાસ થવી ઘટેછે. એ ઉપરાંત દાયોજીનીસ લેઅરતીઅસને વારંવાર 'ગલ્લત અને સાધારણ અક્કલથી ઉલટાં' (unphilosophical) લખાણો કરનાર કહેવામાં આવે છે. વળી આજના નુકતેચીનો ખરા પ્લુતાર્કની ગવાહીપરબી વારંવાર શક લઇ જાયછે. સ્ત્રેબોની ભૂગોળના ૧૫ માં પુસ્તકમાં મેજાઇ લોકોનાં કહેવાતાં એ અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નોના સંબંધમાં આવેલો ફકરો ઘણોજ ટુંકો અને આસપાસની

બાબદોથી ભલતોજ છે, જેને જે વાકયમાં તે આવ્યોછે તે વાકયની મુખ્ય બાબદ યાને ઇરાનીઓમાં ગુજરેલાંને ઠેકાણે પાડવાની રીત સાથ કાંઇ પણ સંબંધ નથી.* તેટલા વાસ્તે જેમ જેનોફનનાં ગ્રંથનાં પુસ્તક ૮, પ્રકરણ ૫ ને સફે ૨૬ મે એવાં પાછળથી ઘુસાડેલાં લખાણો જણાયાંછે, તથા જે લખાણોને બોર્નેમન, શ્નીદર, અને દીનદોર્ફ જેવા તેના સઘળા સત્તાદાર ટીકાકારોએ એમ પાછળથી ઘુસાડેલાં જાહેર કીધાંછે, તેની મુવાફેક ઉપલી સ્ત્રેબોની ભૂગોળમાં આવેલા એ ફકરાનેબી કોઇ નહીં જણાયલા વાંચનારે પાછળથી ઘુસાડેલો વાજબી રીતે ગણી શકાય.

વળી આ પણ યાદ રાખવું જોઇએ કે કેટલાક ગ્રીક ફીલસુફો, જેવા કે ડીમૉક્રીતસ (જે ઇ૦ સ૦ પુ૦ ૪૬૦ પર થઇ ગયોછે), તેશીઅસના વખતમાં થઇ ગયલો દીનૉન, પ્લેતો, યુદોકસસ, હરમીપૉઝ, થીઓપૉમપૉઝ, અને આરીસ્ટૉટલ જેઓએ જરથોસ્તી મજહબ અને રેવાજોનાં કીધેલાં કાંઇક પાયદાર બયાન માટે સારીપેઠે જણાયલાછે, તેઓનાં પુસ્તકોમાં કદીમ ઇરાનીઓના ઘણાંજ અતલગનાં ખેશીઓ વચ્ચે પરણવાના એ કહેવાતા રેવાજ બાબે સેહેજબી નીશાન કે એસારો આવ્યો નથી.

આ પ્રમાણે, પુરાતન ઇરાનીઓની એકજ લોહી ધરાવતાં છેક નજદીકનાં ખેશીઓમાં પરણવાની એ કહેવાતી રસમ માટે યુનાની તથા રૂમી લખનારાઓએ

---

* "Géographie de strabon," traduit du Grec en Français, tome cinquième, a Paris, de l'Imprimerie Royale, 1819, p.p. 140-141.

આપેલી હકીકતો કાંઇબી રીતે શકથી દૂર નથી એવું સાબેત કરવા સારૂ મતોની મોહોટી સંખ્યા ટાંકી શકાશે. વળી જે યુનાની લખનારાઓએ પ્રત્યેક શખ્સોના સંબંધમાં મજકુર લગ્નોની રસમો કદીમ ઇરાનીઓને લાગુ પાડીછે, તેઓ માહેલા કેટલાકોને એમ કહેવાના કાંઇ સબબો મળી આવ્યા હશે એ વાતનો હું ઇનકાર કરવા માંગતો નથી; પણ તેમની એક બીજાંથી ઉલટી જતી ગવાહીઓનું કોણ સમાધાન કરી શકે? કોણ જેનથસ અને આગાથીઆસની એ બાબદમાં એકએકથી વિરૂધ જતી હકીકતોનો ફેસલો કરી શકે? જેઓમાં પેહેલો મેજાઇ લોકોપર પોતાનાં માવતરો સાથ પરણવાનો આરોપ મુકેછે, જયારે બીજો આરતેજરકસીસ નીમનનાં મુખમાં એવા સુખનો મેળેછે કે જે સુખનો એવી રસમોને તે સરજમીનના કાયદાઓથીજ માત્ર ઉલટી કહીને નહી, પણ વળી જરથોસ્તી દીનનાં ફરમાનોનીબી વિરૂધની જણાવીને ધીઃકારી કાઢેછે. હખામીનીઅન વખતના લેખોમાં એવી રસમો માટે કાંઇ પણ એસારો આવ્યો નથી, તેમજ આપણી પાસે ખુદ હખામીનીઅન કે અર્શકાન્યન પાદશાહોના વખતનાં એવાં દેશી તવારીખનાં લખાણો મોજુદ નથી કે જેમનાપર એ મુકાબલો કરવા માટે આપણે કાંઇબી આધાર રાખી શકયે.—અફસોસ! કે અમો જરથોસ્તીઓનું કદીમ સાહીત્ય વીખરાઇને નાશ પામ્યુંછે, જે જો જળવાઇ રહ્યું હતે તો તે આપણને કદીમ ઇરાની સૂધારાની ખરેખરી તવારીખ જાણવામાંજ માત્ર

નહીં, પણ એવા સઘળા નહીં માનવા જોગ બટ્ટાઓનો આસાનીથી રદીઓ આપવામાંબી મદદગાર થઇ પડતે.

એટલું છતાં પણ આપણી વિરૂધવાળાઓ તરફથી સવાલ ઉભો થાયછે કે:—એકબાર્ગી કબુલ કર્યે કે રૂમી તથા યુનાની લખનારાઓની હકીકતો કેટલેક દરજજે શક ભરીછે; તોપણ જયારે યુનાની લખાણોમાં ચોકસ ઇરાની પાદશાહો કે સતાદાર આસામીઓનાં પોતાનાં એકજ લોહી ધરાવતાં છેક નજદીકનાં ખેશીઓમાં પરણુવા બાબે જણાવ્યુંછે, ત્યારે હખામીનીઅન પાદશાહોના દોર-માં એવાં લગ્નોનો રેવાજ સાધારણ હતો, અથવા તો એવાં લગ્નો કાયદાપુરવક ગણાતાં હતાં એમ શું આપણે વાજબી રીતે માન્યે નહી? ખરૂં છે કે હીરૉદોતસ તથા પ્લુતાર્ક એવાં કામો કમબાઇસીસ ત્રીજા તથા આરતે-જરકસીસ બીજાને લાગુ પાડેછે. હીરૉદોતસ કમબા-ઇસીસ વિષે પોતાના અહેવાલમાં જણાવી જાયછે કે (જુઓ પુસ્તક ૩ જું, ફ૦ ૩૧ મો ઇત્યાદી):—

"બીજો (અનર્થ જે કમબાઇસીસે કીધો તે) પોતા-ની બેહેનને મારી નાખવાનો હતો, જે તેની સાથે મીસર દેશ ગયલી હતી, અને જે જોકે તેનાંજ માત પિતાથી અવતરેલી તેની સગી બેહેન થતી હતી, તોપણ તેના સાથ તેની મોહોરદાર તરીકેજ રેહેતી હતી. તેણીને પોતાની ધણીઆણી બનાવવાને જે રીત તેણે વાપડી હતી તે નીચે મુજબ હતી:—તેના વખતની આગમચ ઇરાનીઓમાં પોતાની બેહેનો સાથ પરણુવાનો રેવાજ ન હતો,—પણ બન્યું એમ કે કમબાઇસીસ પોતાની

એક બેહેનપર આશક પડયો, અને તેને પોતાની મોહો-રદાર બનાવવાને ચાહાતો હતો, પણ તે જાણતો હતો કે એ તો **અસાધારણ વાત** હતી, તેથી તેણે બાદશાહી ન્યાયાધીશો (કાયદા શાસ્ત્રીઓ) ને ભેગા કીધા ને તેમની આગળ સવાલ મુકયો કે 'એક ભાઇ જો પોતાની બેહેન સાથ પરણુવા ચાહે તો તેને તેમ કરવાની છુટ આપે એવો કોઇ કાયદો છે ? '—હવેં એ બાદશાહી ન્યાયાધીશો ઇરાનીઓમાં ચોકસ ચુંટી કાઢેલાજ શખ્સો હોયછે, જેઓ પોતાનો એ ઓધો મોત સુધી, અથવા તો કાંઇ ગેરવર્તણુકને માટે તકસીરવાર જણાય ત્યાંસુધી ભોગવે-છે. તેઓ ઇરાનમાં ઇનસાફ ચુકવેછે, અને સઘળા વાંધાઓનો ફેસલો તેમના ચુકાદાપર રાખેલો હોવાથી તેઓજ ત્યાંના કદીમ કાયદાઓ સમજાવનારા હોયછે. તેટલા વાસ્તે જયારે કમબાઇસીસે એ ન્યાયાધીશોને પોતાનો સવાલ પુછયો ત્યારે તેઓએ એવો જવાબ વાળ્યો જે એકી વખતે સાચો અને **સલામતી ભર્યો** હતો.—તેઓએ જણાવ્યું કે—'એક ભાઇને પોતાની બેહેનને પરણુવાની છુટ આપે એવો કોઇ ધારો અમોને જડતો નથી, પણ અમોને એક એવો કાયદો મળી આવ્યોછે કે ઇરાનીઓનો પાદશાહ પોતે ચાહે તે કરી શકે.' અને એ પ્રમાણે તેઓએ કમબાઇસીસથી ડરીને કાયદાને ઉલટા-વ્યોબી નહી, તેમજ તે કાયદાને બેહદ મજબુતીથી વળગી રહીને પોતાની ખુહારીબી કીધી નહી; પણ શાહની મદદે એક બીજો ભલતોજ ધારો લાવ્યા જેથી તેની ઇચ્છા પુરી પાડવાને બની આવે. તેપરથી કમબાઇસીસ

પોતે જે બેહેનપર આશક હતો તેની સાથ પરણ્યો, અને ત્યારબાદ થોડીજ મુદતમાં પોતાની બીજી બેહેનનેબી મોહોરદાર બનાવી. આ માહેલી નાહાની બેહેન અથવા ધણીઆણી તેના સાથ મીસર ગઇ હતી, અને ત્યાં તેને હાથે કતલ થઇ હતી." ........ તેણીનું મોત શી રીતે આવ્યું તે બાબે "જે વાર્ત્તા યુનાનીઓ કહેછે તે એ છે કે એક વખતે કમબાઇસીસે એક સીંહણનાં બચ્ચાં સાથ લડવાને એક નાહાનો કુતરો છોડી મુકયો હતો—તે વખતે તેની ધણીઆણી તમાશો જોતી બેઠી હતી. હવે કુતરો બાજી ખોહોવાની અણીપર આવતો હતો, જેવામાં તેજ વેતમાહેલું એક બીજું કુડકુડીઉં સાંકળ તોડીને પોતાના ભાઇબંધના મદદે આવ્યું; ત્યારપછી બંને કુતરાઓએ સાથે મળીને સીંહને હરાચો. એ બનાવથી કમબાઇસીસ ઘણો ખુશ થઇ ગયો, મગર તેની બેહેન જે પાસેજ બેઠી હતી તે તો આંસુ ખેરવવા લાગી. આ જયારે કમબાઇસીસે દીઠું ત્યારે તેણીને રડવાનું કારણ પુછયું, તે ઉપરથી તેણીએ જણાવ્યું જે 'પેલા નાહના કુતરાને પોતાના ભાઇની મદદે આવતો જોઇને મને (મારા ભાઇ) સ્મરદીસ બાબે ખયાલ આચો કે તેને મદદ કરનાર કોઇ નહીં હતું.' યુનાનીઓ કહેછે કે આમ બોલવાને માટે કમબાઇસીસે તેણીને મારી નાખી હતી."

પણ હેલીકારનેસસના એ તવારીખનવેશ (હીરૉદોતસ) ની ઉપલી હકીકતોપરથીજ આ શું ખુલ્લું જણાતું નથી કે—અગર આપણે ફકત યુનાનીઓનીજ ગવાહી-

પર ઘડીભર ભરૂસો રાખ્યે તોબી—કમબાઇસીસનાં તેની બેહેન સાથનાં લગ્ન તે કાંઇજ નહીં, પણ ઇરાનમાં કદીબી રાજ કરી ગયેલા સૌથી જાલમમાં જાલમ એક પાદશાહનું એકાદ કામ હતું, અને પોતાના રાજકર્ત્તાના ક્રુર અને ખુની ખવાસને લીધેજ, મજદયસ્નાન લોકોના કાનુનથી બેહદ અધર્મી ગણાતાં આં લગ્નપર મોબેદો તેમજ આમ લોકોને ચુપકીદી અખત્યાર કરવી પડી હતી ? અને શું આવા એક વિષઇ અને ઘાટકી રાજાનું આ કામ એટલું પુરતું સત્તાદાર છે કે, તેપરથીજ આપણે એ રેવાજનો કલંક તમામ ઇરાની પ્રજાને લાગુ પાડવામાં, અથવા તેમના ધાર્મીક લેખોમાંથી તેની નીશાન શોધી કાઢવામાં વાજબી કહેવાઇએ ? બીજું વધારે આ યાદ રાખવું કે કમબાઇસીસ પોતાના ધર્મગુરૂઓ તરફ બીલકુલ માન ધરાવતો ન હતો, પોતાના લોકોમાં ચાલતા અરોગ્યતા જાળવવાના (મરણ પામેલાંને ઠેકાણે પાડવા વગેરેના) કદીમ કાનુનનો તીરસ્કાર કરતો હતો, અને પોતાની દીનને થોડુંજ વજન આપતો હતો.* એની

---

* એ સાથ સરખાવો S. B. E. પુ૦ ૪ થા માં, પ્રૉફેસર ડારમેસ્ટેટરવાળી 'જંદ અવસ્તા' ભાગ ૧ લો, સફે ૪૫ મો :— "જો આપણે દીનના કાનુનો પસાર કરીને રસમપર આવ્યે તો, આપણને માલૂમ પડેછે કે હખામીન્યન પાદશાહો, મજદયસ્ની દીનમાં આપેલાં ઘણાંજ અગત્યનાં ફરમાનનો કાં તો અનાદર કરતા હતા, અથવા તો તે ફરમાનથી તેઓ નાવાકેફ હતા. અવસ્તામાં જણાવ્યા પ્રમાણે, મુરદાંને જમીનમાં દાટવું, એ ઇન્સાનથી થતા ઘણાજ અજીમ ગુનાહો માહેલો એક ગુનાહ છે; આપણને રોશન છે કે, સાસાન્યન પાદશાહાતના અમલમાં એક વડા વજીર નામે સીયોસીસને તે કાયદો

સાબેતીમાં આટલું કહેવું બસ છે કે જે પ્રજા વચ્ચે મુડદાં દાટવાનું કામ ધીઃકારભર્યું ગણાતું હતું, તે પ્રજા વચ્ચેજ એ રસમને ઉત્તેજણ આપવાની તેણે કોશેશ કીધી હતી. તેપરથી આ અનુમાનપર આવવું ગેર-વાજબી નથી કે ઈરાનીઓએ જીતેલા મીસરી તથા યુનાની લોકોમાં ચાલતાં એવાં લગ્નોથી કમબાઈસીસ માહીત-ગાર હતો તેથીજ તેનાં પોતાની બેહેન સાથનાં કહેવાતાં લગ્નનો સબબ ઉભો થયો હતો, અને તેવાં લગ્નો એક શખ્સ જે પોતાની વિરૂધનો કાંઈબી વિચાર કે સુખન સાંખે નહીં, તથા જે પોતાના હવસોને તૃપ્ત કીધા વગર પાછો હઠે નહીં, તેવો તુંદ ઝનુનવાલો આસામી (કમ-બાઈસીસ) અમલમાં લાવ્યો હતો.

અહીંઆં આગળ વધતાં આટલું જણાવા દેશો કે, પોતાની બેહેન સાથ એમ પરણનારો સપરપેહેલો ઈરાની તે કમબાઈસીસજ હતો એવાં હીરોદોતસનાં કહેવાની સચાઈપર જે યુરોપ્પન વિધાર્થીઓ* શક લઈ જાયછે,

તોડવા માટે મોતની સજા થઈ હતી. જરથોશ્તી દીનનાં ફરમાન પ્રમાણે મુડદાંઓને પાહાડોની ટોંચપર મુકવાં જોઈએ કે ત્યાં પંખીઓ અને કુતરાંઓ તેમનો ભક્ષ કરે (જે રસમ આજેબી પારસીઓમાં ચાલુ છે); મુડદાંને એમ ખુલાં મુકવાં એ મજદયસ્નની દીનની ઘણીજ આશ્ચર્યકારક રસમ હતી, અને તે પ્રમાણે અમલ કરવો તે, એ દીન કબુલ કરવાની નીશાની હતી. હવે હખામીન્યન અમલમાં તો મુડદાંને દાટવાની મનાઈ નહીં હતી, એટલુંજ નહીં, પણ તે તો સામાન્ય રસમ થઈ પડી હતી."

* જુઓ કેપીઅરની L'Musèon નું ૧૮૮૫ માં બાહેર પડેલું પુસ્તક સફે ૨૧૨-૨૧૩ મે.

તેમની સાથ એકમત થવું મુશ્કેલ છે. એવાં લગ્નોનો નિયમ ક્રમબાઇસીસનાં રાજની આગમચ ઘણા લાંબા વખતનો હસ્તીમાં આવી ચુકયો હતો, એવું એ વિદ્યાર્થીઓનું અનુમાન, મજકુર તવારીખનવેશની હકીકતો કરતાંબી વધારે શક ઉપજાવનારૂં છે એમ હું તો માનુંછું; અને આગળ ચાલતાં જયારે હું મારી બીજી દલીલ વિષે સાબેતી આપીશ ત્યારે મારાં એ કહેવાંની પણ સાબેતી મળશે.

એક બીજો હખામીનીઅન પાદશાહબી પોતાની બેટીઓ સાથ પરણ્યો હતો, એવો એસારો પ્લુતાર્ક તેશીઅસ અને તેનાં મત પ્રમાણે ચાલનારાઓની સત્તા-પરથી કીધોછે. પ્લુતાર્કના આરતેજરકસીસ બીજાનાં જન્મચરિત્રના લેંગહૉરને કીધેલા તરજુમા પ્રમાણે એ યુનાની ઇતિહાસકર્ત્તા કહેછે કે:—

"આરતેજરકસીસે યુનાનીઓને જે નાખુશીના સબબો આપ્યા હતા, તેમનો બદલો જે કામથી તેઓ બેહદ રાજી થાય તે કામ બજાવીને તેણે કેટલેક દરજજે વાળી આપ્યો હતો. તે કામ એ હતું કે તેમના સૌથી કટ્ટા દુશ્મન તીસાફરનીસને મારી નખાવ્યો. આ કામ તેણે થોડું ઘણું પેરીસાતીસની ઉશ્કેરણીથી કીધું હતું, જેણે તીસાફરનીસપર મુકાયલા અરોપોમાં નવા અરોપો ઉમેર્યા હતા . . . . . . . આ વખતથી પેરીસાતીસ પોતાની દરેક યુક્તિમાં પાદશાહને રાજી રાખવાનું, અને તેની કોઇબી ઇચ્છાની વિરૂધ નહીં જવાનું કામજ લઇ બેઠી હતી; જેથી તે તેનાપર સંપુર્ણ કાબુ મેળવવા

પામી હતી. તેણીએ જોઇ લીધું હતું કે તે પોતાની એક બેટી નામે એતોસાપર ઘણોજ મોહીત પડયો હતો. ખરેખર, તે પોતે તો એ વાત પોતાની માતાથી છુપાવાની કોશેશ કરતો હતો, અને જાહેરમાં દાબી દેતો હતો. પણ પેરીસાતીસને જેવો એ વાતનો સંસારો માલૂમ પડયો કે તેવીજ તે પોતાની નબીરીને હમેશ કરતાં વધારે લાડ લડાવા લાગી, અને આરતેજ઼રકસીસ આગળ તેણીની ખુબસુરતી તથા સારાં સલુખની તારીફ કરવાનું જારી રાખ્યું, જે ખુબસુરતી તથા સલુખમાં કોઇ તાજને બરની મોહોટાઇ તથા લાયકાત સમાયલીછે, એવી તેની ખાતરી કરવા લાગી. આખરે યુનાનીઓના કાયદા તથા વિચારોની પરવાહ ન કરતાં તેણીને પોતાની મોહોરદાર બનાવવા માટે સમજાવા લાગી. તે કહેતી કે 'ખુદાએ તને ઇરાનીઓનો ધારો (બાંધનાર), તથા ખરા ખોટાં માટેનો નિયમ (ઠેડવનાર) બનાર્વ્યોછે.' "

હવે, આ ફકરા પરથી શું તર્ક બાધ્યે ? કાંઇજ નહી પણ એટલુંજ કે આરતેજ઼રકસીસ તેની બેટીના સંબંધના પોતાના ઇશક઼ને દરેક વાતે પોતાની ઇજ઼તને નુકસાનકારક, તથા દરેક વાતે પોતાની રૈયતને નાપસંદ અથવા કાયદાથી ઉલટો ગણુતો હતો, અને તેટલા વાસ્તે તે પોતાની માતાથી તેમજ લોકોથી છુપાવાની કોશેશ કરતો હતો. એ પરથી વળી એવો સારાંશ ખેંચી શકયે કે એક હદ વગરની સત્તા ધરાવનાર ઇરાની પાદશાહનું તેની બેહેન કે બેટી સાથનું લગ્ન એવું કામ હતું, કે તેમાં ઇરાની કાયદા કે રૈયતની બીલકુલ પસંદગી ન

હતી, એમ દેખાડવામાં હીરૉદોતસ તથા પ્લુતાર્કની હકીકતો એક બીજાંને મળતી ઉતરેછે. અગર થોડાએક વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે એ કામની સત્તા અવસ્તામાં આપી હોય,—અગર એ રસમ ગુજશ્તે જમાનાના ઇરાનીઓમાં સારી પેઠે જાએજ થયલી હોય,—તો, કમબાઇસીસ જેવા બેહદ ઝનુની પાદશાહને એ સવાલનો ફેસલો ન્યાયાધીશોથી ચાહાવાને, અથવા આરતેજરકસીસને પોતાની બેટી માટેનો પ્યાર લોકોની જાણથી છુપાવાને શું દુન્વિ સબબો મળ્યા હશે? એ ઉપરાંત આપણી પાસે આગાથીઆસની ગવાહી મોજુદ છે કે આરતેજરકસીસે પોતાનાં ઘણાંજ અતલગનાં સગાંઓમાંથી આવેલી પરણવાની માંગણીઓ ધીઃકાર સાથ ના પાડી હતી, એવી દલીલથી કે એ કામ એક સાચા ઇરાનીના ધર્મથી તદન ઉલટું હતું. જો આપણે એ વાત માન્ય કર્યે તો, એવા પાદશાહે પોતાનીજ બેટીને કદીબી મોહોરદાર બનાવી હોય એમ વિચારવું માહાલ થઇ પડેછે. આગાથીઆસ તરફની ખુદ એ ગવાહીના પાયાપરજ મી૦ ઉવીલ્યમ આદમ (સફે ૭૧૮ મે) ટીકા કરેછે કે: "પણ જયારે પાદશાહી કુટુંબના આરતેજરકસીસ તરફથીજ એવો સબબ બતાવવામાં આવે, ત્યારે જે જબુન કલંકો એકલા ઇરાનીઓનેજ નહીં, પણ મેજયન લોકો અથવા રાજકર્ત્તા વર્ગોને પણ લાગુ પાડવામાં આવેછે, તે કલંકો જમીનદોસ્ત થઇ જાયછે."*

---

* આરતેઝરકસીસ નીમનનાં પોતાની બેટી સાથનાં આ કહેવાતાં લગ્ન વિષેના સવાલપરથી મને સાએર ફીરદોસીએ પોતાના પેહેલવાનોનાં મશહુર ફારસી દાસ્તાન **શાહનામામાં**

જો કે તેશીઅસનાં પુસ્તકોને તેનાજ સ્વદેશીઓ નહીં મનાય એવી, તથા બેઅંદાજે જોડી કાઢેલી વાર્તાઓ અને કલ્પિત કથાઓથી ભરપુર હતાં એમ સામાન્ય રીતે માનતા હતા,—તથા પ્લુતાર્કનાં કહેવા પ્રમાણે તેઓ ઘણીજ બેવકુફીભરી બીનાઓ તથા ખુલ્લે ખુલ્લી કથાઓથી ઉભાઇ જતાં હતાં,—તોપણ આપણને કબુલ

---

આપેલી હકીકત યાદ આવેછે, કે ઇસ્પંદીઆર (અવસ્તા-**સ્પેન્તો-દાત, પેહલવી-સ્પંદ-દાદ**) નો બેટો બેહમન (પેહલવી-**વોહુમન**) જેને વળી કૈયાનીઓનો અર્તક્ષતરખી કહ્યોછે—જે પરથી આરતેઝરકસીસ લોન્ગીમેનસ (અરદેશીર દરાજદસ્ત) તથા તેના આરતેઝરકસીસ નીમન સુખીના વારેસોને એ પાદશાહ સાથે એક કરી નાખવામાં આવ્યાછે—તે પોતાની બેટી હુમાઇ સાથ પરણ્યો હતો. આવું દાસ્તાન આખાં શાહ-નામામાં એકજ આવ્યુંછે. તોપણ તે **બુન્દેહેશના** બાબ ૩૪ મા, ૫૦ ૮ મામાં આવેલા એસારાપરથી—જોકે ભુલચુકથી—ઊભું થયુંછે. તેમાં [illegible] એ શબ્દ જે પેહેલવીમાં બે જુદે જુદે અર્થે વપ-ડાયોછે, તેના આવી જવાથી બે જુદા અર્થો ઊતપન થાયછે. જે પેહલવી ફકરાપર ફીરદોસીએ આધાર રાખ્યો હશે તે આ પ્રમાણે આવેછે:—[illegible] અત્રે [illegible] એ શબ્દનો પેહેલો અર્થ બેટી-દીકરી થાયછે; બીજો જે કોઇ બીજા સાથ શાદીના ગાંઠથી જોડાયો હોય, એવો ઊઠેછે. એપરથી એ ફકરાનો તરજુમો (૧) વોહુમનની બેટી હુમાઇએ ત્રીસ વરસ (રાજ કીધું). (૨) હુમાઇ જે વોહુમન સાથ શાદીથી જોડાઇ હતી, તેણે ત્રીસ વરસ (રાજ કીધું) એમ થાયછે. પાછલનો તરજુમો તેટલા વાસ્તે વધારે શુદ્ધ છે, અને તે વળી سلطان محمود ملکشاه سلجوق સુલતાન મહમુદ મલેકશાહ સલજુકનાં રાજ (હીજરી સને ૫૩૭—૫૫૧ સુધી) માં ઘણીજ મેહેનતે લખાયલાં બેહમન પાદશાહનાં **બેહેમન-નામા** તરીકે જણાયલાં જન્મ ચરિત્રમાં આપેલી બીના સાથ મળતો ઊતરેછે, જેમાં જણાવેછે કે હુમાઇ જેને વોહુમન (બેહમન) પરણ્યો હતો,

કરવું જોઇએ કે તેના પછી થઇ ગયલા ગ્રીક લખનારાઓ, આરતેજરકસીસ નીમનના સંસારી વૃત્તાંતના સંબંધ-

---

તે કાંઇ તેની પોતાની બેટી નહીં હતી, પણ એક મીસર દેશના પાદશાહ નામે نصرجارث નસ્રજારસની બેટી હતી:—બેહમને

فرستاد بُوزين يل را بخواند
وزين در فراوان سخنها براند
که پيري بنزديک من يافت راه
همي پُشتِ من کرد خواهد تباه
چنين روزگارم بپايان رسيد
نيامد کس از گُهرِ من پديد
دلِ من چنان کرد يکباره راي
که آرام گيرد جهان بر هماي
چه گويئ سپارم بدو تخت گاه
جز آن کي کند کس تو بيند سپاه

.... .... ....

نگهدار تاج کيان بر هماي
فرامش مکن بند آن رهنماي
زمن بار دارد چو آيد پديد
از او شهرياري نبايد بريد
اگر دختر آرد گر آرد پسر
بنه بر زمان بر سرش تاج زر
زمانه سخن در دهانش شگفت
بدندان آن اژدهاکش بخفت

માં,—ઈરાનની દરબારમાં સતર વરસો સુધી તે શાહના તબીબ તરીકે રહી આવેલા તવારીખનવેશ યાને તેશીઅસ કરતાં બીજા કોઈ વધારે ભરૂસેદાર તવારીખનવેશપર આધાર રાખી શકતે નહીં. એ સબબને લીધે ઘણાએક યુનાની ઈતિહાસકર્ત્તાઓ જેઓ તેનાં મત પ્રમાણે ચાલતા હતા, તેઓએ ઘણું કરીને આરતેજ્રકસીસનાં તેની બેટી સાથનાં કહેવાતાં લગ્નનાં તેશીઅસનાં રંગીન દાસ્તાનપરથી, એ વાતને કદીમ ઈરાનીઓમાં એવાં અતગલનાં સગાંઓમાં પરણવાની રસમ સાધારણ હતી એવું સામાન્ય રૂપ આપી દીધેલું લાગેછે. જ્યાંસુધી તેશીઅસને લાગતું વળગતું છે ત્યાંસુધી, એ વાતમાં તે ગમે એટલી હદવેર સાચો તથા પ્રમાણીક હોય, તોપણ આરતેજ્રકસીસની માદર પેરીસાતીસનાં લક્ષણો તથા કારસ્તાનોપરથી આ તકરાર લાવી શકાયછે કે તેની પોતાની બેટી એમીસ્ત્રીસ તે તીરીતુખ્મીસની ધણીઆણી તથા આરતેજ્રકસીસની બેહેનનાં ખુન માટેના તેણીના કીનાનો નિર્દોષપણે ભોગ થઈ પડેલી સ્તાતીરા (આરતેજ્રકસીસની મરહુમ રાણી) નાં બચ્ચાંઓની વિરૂધ,—એ રાજમાતાની અદાવત તથા ઘણાંજ ઘાતકી વેરને તૃપ્ત કરવા માટે,—તેશીઅસે આપેલાં બયાનની મતલબવાળી કોઈ નિંદાભરી વાર્ત્તા પાદશાહના જનાનામાં ફેલાવવામાં આવી હોય. વળી આ પણ અસંભવિત નથી કે એતોસાના તેણીના પિતા સાથનાં લગ્ન બાબેનું તેશીઅસનું દાસ્તાન અસલમાં ફક્ત કીનાખોર પેરીસાતીસ તરફથીજ જાહેરમાં આવ્યું હોય, અને એ

લખનાર જે ગંભીર સચ્ચાઇને બદલે તાજુબીભરી બનાવતોનાં બ્યાનો આપવાને વધારે પસંદ કરતો હતો, તેણે તે દાસ્તાન ઉતારી લીધું હોય. પુર્વ તરફનાં દેશોની તવારીખમાં મત્રાઇ માતાઓએ અથવા સાસુઓએ વટીક સાવકી બેટીઓ કે વહુઓપર મુકેલાં ગોત્રગમનના ગુનાહનાં ક્પટભર્યાં બોહોતાનો કાંઇ અસાધારણ નથી. તેટલા વાસ્તે આવું અનુમાન થઇ શકેછે કે, એ યુનાની લખનારે એકબાગી ઇરાની શાહના સંસારી વૃતાંતના સંબંધમાં કાંઇ બનાવતભરી વાત પોતે જોડી કાઢી નહીં હોય, તોપણ આવી ધીઃકારવાજોગ વાતને જાહેર થવાને, અને તે વાતનો આરતાજરકસીસનાં જન્મચરિત્રના અસલ લખનારનાં મનપર ગંભીર સચ્ચાઇ તરીકેનો મજબુત છાપ પડવાને—કોઇ સંસારી નીંદાને લગતું—વધારે મુસ્તકીમ કારણ મળ્યું હશે.

એ ઉપરાંત થોડાએક યુરોપ્યન વિદ્યાર્થીઓ આરતાજરકસીસ નીમનની તવારીખમાંથી એવાજ બીજા બનાવપર એસારો કરતા જણાયછે. તેઓ તેશીઅસનાં લખાંણોમાંથી સોધી કાઢેછે કે, પાદશાહનો બનેવી અને એમીસ્ત્રીસનો ભરથાર તીરીતુખ્મીસ પોતાની બેહેન રોખ્શાના સાથ પરણ્યો હતો. ઉપલા વિદ્યાર્થીઓની વિદ્વતા તરફ પુરતું માન ધરાવીને, એ યુનાની લખનારના અસલ સુખનો,—જેમાં હું સમજવાને તાકાત રાખુંછું ત્યાંસુધી તો કાંઇબી રીતે લગ્નનો ખ્યાલ સમાયલો નથી, તે સુખનો—તમારાં ધ્યાનપર લાવવાની રજા માંગુંછું. પ્લુતાર્કનાં બનાવેલાં જન્મચરિત્રોનાં લેંગહૉર્ને કીધેલાં

અંગ્રેજી ભાષાંતરમાં (પુ૦ ૩ જું, સફે ૪૫૧ મે) આવતા એક ફકરા પ્રમાણે તેશીઅસ જણાવેછે કે:—"(પાદશાહ આરતાજરકસીસ બીજાની રાણી) સ્તાતીરાનો ભાઇ તીરીતુખ્મીસ જે જનાકારી, ગોત્રગમન તથા ખુનના ભેળા વાંકો માટે તકસીરવાર હતો તે......દરાયસની બેટી તથા આરસાસીસની બેહેન હેમીસ્ત્રીસ સાથ પરણ્યો હતો; જે લગનની બરકતથી પોતાના બાપનાં મરણ પછી તેની હકુમતપર પોતાનીજ સ્થાપના કરાવવાને તે પુરતો વગ ચલાવી શકયો હતો. પણ તેટલામાં તો તે પોતાનીજ બેહેન રોખ્શાનાપર આશક પડયો અને પોતાની મોહોરદાર હેમીસ્ત્રીસને મારી નાખવાનો હેડાવ કીધો." આગળ ચાલતાં કહેછે કે, "આ ઇરાદાની ખબર દરાયસને પડવાથી તેણે તીરીતુખ્મીસને મારી નાખવા માટે તેનાજ એક જાની મિત્ર નામે ઉદીઆસ્તીસને રોકયો, જેને પાદશાહ તરફથી ઇનામમાં તેના પ્રાંતની હકુમત મળી હતી." આવી તેશીઅસની ખુલ્લી ગવાહી છે; પણ એમાં એવું કાંઇ જણાવ્યું નથી કે તીરીતુખ્મીસ કોઇ કાળેબી રોખ્શાનાસાથ પરણ્યો હોય. અત્રે દેખીતી રીતે એક બદફેલ બેરાદરે પોતાની બેહેન માટે રાખેલા બુરા હવસની બાબદ આવીછે. એ ઉપરાંત વળી આ પણ યાદ રાખવું કે અહીંઆં ફરીથી તેશીઅસનીજ વાર્ત્તા સાથ કામ લેવુંછે, જે વાર્ત્તાને સ્વભાવિક રીતે તીરીતુખ્મીસ તરફ દરબારમાં ફેલાયલા તિરસ્કારનાં પરિણામ તરીકે, અને વળી તેની ધણીઆણી તે પેરીસાતીસની બેટીનાં તેણે કીધેલાં ઘણાજ કરપીણ ખુનના જોડી કાઢેલા

હેતુ તરીકેબી ગણી શકાય. તે પેરીસાતીસ રાણીએ પોતાના દામાદપરનો, અને જે બીજા કમનસીબોપર તેને મદદ કરવાનો શક હતો તે સઘળાઓપરનો પોતાનો કીનો તૃપ્ત કરવાને ઘણીજ ઘાતકી યુકતીઓ રચી હતી. આ વાર્તાને ગમે તે મૂળમાંથી ઉભી થયલી ધાર્યે, તોપણ તીરીતુખ્મીસ પોતાની મોહોરદાર એમીસ્ત્રીસને મારી નાખવા બાદ ફરીથી પરણ્યો હોય, એ નક્કી કરવું હજી મુશ્કેલ છે.

સીસીમીથ્રીસ નામના કોઇ નહીં જણાયલા શખ્સના સંબંધમાં, કરત્યુસ જેવા લખનારનો માત્ર એકલો એસારો આપણું ધ્યાન રોકવાને પુરતો નથી.

હવે આપણે સાસાન્યન જમાનાને લગતાં એક નામપર આવ્યે, જે ખરેખર સાડી ચારસોથી વધારે વરસોની લાંબી મુદતના અરસામાં બનેલા ઘણાંજ અતલગનાં સગાંમાં પરણવાના માત્ર એકજ સીધા દાખલા તરીકે, ગ્રીકોનાં કહેવા પ્રમાણે, જણાવામાં આવેછે. એ નામ તે મશહુર પાદશાહ નોશીરવાનના પિતા કોબાદ પેહેલાનું છે. તે પોતાની દીકરી સાંમબીક સાથ પરણ્યો હતો એમ આગાથીઆસ જણાવી જાયછે. તોપણ, આ જાણવાજોગ છે કે, પ્રોફેસર રૉલીનસન કે સાએર ફેરદોસી એ બેમાંથી એકબી એ બનાવની નોધ લેતા જણાતા નથી. એ છતાં પણ, કોબાદનાજ બેટાના વખતમાં થઇ ગયેલા લખનાર આગાથીઆસના અહેવાલપર સંપુર્ણ ભરૂસો રાખતાં, અહીંઆં જે જે અસરો અથવા અસરકારક બનાવોથી પાદશાહ એ કામ કરવાને લલચાયો હોય, તે અસરો અથવા બનાવોપર વિચાર કરવો

જોઇએ. તેનાં રાજના તે ભાગની તવારીખ તપાસીએ, કે જેમાં મજ્દકની ઠગાઇ, અને તેણે પોતાનો નજીસ ધર્મ-મત જાહેર કરીને જે અસર તે નબળાં મનના પાદશાહપર કીધી હતી, તેમનું બ્યાન આવેલું છે. મજ્દક કહેતો હતો કે :—" ખુદાની દૂરઅંદેશીથી બધાં માણસો એકસરખાં જનમ્યાંછે,—કોઇબી આ દુનિયાંમાં કાંઇ માલમતા, અંથવા બીજાના કરતાં વધારે (માલ કે સત્તા) ધરાવાનો કાંઇ કુદરતી હક લેતું આવ્યું નથી. માલમતા તથા લગ્ન એ ખુદાની ખાહેશથી ઉલટી રીતે કીધેલી માત્ર ઇન્સાની બનાવતો કે શોધો છે, જે ખુદાઇ ખાહેશ પ્રમાણે તો આ દુનિયાંની સઘળી સારી ચીજો સઘળાંઓ વચ્ચે એકસરખી રીતે વેહેંચી નાખવી જોઇએ, અને જે ખાહેશ કોઇ ચોકસ ઓરતોને અમુક શખ્સોએજ ખાસ રીતે હાંસલ કરવાની મનાઇ કરેછે. માલમતા અને લગ્નના કાનુનપર ટકી રહેલી રૈયતોમાં, લોકો, જે સારી જણસો તેમના જાતભાઇઓ ગેરવાજબી રીતે પચાવી બેઠા હોય તેમાં વાજબી હીસ્સો લઇને પોતાના સ્વભાવિક હકો કાયદેસર પુરવાર કરી શકે. જનાકારી, ગોત્રગમન, ચોરી, એ કાંઇ ખરેખરા ગુનાહો નથી, પણ તે તો એવી મંડળીઓમાં કુદરતના નિયમો ફરીથી સ્થાપવા માટેના જરૂરના ઇલાજો છે." (જુઓ રૉલીનસનની " The Seventh Great Oriental Monarchy " સફે ૩૪૨ મે ઇત્યાદી).

મજ્દકના સબકો આવા હોવાથી, એક વિષઇ રાજકર્તા જે પોતાના વધારે ખાલેશ મજહબના નિતી-

ભર્યાં આંકુશને બદલે તે સબક ખુશીથી સ્વીકારે, તેવા રાજાને તેની કેવી લાલચો લાગવી જોઇએ તે આસાનીથી દેખાઇ આવેછે. એ ગમે તેમ હોય તોપણ કોબાદના એ નવા મજહબમાં વટળવાથી તેની રૈયતે એક મોહોટું બંડ ઉઠાવ્યું જેનો અંત એ પાદશાહનાં પદભ્રષ્ટ થવામાં, તથા તેનાં "કેસ્ટલ આંવ ઑબ્લીવ્યન માંહે" કેદ પડવામાં આવ્યો હતો. હવે પાદશાહનાં આ ગોત્રગમન તથા જનાકારીનાં કામના લોકોએ કીધેલા ફતેહમંદીભર્યા અટકાવપરથી આ શું સાબેત થતું નથી કે, સ્ત્રી પુરૂષ જાતીને લગતા નિતીસંબંધી કાયદાનો કોઇબી રીતે ભંગ થાય તેની વિરૂધ ઇરાનીઓના વિચારો હતા? જે ધર્મ-મત મજદકીઅન કુફરોએ સ્વીકાર્યો હતો, તેના સંબંધમાં આગાથીઆસના અહેવાલમાં એક અગત્યની બીના જોવા જોગ છે, તે એ કે, તે ખાતરીથી જણાવેછે કે એકજ લોહી ધરાવતાં ઘણાંજ અતલગનાં ખેશીઓ વચ્ચેનાં લગ્નો જેવા અઝીમ ગુનાહો થોડું થયુંજ ઇરાનમાં દાખલ થયા હતા. અગર તેજ વખતે થઇ ગયેલા એ લખનારના આ ટીકા સ્વીકાર્યે તો તેથી શું આગળી સઘળી સત્તાઓને જબરો ધોકો પોહોંચતો નથી? મી૦ એદમ (સફે ૭૧૬ મે) વાજબી રાહે ટીકા કરેછે કે:—"પણ જો 'એ અઝીમ ગુનાહો થોડુંકનાજ (ઇરાનમાં) દાખલ થયા હોય' તો તેથી તેશીઅસ પછીની જે આગળી વધારે કદીમ સત્તાઓ એ ગુનાહોનો વધારે જુના વખતમાં થયલો ફેલાવો કબુલ કરી જાયછે, તે સત્તાઓ રદ થાયછે."

હવે, કદીમ જમાનાના ઇન્સાનોના વિચારો તથા રસમો માટે અટકળે વિચાર કરનારાઓએ ઉઠાવેલાં સઘળાં કલ્પિત અનુમાનોને નહીં ગણકારતાં, જે થોડીએક દલીલો ઉપર જણાવેલી ગવાહીઓની તપાસ લેતાં મારાં મનમાં સ્વભાવિક રીતે આવીછે, તે દલીલો રજુ કરૂંછું. જે ધ્યાન આપવાજોગ પેહેલી બીના છે તે 'બેહેન,' 'દીકરી,' 'મા,' એ શબ્દોને વગર વિચારે બેદરકારીથી વાપડવાથી ઉઠતો ગુંચવાહો દૂર કરવા માટેની છે. કેટલાએક પુર્વ તરફના યાને એશીઆ ખંડના લોકોમાં 'બેહેન' એ એલકાબ માત્ર સગી બેહેન અથવા પોતાનાંજ માવતરોથી અવતરેલી બેટીનેજ લગાડવામાં આવતો નથી, પણ નજદીકની કે દૂરની પિત્રાઇઓ, ભોંજાઇઓ કે નડણો, સહીઓ ઇત્યાદીનેબી પ્યારભર્યો લકબ તરીકે લગાડવામાં આવેછે. તેમજ દીકરીપરથી કાંઇ કોઇની પોતાનીજ બેટીનો અર્થ ઉઠતો નથી, પણ તેપરથી ભાઇની કે બેહેનની બેટી, અને ઘણું કરીને કોઇ ખેશીની બેટીની પણ મતલબ ઉઠેછે. એજ પ્રમાણે 'મા' એ લફજનો અર્થ કોઇની માદર અથવા માવતરનોજ ઉઠતો નથી, પણ હરેક ઉમરે પોહોંચેલી બાનુ જે કુટુંબમાં વડીએલ હોવાનું માન ધરાવેછે, તેણીને વાતચીત કરતાં માનને ખાતર એ લકબ લગાડેછે. વળી આ જાણવું અગતનું છે કે કદીમ ફારસી (પાજંદ) અથવા પેહેલવીમાં નડણ ભોંજાઇઓ અથવા પિત્રાઇ બેહેનોને સગી બેહેનોથી પારખવા માટે કોઇ સ્પષ્ટ શબ્દો મળી આવતા નથી. તેટલા વાસ્તે, જેમને

હીરૉદોતસ, તેશીઅસ અને બીજાઓ બેહેનો તથા બેટીઓ સમજી ગયાછે, તેઓ કદાચ અતલગની પિત્રાઇઓ કે સગીઓ હશે એમ માનવા માટે ઉપલો ખુલાસો કાંઇ તાણી તોડીને કીધેલો જણાશે નહીં. તેજ પ્રમાણે એવો તર્ક બાંધી શકાય કે એક કુટુંબની ઘણીએક ઓરતોનાં એકજ નામ હોવાથી કોઇ ચુક થઇ જાય. એ રીતે ધણીઆણી અને બેટી (મા દીકરી,) અથવા ધણીઆણી અને બેહેન (નડણ ભોંજાઇ), કે ધણીઆણી અને મા (સાસુ વહુ) એમનાં એકજ નામ હોવાથી, જે બીના એકને માટે કહેવાઇ હોય, તે બીજીને ખોટી રીતે લાગુ પડે. પારસી કુટુંબોમાંથી એવા અસંખ દાખલાઓ મળી આવશે જેમાં ઘેરની વડી બાનુ અથવા ધણીઆણીનું નામ તેણીની કોઇ વહુ કે પિત્રાઇ બેહેન વિગેરેનાં નામ સાથ મળતું આવેછે.

પણ એ બાબદપર યુનાની અને રૂમી લખનારાઓની ગવાહીઓનાં જે તપસીલવાર દૃષ્ટાંતો હીરૉદોતસ, તેશીઅસ, અને આગાથીઆસનાં પુસ્તકોમાં મળી આવેછે, તથા જે દૃષ્ટાંતો ઘણાએક વાંધાઓને પાત્ર છે, તેપરથી કોઇબી એવો તર્ક તો કાઢી શકશેજ નહી કે, એકજ લોહી ધરાવતાં ઘણાંજ અતલગનાં સગાંઓના લગ્નો કદીમ ઇરાનીઓ તેમાં ખાસકરીને મેજાઇઓ (મોબેદો) માં એક પ્રજાતરીકે સાધારણ અને કાયદેસરનાં ગણાતાં હતાં. એકીમીનીઅન પાદશાહને તે સરજમીનના અને ત્યાંની દીનના કાયદાઓથી ચઢીઆતો યાને તે કાયદાઓના આંકુશની હદની બાહેર

ધારવામાં આવતો હતો, એવી યુનાનીઓની હકીકતજ દેખાડી આપેછે કે તેની બદફેલી અથવા ઘણાં અતલગનાં ખેશોમાં થયલાં તેનાં લગ્ન કે જનાકારી, તેના રાજના મુકરર કીધેલા કાયદાઓથી ઉઠતાં હતાં. તેમજ કોબાદ પેહેલાના વખતમાં લોકોએ એવાં ગોત્રગમનનું કામ સખ્ત અટકાવ વગર પસાર થવા દીધું ન હતું. વળી પશ્ચિમ તરફના જે તવારીખનવેશો કમબાઇસીસ, આરતાજરકસીસ નીમન, કોબાદ તથા તીરીતુખ્મીસપર એમ પોતાની બેહેનો કે બેટીઓ સાથ પરણવાના આરોપો મુકેછે, તેમની એ જબાની એકબાર્ગી માન્યબી કર્યે, તોબી, આ વાત ધ્યાનમાં લેવી જોઇએ કે, એક હજારથી વધુ વરસોની લાંબી મુદતમાં માત્ર એટલાજ મુઠીભર દાખલાઓ તેઓ એકઠા કરી શકયાછે, અને તેથી કદીમ ઇરાનીઓમાં એવાં ગોત્રગમનનાં લગ્નો કાયદાથી સત્તાવાર ગણાતાં હતાં, તથા તે સાધારણ રીતે અમલમાં આવતાં હતાં, એવાં, એ બનાવોને આપેલાં ઉપરટપકેનાં સામાન્ય રૂપને ટેકો આપવાને એ દાખલાઓ પુરતા નથી. કૉરનીલીઅસ નીપૉઝ, ડીમાસ્થેનીસ અને એરીસ્તોફેનીસના સંબંધમાં ભાઇ બેહેનો વચ્ચે પરણવાના દાખલાઓ મળેછે, તેટલાંજ કારણથી એ રેવાજ બધા સૂધરેલા યુનાનીઓને લાગુ પાડવો જેવું અક્કલથી ઉલટું છે તેવુંજ, ઉપલા જુજ દાખલાઓપરથી એ રેવાજ તમામ પુરાતન ઇરાનીઓને લાગુ પાડવો ગેરવાજબી છે. અગર માહાભારતમાં એવું જણાવેછે કે પેલા પાંચ પાંડવ રાજકુમારો જેઓ પાકી

બ્રહામણી કેળવણી પામ્યા હતા, તેઓ પાંચે એકજ બાયડી પરણ્યા હતા, તો તેપરથી બ્રહામણી કાયદો* અથવા ધર્મ જે ખુલ્લેખુલ્લું જાહેર કરેછે કે (મેક્સમુલર, History of Ancient Sanskrit Literature સફે ૫૩ મે; મેકલીનાન સફે ૨૧૫ મે) "એક પુરૂષની ઘણી બાયડીઓ હોય, પણ એકજ સ્ત્રીના ઘણા ધણી હોય નહી," તે કાયદાની અથવા ધર્મની હસ્તી ના પાડવી જોઇએ ? અને વળી પુરાતન બ્રહામણી ધર્મ પાળનારા સઘળા હિંદુઓ જેઓ એશીઆખંડની કદીમ પ્રજાઓ વચ્ચે ઘણાજ પ્રખ્યાત અને અતી બુદ્ધીમાન લોકો ગણાતા હતા તેમનાપર એક સ્ત્રીને ઘણા ભરથારો કરાવવાનો અરોપ મેળવો જોઇએ ?

મેં ઉપર જે કહ્યુંછે તે પરથી, યુનાનીઓની ગવાહી પોતાની મેળેજ એકમેકથી જુદી પડી જાયછે, અને તેમનાપર કાંઇબી એતબાર રાખીને કદીમ ઇરાનીઓનાં લગ્નોના રેવાજના સંબંધમાં કાંઇ નક્કી મત બાંધવું

* એ સાથ સરખાવો ડૉ॰ જૉલીના 'તાગોર લૉ લેકચરસ' (૧૮૮૩) સફે ૧૫૫. ડૉ. જૉલી કહેછે કે:—"પણ પ્રૉફેસર બુલરની તપાસપરથી થોડુંક થયું મને મારા વિચારો ફેરવવા પડયાછે, જેણે મને બતાવી આપ્યુંછે કે બે જુદી જુદી સ્મૃત્તિઓમાં એકથી વધારે ભરથારો પરણવાના ચોકસ રેવાજ માટે એસારાઓ આવેલાછે. અપસ્તંબ (૨. ૧૦, ૨૭, ૨-૪) માં એક આખાં કુટુંબ (કુળ) માં એકજ કન્યા આપવાનાં મના કીધેલા રેવાજ માટે કહ્યુંછે. બૃહસ્પતી પણ એજ શબ્દોમાં તેજ ચાલ માટે એસારો કરેછે." આગળ ચાલતાં તે કહેછે કે-અપસ્તંબ એ ચાલને પ્રાચીન પંડીતોએ ઠેડવેલા પુરાના, પણ આજે નકામા થઇ પડેલા ચાલ તરીકે કહી જાયછે.

બેહુદું છે એ આસાનીથી જણાઇ આવશે. તેટલા વાસ્તે મારી પેહેલી દલીલમાં મેં જે ખાતરી ભર્યો વિચાર જણાવ્યો હતો, તે અત્રે પાછો રજું કરૂં છું, કે :—

"કદીમ ઈરાનીઓપર મુકાતા તેમના ઘણાજ અતલગના સગાંઓ વચ્ચે અતી વાંધા ભરી રીતે પરણવાના નાપસંદ અરોપને ટેકો આપવા માટે, યુનાની તથા રૂમી સાહીત્યના સફાઓમાંથી ચુંટી કાઢેલા કેટલાક છુટા છવાયા ફકરાઓની નાપાયદાર સ-તા તદન નકામી છે.

૨—બીજી દલીલ—"એવા કોઈ રેવાજ માટે, અવસ્તા કે તેના પેહેલવી તરજુમામાંથી કાંઈબી નીશાન, એસારો કે સુચના દેખાડી શકાશે નહી."

એની સાબેતીમાં, સૌથી પેહેલાં, એ બાબદપર અવસ્તાનું શું મત છે તેની તથા કદીમ ઇરાનીઓમાં કહેવાતાં ઘણાંજ અતલગનાં સગાંઓમાં પરણવાના એ રેવાજનું મૂળ અવસ્તાનાં કોઇબી ફરમાનપરથી શોધી શકાય કે નહી, તેની તલાશ કરવાની જરૂર છે. યુરોપ્યન ઓલમાઓનાં મત પ્રમાણે જે શબ્દથી એવાં લગ્નની મતલબ ઉઠેછે તે અવસ્તામાં ખ્‌એત્વદથ તથા પેહેલવીમાં ખ્વેતૂક-દાત્‌ અથવા ખ્વેતૂક્‌-દસીહ છે. તેટલા વાસ્તે ઇજ્‌સ્ને હા. ૧૨ મો, ફ૦ ૯ મા (સ્પીગલનાં દફતરમાં ઇજ્‌સ્ને હા. ૧૩ મો, ફ૦ ૨૮ મા) માં આવેલા ખ્‌એત્વદથ

શબ્દમાં આપણી તકરારને લગતાં ઘણાંજ અતલગનાં સગાંઓ વચેનાં લગ્નનો એસારો આવ્યોછે, એવી દલીલ જે યુરોપ્યન ઓલમાઓ પોતાની તકરારની તરફેણમાં લાવેછે, તે દલીલ તપાસવાની આપણી મતલબ છે.

અવસ્તામાં **ખ્.એત્વદથ** એ શબ્દ માત્ર પાંચ ફકરાઓમાં આવેછે, જેમાંનો દરેક ફકરો, એ અસલ લખાણોના—ગાથા સીવાયે—જુદા જુદા ભાગોને લગતો-છે; જેમકે ઇજ્. હા. ૧૨ મો, ફ૦ ૯ મો; વીસ્પરદ હા. ૩ જો, ફ૦ ૩ જો; વંદીદાદ પરગરદ ૮ મી, ફ૦ ૧૩ મો; યશ્ત ૨૪ મી, ફ૦ ૧૭ મો; અને ગાહ ૪ થી, ફ૦ ૮ મો (વેસ્તરગાર્ડનાં પુસ્તક પ્રમાણે) ; એઓમાંથી જે વિચાર ગાહ ૪ થી (એવેસરૂથ્રેમ) માં જાહેર થાયછે, તેજ વીસ્પરદ હા ૩ જા, ફ૦ ૩ જામાં અને યશ્ત ૨૪ મીમાં ફરીથી જણાવ્યોછે. તેથી આપણને માત્ર ઇજ્શ્ને, ગાહ, અને વંદીદાદ માહેલા માત્ર ત્રણ એસારાઓપર એક પછી એક ગોર કરવાનો છે, તથા **ખ્.એત્વદથ**ના અર્થપર રોશની નાખવાને તેમનો કેટલો લાભ લઇ શકાય તે જોવાનું છે. જે રીતે એ શબ્દ અવસ્તામાં આવેછે, તે રીતે તો તેને એક એલકાબ તરીકે અથવા ગુણવાચક શબ્દ તરીકે વાપડ-યોછે. એક ઠેકાણે તે મજ્દયસ્ની દીનના એલકાબ તરીકે, બીજે ઠેકાણે એક પરહેજગાર જવાનની ખાસિઅત તરીકે, અને ત્રીજીગમ હરેક અશો નર કે નારીનાં લક્ષણ કે અલામત તરીકે આવેછે.

શબ્દોત્પતીને કાયદે **ખ્.એત્વદથ**ને **ખ્.એતુ** અને **દથ**નો બનેલો સમાસિક શબ્દ તરીકે લેખી શકાય,

જેમાંના પેહેલાં ભાગને અવસ્તાના **ખ્=**સંસ્કૃત **સ્વ=** લાટીન **સીબી=**અંગ્રેજી **સેલ્ફ** પરથી નીકળેલા સંસ૦ **સ્વે-અમ્**, લાટીન **સ્યુઅસ**, પેહેલ્વી **ખ્વેશ્** અને ફારસી **ખ્વીશ** સાથે સરખાવી શકાય. એપરથી એનો મૂળ અર્થ 'ખુદ,' 'કોઇ પોતે' 'કોઇનું પોતાનું,' 'સગું' અથવા 'સંબંધી' એવો ઉઠે. બીજો ભાગ **દથ** જે પેહેલ્વીમાં હરફોના ફેરફારથી **દસ્** કરી વંચાયોછે તે, અવસ્તા ધાતુ **દથ્** યાને "આપવું," "બનાવવું," "પેદા કરવું" એપરથી નીકળ્યોછે. બારીકીથી જોતાં **દથ્** એ હિંદી-ઇરાની ધાતુ **દા** યાને "આપવું" ઇત્યાદીનું ઇરાની જબાનમાં ખાસ રીતે થયલું બેવડું રૂપ છે. એ રીતે એ શબ્દના ધાતુપરથીજ સંખ્યાબંધ ખુલાસાઓ થઇ શકે. એના, "પોતાની જાતી બક્ષેસ, પોતાને જાતે, ખુદ કોઇથી;" અથવા "કોઇની પોતાની બક્ષેસ, કોઇ પોતાનાને;" યાતો "ખેશી કે સંબંધની બક્ષેસ;" "સ્વ-રચના;" "સ્વ-સંબંધ;" "સ્વ-અરપણ;" "સ્વ-ભકિત;" "સ્વ-પરા" વગેરે એવા એવા અર્થો ઉઠી શકે.* આ તો શબ્દોત્પતીને આધારે ઉઠી શકતા માયેનાઓ માહેલા કેટલાએક છે; તોબી કોઇપણ દેશી અર્થની સત્તા વગર એઓમાંથી કોઇ ચોકસ તર્ક બાંધી દેવામાં જોખમ છે. કદીમ શરેહ

---

* એ સાથ સરખાવો ડૉ૦ ગેલ્ડનરે પોતાની Ueber die Metrik des jüngeren Avestâ માં એ શબ્દના સૂચવેલા ધાતુ ઊપરના પ્રૉફેસર ડારમેસ્તેતરના ટીકાઓ (Etudes Irâniennes. પુ૦ ૨ જું, સફો ૩૭ મો).

કરનારાઓએ એ શબ્દનો શું અર્થ કીધોછે તે શોધી કાઢવા માટે અવસ્તાના પેહેલવી તરજુમો તપાસતાં, અસલ અવસ્તાઇ ઉચ્ચારણ **ખ્‌એ૯વદથ**ના માત્ર પેહેલવીમાં હરફોના ફેરફારથી થયલા **ખ્વેતૂક્‌-દાત્‌** કે **ખ્વેતૂક્‌-દસીહ** ઉપરાંત તેમાં કાંઇ વધારે રોશની મળતી નથી, એવું જોઇને મને બેહદ નીરાશી ઉપજેછે. પેહેલવી તરજુમામાં આવી ખુલ્લી રીતે કાંઇબી નક્કી અર્થ નહી આવવાનું કારણ કદાચ એમ હોય કે અવસ્તા રચાવા પછી, સદીની સદીઓ ગુજરવા છતાંબી, એ લોગતનો ખાસ ઇસ્તેલાહી માએનો દેશી જરથોશ્તીઓને સારીપેઠે રોશન હોવાથી તેનો કાંઇબી અર્થ આપવાની જરૂર રહી નહી હોય; અથવા તો જે નેક કામોની મકસદ **ખ્‌એ૯વદથ**થી ઉઠતી હોય તે કામોની ખાસીઅત માટે કદીમ ઇરાની મોબેદોનાં મનમાં ઘણોજ શક રેહેવાથી તેનો કાંઇ નક્કી ને શુદ્ધ ખુલાસો આપી શકાયો નહી હોય.

તેટલાપરથી અવસ્તાના જે ફકરાઓમાં **ખ્‌એ૯વદથ** શબ્દ આવેલોછે, તે ફકરાઓના પેહેલવી તરજુમાની દેશી સત્તાપરથી ઘણીજ થોડી—બલકે નહી જેવી—મદદ મળી શકેછે. તોપણ સારે નસીબે પેહેલવીમાં એવા ફકરાઓની કાંઇ ખુટ નથી, જેઓ બાજે વખત ઘણાજ ગુંચવણભર્યા અને મુશ્કેલ હોવા છતાં, તેઓપરથી એ સમાસિક શબ્દના પેહેલા ભાગનો યાને **ખ્‌એતુ**નો અર્થ મળી આવેછે, અને તે અર્થ **ખ્વીશ** અથવા **ખ્વીશીહ** એટલે "ખુદ," "તે પોતે," "કોઇનું પોતાનું

કે લગતું" "નીસ્બત" "પ્રત્યેકતા" વગેરે છે. એ પોતાનો અથવા નીસ્બતનો પેહેલવી માએનો ચાલુ ફારસીનાં **ખીશ** લોગતમાં હજી જળવાઇ રહયોછે, અને તે તેના ધાતુ તથા વાકય માહેલા આગળા પાછલા શબ્દો સાથના સંબંધને સરસ રીતે અનુસરતો છે. ડૉ૦ સ્પીગલ **ખ્.એતુનો** અર્થ der Verwandte એટલે "સંબંધી અથવા સગું"' એવો કરેછે, અને અવસ્તાના પોતાના જરમન તરજુમાને સફે ૧૨૫મેની નોટ ૭મીમાં ટીકા કરેછે કે 'એ પરથી ગોયા હરકોઇ તે સાહેબસાથે પોતાનો તમામ સંબંધ ધરાવતો હોએ, તેવી અહુરમજદસાથની રૂહાની નીસ્બત જણાયછે.'* આ બીના ખાસ કરીને જોવાજોગ છે કે ગાથામાં **વેરેજે.ન્ય**† અને **અઈર્યમન,** જેમાં પેહેલાનો અર્થ, મજ્દની ઇચ્છા પુરી પાડવા માટે "સખ્ત કોશેશ કરનાર ઉદ્યોગી (ચાલાક) મર્દ," તથા બીજાનો માએનો તે સાહેબ તરફની "ખુશ બંદગી (દીલલગી)" એવો ઉઠેછે, તે શબ્દોના સંબંધમાં **ખ્.એતુ** વારંવાર આવેછે. (યજ્. હા. ૩૨ મો, ફ. ૧ લો; હા. ૩૩ મો, ફ. ૩ જો, ૪ થો; હા. ૪૯ મો, ફ. ૭ મો; હા. ૪૬ મો, ફ. ૧ લો; હા. ૫૩ મો, ૪ થો.) ગાથાના હા. ૩૨માના,

---

* વળી એ સાથ સરખાવો ડૉ૦ એફ. ફૉન સ્પીગલની Zeitschrift der deutschen morgenländischen Gesselleschaft, પુ૦ ૧૭મું (૧૮૬૩). "Bemerkungen über einige Stellen des Avestâ." સફે ૫૮—૫૯ મે.

† પેહેલવી પ્રમાણે વેરેજે.ન્યનો માએનો સર્વ શક્તિવાન અહુરમજ્દનો "ચાલાક પડોશી" થઇ શકે.

ફ. ૧લામાં કહેછે કે :—"પેલો (ખુદાઈ) નીસ્બતવાલો,* પોતાના કામો બંદગી સાથ જોડીને, તે સાહેબ સુધી પોહોંચે (તે સાહેબને પામે—તે સાહેબનો આજુબંદ થાય)." હા. ૩૩ માના, ફ. ૩ જા અને ૪ થામાં અશો જરથોસ્ત બોલેછે કે :—(૩) "ઓ અહુર, (તું) રાસ્ત સાહેબને સૌથી સરસ રીતે બર આવતો શખ્સ તેજ છે કે જે ગ્નાન ધરાવીને (દાનાઈથી) તું સાહેબને ચાહાનારો, તારી ખીદમતમાં ઉદ્યોગથી કોશેશ કરનાર, અને સાચો બંદો (ભક્ત) બને, તથા જે મેહેનત લઈને ગાઓ (જમીન) ની પરવરશી કરે; તે તેજ છે કે જે પોતાને **અશ** (અશોઇ) અને **વોહુમનો** (નેકમન) ની અરાધનાનાં ખેતરમાં હોતો ધારે." (૪) "ઓ મજ્દ! જે કોઇ કે તું દાદાર તરફ નાફરમાન તથા બદ મનનો (બદગુમાન) હોય, તને **ચાહાનાર** તરફ બેપરવાહ હોય (તુને **ચાહાનારનો** અનાદર કરતો હોય), તારી **ખીદમતમાં ઊદ્યોગથી કોશેશ કરનાર** સાથ સખ્ત જંગ મચાવનારો પલીદ (દેવ) હોય, તારા **બંદા** (ભક્ત) નો ધિ:કારનાર, તથા તારી ગાઓ (જમીન)ની પરવરશી તરફ ઘણોજ બદગુમાન હોય તેનો હું તિરસ્કાર કરૂંછું."

એ અને એવા કેટલાક બીજા ફકરાઓપરથી આપણે સમજી શકયે છીએ કે જે ત્રણ રૂહુઆની ગુણો ઇન્સાનની પાકીજગીને જરૂરના છે, યાને તે સર્વ શક્તિવાન સાહેબ સાથનો સંબંધ, પોતાનાં કામથી તે સાહેબની ઇચ્છા

* રેવરંડ મી० મીલ્સ S. B. E. નાં પુ० ૩૧ માંમાં એનો અર્થ "અમીરી ખસલતનો ખેશી" કરેછે.

બજા લાવવી, અને ખુલ્લાં દીલથી કીધેલી માન્સિક ભક્તિ એ ગુણો માહેલા પેહેલાની મતલબ **ખ્.એતુ** પરથી ઉઠેછે. તેજ પ્રમાણે **ખીશીહ-એ-યજદાન** યાને 'તે સાહેબનો સંબંધ કે સ્મરણ' એ ખાહેશ તથા નેમ હરેક અશો મજ્દયસ્નાન પોતાની નિતીને લગતી કે ધર્મ સંબંધી ફરજો બજાવતાં વારંવાર રાખેછે. એ એક એવી બક્ષેસ છે કે જે માટે તે હર પળે આરજુમંદ રહેછે.

**ખ્.એતુના** આ અર્થપર આધાર રાખતાં **ખ્.એત્વદથને** એવો એક અર્થ લગાડવો મુશ્કેલ નથી, કે તે અર્થ જે વાકયમાં એ લોગત આવ્યો હોય તેની આગળી પાછલી બીનાને બંધબેસતો આવે, અને કમપેરેટીવ ફાઇલૉલોજીને કાયદે નીપજેલાં પરિણામોસાથેબી મેળવી શકાય. તે ફક્ત ખુદાસાથના "સંબંધની બક્ષેસ" થઇ શકે; વળી ધાતુ રચનાને કાયદે તેનો અર્થ "સ્વ-સંબંધ" કે "સ્વ-અર્પણ" પણ થઇ શકે.* અઇવિસ્રુથ્રેમ્ ગાહમાં એ શબ્દને અશોઇના એલકાબ તરીકે વાપડેલોછે; તે ફકરો આ પ્રમાણે છે:—"નેક મનશની (વિચાર) વાળા, નેક ગવશની (સુખનો) વાળા, નેક કુનશની (કિરદાર) વાળા, નેક એકીનવાળા જવાનને અરાધું, જે પાક તથા

---

* જે અર્થે એ શબ્દ પાછલાં ઇરાની લખાણોમાં કોઇ કોઇ વખતે વપડાયલો મળેછે, તેજ અર્થને એકબારગી આપણે અગત્યથી આપ્યે, તોપણ ‹અવસ્તા શબ્દ› ની મતલબ "મા-દીકરા, કે બાપ દીકરી, યા તો ભાઇ બેહેન વગેરેના અતલગનાં સગાંઓનાં-લગ્ન"ની ઊઠતી નથી. તેપરથી તો સગાંઓ વચ્ચેનાં લગ્નો, પછી તે દૂરનાં કે નજ્દીકનાં હોય તેનોજ માત્ર એસારો મળેછે.

પાકીજગીનો ઉસ્તાદ (શીખવનાર) છે; હું તે રાસ્ત બોલનાર, નેક અને નેકીના ઉસ્તાદ (શીખવનાર) જવાનને અરાધું; હું તે **ખુએત્વદથ** જવાનને અરાધું, જે અશો તથા અશોઈનો શીખવનાર છે." અત્રે **ખુએત્વદથ**પરથી એક ઘણીજ દીલપસંદ ખાસિઅત, જેની બક્ષેસ હરેક પરહેજ્ગાર જવાનપર તેની બંદગીના અઈયામમાં ઉતરી શકે તેનો ખ્યાલ બંધબેસતો આવી શકેછે. એ ખાસિઅત તે અહુરમજ્દ સાથનો સંબંધ અથવા સ્વ-અર્પણ છે.—અવસ્તાના બાકી રહેલા બે ફકરાઓમાહેલો વંદીદાદની આઠમી ફરગરદમાંનો ફકરો એટલો તો મુસ્કેલ અને ગુંચવણભર્યો છે કે તેમાંથી ઘણાખરા દરેક યુરોપ્યન ભાષાંતર-કર્ત્તા કાંઈ નક્કી મતલબ શોધી કાઢવામાં નિષ્ફળ થયાછે. પેહેલવી તરજુમામાં અવસ્તાના શબ્દોનું પેહેલવી હરફે માત્ર વાંચણજ રેહેવાથી, અહીંઆં આપણને તેની પણ મદદ મળતી નથી. જેનીપર ઘણુંજ ધ્યાન આપવાની અગત-છે તે યજ્શને હા. ૧૨ મો, ફ૦ ૯ મો, (સ્પીગલની યજ્ હા. ૧૩ મી, ફ૦ ૨૮મો) છે, જે ફકરામાંથી સ્પીગલ અને તેનાં મત પ્રમાણે ચાલતા ઘણાએક જરમન આલમાઓ (જેવા કે ગાઈગર, યુસ્તી, નોઈલ-દેક, ગેલ્ડનર વગેરે) ઘણાં અતલગનાં સગાંઓમાં પરણવા મારેના એસારાઓ શોધી કાઢતા દેખાયછે. હું ડૉ૦ ગાઈગરની Ostirânische Kultur ના મારા ઇંગ્રેજી તરજુમાના પુસ્તક પેહેલા (સફે ૬૬મેની નોટ) માં એ ફકરાપર મારો વિચાર જણાવી ચુકયોછું,

અને તે ફરીથી જણાવવાની રજા લઉંછું કે એ ફકરાને કોઈબી જાતનાં લગ્નસાથે નીસબત હોય એવી સેહેજબી નીશાન કે એસારો તેમાંથી મળતો નથી; પણ તેથી ઉલટું તો તેમાં આવેલો **ખ્એત્વદથ** શબ્દ **દએન** યાને 'દીન અથવા મજહબ' એ નામ સાથે વિભકતી, વચન અને જાતીમાં મળતો આવવાથી દેખીતી રીતે **મજદયસ્નની** દીનને લગાડેલા એલકાબો માહેલો એક એલકાબ ઠડેછે, અને દાદાર અહુરમજદ સાથના સંબંધનાં, અથવા તે સાહેબ તરફની સ્વ-ભકિતનાં પવિત્ર સાંધણો પુરાં પાડવાની તે દીનની ખુબી દેખાડતી મતલબ એ લોગતથી જાહેર થાયછે. પેહેલવી શરેહમાં ખુલ્લેખુલ્લું જણાવેછે કે અહુરમજદ સાથની નીસબતની આ બક્ષેસ જરથોસ્તી દીનની બરકતેજ દુનિયાંમાં જાહેર થઈછે; તેમજ ગાથાના દરેક શ્લોકમાં ખુદ અશો જરથોસ્તનાજ પવિત્ર વિચારોની મારફતે ઇન્સાની રૂહ મારેની આ સૌથી બુલંદ અને સૌથી ઉમદા કલ્પનાની સ્તુતી કીધીછે (જુઓ યજ હા. ૨૮ મો, ફ૦ ૩ જો, ૪ થો, ૬ ઠો, ૭ મો, વગેરે).

હું એ (યજ. હા. ૧૨ મો, ફ૦ ૯ મો) ફકરાનો નીચે મુજબ બોલેબોલ તરજુમો કરૂંછું.—

"મજદયસ્નની દીનની સ્તુતી કરૂં, જે દીન તમામ શકથી દૂર છે, જે દીન તમામ વાંધાઓનો નીકાળ લાવેછે,*

---

* S. B. E. પુ૦ ૩૧ મું, ડૉ૦ મીલ્સનાં તરજુમા પ્રમાણે :—"જે દીનનો કાંઇબી ડગમગતો તલફુજ નથી, જે દીન જમીનદોસ્ત કરતો ગુરજ ઊઠાવેછે" (સફા ૨૫૦ મો.)

જે પાક દીન (ખુદા સાથના) **સંબંધની બક્ષેસ** (છે), જે દીન, જે જે દીનો હસ્તીમાં આવીછે, અને હવે પછી આવશે તે સર્વે દીનોમાં સૌથી બુજોર્ગ, ઉમદા અને સૌથી પાક છે, જે અહુરમજદ અને જરથોસ્ત તરફથી (જાહેરમાં આવી) છે."

અહીંઆં એક ફકરો જેમાં દીનની ખુબીઓની તારીફ કીધેલીછે, તેમાં ઘણાંજ અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નનો ખ્યાલ આર્યો હોય, એ વિચારવું માહાલ છે. સારે ભાયગે, અવસ્તા બાબેના મારા નાકેશ એતેકાદને મ્યુનીચવાલા ડૉ૦ ઇ. ડબલ્યુ. વેસ્ટથી ટેકો મળેછે, જે વિદ્યાર્થીએ યુરોપ્યન ઓલમાઓ દરમેયાન પેહેલવીમાં દેખાડેલી આલા અને બેમીસાલ કાબેલ્યત દરેક ઇંગ્રેજ ઓરીઅનટલીસ્ટને સદા મગરૂરીની વાત થઇ પડશે. પ્રોફેસર મેક્ષમુલરવાળી "Sacred Books of the East" નાં પુસ્તક અઢારમે (સફે ૩૮૯—૪૩૦) માં આપેલા પોતાના "**ખ્વેતુક-દસના** અર્થ" પરના રસાલામાં એ વિદ્વાન લખનારે (વેસ્ત) **ખ્એત્વદથ** શબ્દને લગતા અવસ્તાના ફકરાઓની પોતાની તપાસનું પરિણામ નીચે મુજબ સંક્ષેપમાં જણાવેછે. (સફો ૪૨૭મો):—

"એ શબ્દ અવસ્તાના સૌથી જુના ભાગ (ગાથા) માં બીલકુલ આવતો નથી, અને જયારેબી તે અવસ્તાના પાછલા ભાગમાં આવેછે, ત્યારે માત્ર કોઇ ઘણુંજ પુણ્યવંત નેક કામથી—તે નેક કાંમ કયું તેની ખરી જાત ભાંત જણાવ્યા વગર—તેની મતલબ રાખીછે; ફકત એકજ ફકરામાં (વંદી૦ ફર૦ ૮ મી, ફ૦ ૧૩ મો) જણાવ્યુંછે કે તે કામમાં બેઉ મરદો અને ઓરતો સામેલ થઇ

શકે. તેટલા વાસ્તે હાલમાં મોજુદ રહેલા જુદા છવાયા અધુરા ભાગો—જે મજદયસ્નની દીનને લગતી કદીમ રસમોના સંબંધમાં એકલીજ બાતેનની સત્તા છે, તેમના પરથી જેટલું નક્કી થઈ શકે તેટલાં પરથી તો પારસીઓ એમ માનવામાં તદનજ વાજબી છે કે, જેઓ એકજ લોહી ધરાવતાં છેક નજદીકનાં સગાં હોય, તેમની વચ્ચેનાં લગ્નોની મંજુરીઆત અસલમાં તેમની દીનમાં આપીજ નથી."

૩—ત્રીજી દલીલ :—પેહેલવી ભાષાના એક મશહુર ઈંગ્રેજ વિદ્યાર્થીએ જે પેહેલવી ફકરાઓનો તરજુમો કીધોછે, અને જે ફકરાઓ એવી કોઈ રસમ સાથ નીસ્બત રાખતા ધારવામાં આવેછે, તે ફકરાઓમાં અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નોની ખાસ ભલામન કીધી હોય એવો કાંઈબી તેમનો અર્થ ઉઠી શકતો નથી, અને જે થોડાએક પેહેલવી ફકરાઓ એવાં લગ્નો સાથ ખરેખરી નીસ્બત ધરાવતા કહેવાયછે, તે ફકરાઓમાં સંસારમાં બનતા કોઈ ખરેખરા બનાવો બાબે એસારા આવ્યા નથી, પણ તે તો માત્ર ઈન્સાન જાતીનાં સઉથી પેહેલાં વડવાઓની પેદાયશને લગતી ભેદી સમજ વિષેના એસારા છે—

તેના સંબંધમાં એજ ઇરાની જબાનોના ઇંગ્રેજ ખાં, ડૉ૦ વેસ્ત જે પેહેલવી સાહીત્યનું બોહોળું મેદાન ખોળી વળેલો લાગેછે, તથા જેણે **ખ્વેતક્-દસ** શબ્દને લગતા તમામ પેહેલવી ફકરાઓ ભારે જહેમત ખેંચીને

એકઠા કીધેલા દેખાયછે, તેના એ બાબદ વિષેના લંબાણ રીસાલાપર ફરીથી તમારૂં ધ્યાન ખેંચવાની રજા લઉંછું. આ કાબેલ વિદ્યાર્થી પોતાની સબુરીભરી ઉપ્યોગી સોધનું પરિણામ નીચલા શબ્દોમાં જાહેર કરેછે:

"જ્યાંસુધી પારસીઓ **પેહેલવી યજ્‌દને, અરદા વીરાફ્નામું, દીનકર્દ, દાદીસ્તાન-એ-દીનીક** જેવાં પેહેલવી પુસ્તકોની ગવાહી રદ કરવાને કેડવે નહીં, અથવા તો તે કેતાબો કુફરી પેકીનવાળા શખ્સોથી લખાયલી જાહેર કરે નહીં, ત્યાંસુધી તો તેઓએ કબુલ કરવું જોઇએ કે સાસાન્યન વંશના અમલનાં છેલાં વરસોમાં અને ત્યારબાદ થોડીએક સદીઓ સુધી તેઓના મોબેદોએ,—જોકે ઘણુંકરીને તો તેમાં કાંઇપણ રીતે ફાવ્યા વગર,—એવાં ઘણાંજ અતલગનાં સગાંઓમાં પરણવાની મજબુત પક્ષ ધરી હતી." (જુઓ S. B. E. પુસ્તક ૧૩ મું, સફો ૪૨૮ મો.)

એ પ્રમાણે જયારે ડૉ૦ વેસ્ત લગ્નને લગતાં અવસ્તાનાં બુલંદ ફરમાનોને કાંઇબી બેહુંદા અરોપથી બચાવાને ઉપ્યોગી હીમાયતી તરીકે આપણી સેવા બજાવેછે, જયારે તે ઇરાની બાબદોના સંબંધમાં યુનાની તવારીખનવેશોએ આપેલી હકીકતોની સચાઇ બાબે શક લઇ જતો દેખાયછે (સફો ૩૮૯ મો), ત્યારે પેહલવી કેતાબોમાંથી લાવેલી કેટલીક નહી સમજાએ એવી તથા છુટી છવાઇ ગવાહીઓ સામે આપણો બચાવ કરવા જે ઘડીએ તકરારનાં મેદાનમાં દાખલ થઇએ છીએ તેજ ઘડીએ તે વિદ્વાન પોતાનો મજબુત ટેકો ખેંચી લેછે.

અત્રે, એ પેહેલવીના આલમાએ જણાવેલા પોતાના જાતી વિચારો કે સાસાન્યન સલતનતનાં પાછલાં વરસોમાં ઇરાની મોબેદો એકજ લોહી ધરાવતાં ઘણાજ નજદીકનાં ખેશીઓ વચ્ચેનાં લગ્નોની હીમાયત કરતા હતા, તેના સંબંધમાં તેણે આપેલી સાબેતીઓ માટે બોલવા માંગુંછું.

અહીઆં ધ્યાનમાં રાખવું જોઇએ કે એ કહેવાતો રેવાજ ક્યારે ચાલુ થયો હશે તે અઇયામના સંબંધમાં ડૉ૦ વેસ્ટનું આ છેલું મત, આગળ તેણે પોતાની "Pahlavi Texts"ના પેહેલા ભાગમાં જે જણાવ્યું હતું તેથી તદનજ જુદું પડેછે (S. B. E. સફે મે ૩૮૯ નોટ ૩ જી) જેમાં એ વિદ્વાન ગ્રંથકાર જણાવેછે કે :—"પણ આ વાત તદન સમજમાં ઉતરે એવી છે કે મુસલમાનોની ફતેહના વખતમાં એ પારકા મજહબમાં લોકોને વટલી જતાં રોકવા માટે, પારકી જાતોમાં તેમને પરણતા અટકાવાને પારસીઓના મોબેદો ઇંતેજાર હતા, અને તેથી તેઓએ નજદીકનાં સગાઓમાં પરણુવા માટેની હદ, તેમની ઓલાદનાઓ યાને હાલના પારસીઓએ હમણાં મંજુર રાખેલી હદથીબી વધારી દીધી હોય."—વળી Pahlavi Text ના ત્રીજા ભાગ માહેલા "દીન-એ-મઇનોગી-ખીરદ"ના પોતાના અંગ્રેજી તરજુમાનાં ચોથાં પ્રકરણની એક નોધમાં તે કહેછે કે એ કેતાબ રચાવાની કેટલીક સદીઓ આગમ્જ, એટલે નોશીરવાનના રાજની ઘણુંક અગાઉ **ખ્વેતુક્‌-દસીહ્‌** એ શબ્દ માત્ર પેહેલાં એટલે નજદીકનાં પિત્રાઈ ભાઇ બેહેનોનાં લગ્નની હદમાંજ વપડાતો હતો. (S. B. E. પુ૦ ૨૪ મું, સફો ૨૬ મો.)

પણ સાહેબો, એ સઘળા ટીકાઓપરથી જણાઇ આવેછે કે, અવસ્તાના તથા હખામીન્યન, અર્શીગાન્યન અને ઘણુંકરીને સાસાન્યન સલતનતોના હંગામોમાં એવી કોઇ રસમની હસ્તીની નીશાન ઇરાનીઓનાં પાક લખાણોમાંથી મળી આવેછે, એવા વિચારવાલા બીજા વિદ્યાર્થીઓ સાથે ડૉ૦ વેસ્ત એકમત થતો નથી; પણ પોતાનાં મત તરીકે જણાવેછે કે ઇસુની છઠી સદીમાં અને ત્યાર બાદ કદાચ કોઇ મોબેદોએ ઇરાનમાં એ રસમની હીમાયત કીધી હશે. એ રીતે ફ્લુકર અને ત્યાર પછીના બીજા ઘણાએક યુરોપ્યન ઓલમાઓનું પેલું અવલોકન કે સદરહુ રસમ મજ્દયસ્નાન લોકોમાં ફેલાયલી હતી, તે તેમનાંજ વિદ્વાન મંડળ માહેલા એક ઓલમાની તલાશથી ટુટી પડેછે.

તોપણ "ખ્વેતૂક-દસ્ના અર્થ"પરના પોતાના રીસાલામાં **ખ્વેતુ ક-દસીહ** પરથી પેહેલવીમાં અતલગનાં બેશો વચ્ચે પરણવાની કેટલી મતલબ ઉઠી શકે તે દેખાડવા ડૉ૦ વેસ્ત આશરે ત્રીસ પેહેલવી ફકરાઓના તરજુમા આપવાની કોશેશ કરેછે. એ માહેલી પાંચ દલીલો અવસ્તાના પેહેલવી તરજુમામાં તથા બે પેહેલવી શરેહમાં આવીછે (પેહેલવી તરજુમો, યજ૦ હા ૧૨ મો, ફ૦ ૯ મો: વીસ્પ૦ હા ૩ જો ફ૦ ૩ જો; ગાહ૦ ૪ થી; વીસ્તાસ્પ યષ્ટ ફ૦ ૧૭મો; વંદીદાદ ફરગ૦ ૮ મી, ફ૦ ૧૩ મો; પેહેલવી શરેહ યજ૦ હા ૪૪ મો, ફ૦ ૪ થો; **બેહેમન** યષ્ટ બાબ ૨ જો, ફ૦ ૫૭, ૬૧ મો), આઠ દલીલો **દીનકર્દ**ને લગતી છે (દીનકર્દ દફતર ૩ જું,

બાબ ૮૦, ૧૯૩, ૨૮૫ મા; દફતર ૬ ઠું તથા ૭ મું; **વરતીમાનસાર નરક** ફરગરદ ૧૮ મી; **બગાન નરક** ફરગરદ ૧૪, તથા ૨૧ મી); આઠ **દાદીસ્તાને દીનીકને** લગતી છે (બાબ ૩૭ મો, ફ૦ ૮૨ મો; બાબ ૪૪ મો, ફ૦ ૬ ઠો; બાબ ૬૫ મો, ફ૦ ૨ જો; બાબ ૭૬ મો, ફ૦ ૪ થો, તથા ૫ મો; બાબ ૩૭ મો, ફ૦ ૬ ઠો, અને ૭ મો; બાબ ૭૮ મો ફ૦ ૧૯ મો); ત્રણ **મીનોખેરદ**માં આવીછે (બાબ ૪ થો, ફ૦ ૪ થો; બાબ ૩૭ મો, ફ૦ ૧૨ મો; બાબ ૩૬ મો ફ૦ ૭ મો); અને એક પાછળની **પેહેલવી રવાયત**માં છે.

કહેવાની જરૂર નથી કે આ ત્રીસ ઉતારાઓ માહેલા બાવીસથી વધારે ઉતારાઓની તપાસ કીધેલી નકામી છે, કેમકે ડૉ૦ વેસ્ટે પોતે કીધેલી તેમની તપાસનાં પરિણાંમમાંજ એકરાર કીધા પ્રમાણે **ખ્વેતુક-દસીહ** શબ્દ પરથી જે નેક કામની મકસદ ઉઠેછે તે "નેક કામની ખાસિઅત દેખાડવા માટે એ ફકરાઓમાં કાંઇ આવેલું નથી." (યજ૦ હા ૧૨ મો, ફ૦ ૯ મો; વીસ્પ૦ હા ૩ જો, ફ૦ ૩ જો; ગાહ ૪ થી; વંદી૦ ફરગ૦ ૮ મી, ફ૦ ૧૩ મો; વીસ્તાસ્પ યષ્ટ ફ૦ ૧૭ મો; દીનકર્દ પુ૦ ૩ જું, બાબ ૧૯૩ મો, અને ૨૮૩ મો; પુ૦ ૬ ઠું; મીનોખેરદ બાબ ૪ થો ફ૦ ૪ થો; બાબ ૩૬ મો, ફ૦ ૭ મો; બાબ ૩૮ મો, ફ૦ ૧૨ મો; બેહેમન યષ્ટ બાબ ૨ જો, ફ૦ ૫૭, ૬૧ મો) ઉપર જણાવેલા પેહેલા પાંચ ફકરાઓ ઉપરાંત **દાદીસ્તાન-એ-દીનીક**માં એજ વિદ્વાનના કહેવા પ્રમાણે આદમ જાતનાં પેહેલાં વડીએલ 'બાઇ

બેહેન મારેના એસારાઓ' માત્ર આવેલાછે; છેલા ત્રણ ફકરાઓમાટે તે કહેછે કે, "એ શબ્દ તે ફકરાઓમાં ઘણુંજ અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નોને લાગુ પાડયોછે કે નહીં" તે નક્કી નથી. તેટલામાટે આપણને ફક્ત થોડાજ ફકરાઓ તપાસવાના છે. તે **બગાન-નસ્ક માહેલા** બે, એક **વશ્તંમાનસ્ર નસ્કનો,** ત્રણ **દીનકર્દના, યજ્શ્ને** હા. ૪૪ મો, ફ૦ ૪ થાનો એક, **અરદાવીરાફ**નામાનો એક, અને એક પાછલી પેહેલવી રવાયત માહેલો છે; એઓમાં ડૉ૦ વેસ્તનાં મત પ્રમાણે ઘણાજ નજદીકનાં બેશીઓમાં પરણવાના સીધા કે આડકતરા એસારાઓ આવેલાછે.

એ દલીલોપર વિચાર કરવા માંડયે, તેની આગમચ, **ખ્વેતૂક-દસીહ**નાં કામની—પછી તેની ગમે તે ખાસિઅત હોય, કે ગમે તે અર્થ ઉઠતો હોય, તોબી—કેટલે દરજ્જે પેહેલવી લખાણોમાં તારીફ કીધીછે, તથા તેને એક સવાબનાં કામ તરીકે કેટલે દરજ્જે ગણ્યુંછે તે જાણવું ઉપયોગી થઇ પડશે:—

પેહેલવી 'દીને-એ-મઇનોગી-ખેરદ' ના ચોથા બાબમાં, "કયું ચોકસ સવાબનું કામ બુજોર્ગ ને નેકછે?" એ સવાલના જવાબમાં કહેછે કે "સૌથી મોહોટું સવાબભર્યું કામ સખાવત કરવાનું છે, બીજું રાસ્તી અને **ખ્વેતક-દસીહ**, ત્રીજું **ગહાંબાર,** ચોથું દીનને લગતાં તમામે ક્રિયાકર્મો, અને પાંચમું યજ્દ અમશાસ્પંદોની અરાધના છે." અહીંઆં **ખ્વેતૂક-દસીહ** પરથી, એવું કોઇ નિતીમાન લક્ષણ જાહેર થઇ શકે, કે જેની બુજોર્ગી રાસ્તી અને સખાવતની નજદીક બરાબર હોય.

શાયસ્ત-લા-શાયસ્તના બાબ ૮ માના ફકરા ૧૮ મા માં કહેછે કે:—"**ખ્વેતૂક્-દાદ્** મોહોટામાં મોહોટી સજાઓને લાયકના ગુનાહોનો જડમૂળથી નાશ કરી નાખેછે."—વળી બીજે ઠેકાણે અહુરમજ્દ કહેછે કે:— "ઓ જરથોસ્ત! જે તમામ નેક વિચારો, સુખનો ને કામો હું જાહેર કરૂં, તે સઘળાંમાં **ખ્વેતૂક્-દસીહ્**નો રવૈયો વિચારવાને, બજા લાવવાને તથા બોલવાને સૌથી સરસ છે."

બેહેમન યષ્ટ, જે અવસ્તાની શરેહ તરીકે લખાયલાં સૌથી જુનાં પેહેલવી લખાણો માહેલું એક ગણી શકાય, તેમાંથી એ બોલનો આપણને એવો કાંઇક ખુલાસો મળી આવેછે કે જે યજશનેના ૧૨મા હાના ૯મા ફકરાના અર્થ માટેનાં આપણાં મતને ઘણીજ સરસ રીતે બેસતો આવેછે. તેના બાબ ૨ જાના ફકરા ૫૭ મામાં કહેછે:—"ઓ પેદા કરનાર સાહેબ! શું તે હાલ હવાલીના વખતમાં (એટલે આરબોએ ઇરાન જીતવા પછી) કોઇ અશો માણુસો રેહેશે, કોઇ દીનદારો એવા હુશે, કે જે પોતાની કમરે **કુસ્તી** જાળવી રાખે, અને જેઓ **બરસમ** પકડીને **યજશનેનાં** કામો બજા લાવે, અને એ દીન જે **ખ્વેતૂક્-દસ** છે તે શું તેમનાં કુટુંબમાં જારી રેહેશે?" જરા આગળ ચાલતાં કહેછે કે:—"અશોમાં કમાલ અશો તે તેજ શખ્સ થશે, જે ભલી **મજદયસ્નની** દીનને વળગી રહે, અથવા તેપર ચુસ્ત રહે, જેથી એ દીન જે **ખ્વેતૂક્-દસીહ્** છે, તે તેનાં કુટુંબમાં જારી રહે." આ

બે ફકરાઓને બેહેમન યષ્ટના અસલ અવસ્તા લખાણ-માંથી કીધેલા પેહેલવી તરજુમાઓ ડૉ૦ વેસ્ત ધારેછે (S. B. E. પુ૦ ૫ મું, ભાગ ૧ લો, સફો ૨૧૨ મો, નોટ.) **શાયસ્ત-લા-શાયસ્ત** (બાબ ૧૮ મા, ફ૦ ૪ થા) ના એક ફકરામાં ફરીથી જાહેર કીધુંછે કે:—"જે કોઇ ચાર વખત **ખ્વેતૂક્-દાદ્**ના તરીકાને પોહોંચે, તે કદીબી અહુરમજ્દ અને અમશાસ્પંદોથી જુદો પડશે નહી."

હવે ઉપલા ફકરાઓમાં નિતી સંબંધી તથા રૂહઆની ખ્યાલો સાથે **ખ્વેતૂક્-દસીહ્** બોલ જોડાયલો હોવાથી, તેને શું અર્થ લાગુ પાડવો, તે હું તમો ગ્રહસ્થોનીજ મુનસફીપર રાખુંછું. મારે ફકત એટલુંજ કહેવાની જરૂર છે કે **ખ્વેતૂક્-દસીહ** તેની નેકીભરી બુજોર્ગીમાં રાસ્તી અને પાકીજગીની બરોબર છે, તથા યજશ્ને અને બેહેમન યશ્તમાં જણાવવા પ્રમાણે અહુરમજ્દી જરથોસ્તી દીનની મારફતેજ તે હાંસલ થઇ શકેછે, અને **ખ્વેતૂક્-દસીહ્ની** હાલતે પોહોંચવું તે ઘણું ખરૂં અહુરમજ્દ અને અમશાસ્પંદો સાથની દીનને લગતી મસલેહતમાં હમશરીક થવા જેવું છે. એટલા-પરથી એ એક એવી બક્ષેસ અથવા શક્તિ સાબેત થાયછે, કે જે ઘણાંજ અતલગનાં ખેશો વચ્ચેના લગનના કોઇબી ધિ:કારવાજોગ ખ્યાલથી ઘણીજ આલા તથા ઉમદા હોવી જોઇએ.

આપણી તલાશના મજકુર આઠ પેહેલવી ફકરાઓ-પર આવતાં, તેઓ માહેલા બેના યાને **દીનકર્દની** ત્રીજી કેતાબના હેંસીમાં બાબના તથા **અગાન-નરેકની**

એકવીસમી ફરગરદના થયલા અંગ્રેજી લાગુવી તરજુમાથી મને મતફેર પડતો જોઇને કાંઇક આનાકાની લાગેછે.

વારંવાર ઘણીજ ભેદભરી તથા એકથી વધારે મતલબ ધરાવતી પેહેલવી ભાષામાંથી તરજુમો કરતાં તરેહવાર મુશ્કેલીઓ નડેછે;* અને મશહુર કાબેલ

---

* સરખાવો S. B. E. પુ. ૫ મું દીબાચો સફે ૧૬—૧૭ મે.

"પેહલવી પુસ્તકોમાં વપડાયલી લીપીમાં માત્ર ચોદ અક્ષરો છે, તેથી કેટલાએક હરફોના ઘણાક જુદા જુદા અવાજો નીકળેછે; અને જયારે એ અક્ષરો જોડાયલા હોય ત્યારે બે અક્ષરોના જોડાણથી થયલો આકાર કોઇ વખતે આબાદ કોઇ બીજા છુટા હરફ જેવો દેખાયછે તેથી એ શક ઘણો વધી જાયછે. એવા શકોપરથી ઊઠતા ગુંચવાડાની સમજ, નીચે આપેલી એ સાદા અને સમાસ અક્ષરોના આવાજની ટીપ-પરથી પડશે.

અ, આ, ખ, હ. બ. પ, ફ, વ. ત, દ. ચ, જ, ઝ, વ. ર, લ. ઝ. સ, યી, યદ, યગ, યજ, દી, દદ, દગ, દજ, ગી, ગદ, ગગ, ગજ, જી, જદ, જગ, જજ (૧૭ અવાજો). ષ, શા, યા, યહ્, યખ્, ઇહ્, ઇખ્, દા, દહ્, દખ, ગા, ગહ્, ગખ્, જા, જહ્, જખ્, (૧૬ અવાજો). ધ. ક, ગ, ઇ. મ. ન, વ, ઉવ, ઊ, ઓ, ઙ, લ. ય, ઈ, એ, દ, ગ, જ.

. . . . બેશક એવા બે હરફોના જોડાવાથી કેટલાક સમાસો એવા થઇ જાયછે કે તેમના બીજા સંભવિત રીતે ઊઠતા અવાજો ઊપરાંત, સાધારણ ઊપયોગમાં આવતા દસથી પંદર અવાજો હોયછે. એ ભાષામાં દીર્ઘ સ્વરો દેખાડવા માટે માત્ર ત્રણજ અક્ષરો આવેછે, (જે વળી ઘણીએક સેમેટીક ભાષાઓમાં વ્યંજનો પણ થાયછે), અને ઘણુંકરીને પાંચ લઘુ સ્વરો ગુપ્તજ રહેછે, એવો વધુ વિચાર કરતાં પેહુલવીનાં શુદ્ધ વાંચણમાં ઊઠતી મુશ્કેલીનો તુરત ખ્યાલ આવી જશે."

ઉસ્તાદોનાંજ કીધેલાં, એકજ ગુંચવણ ભર્યાં ફકરાનાં બે જુદાં જુદાં ભાષાંતરો જોઇને હરકોઇને વારેઘડીએ તાજુબી ઉપજેછે; એટલે સુધી કે તે, ગોયા એક બીજાં સાથ કાંઇબી નીસ્બત નહીં ધરાવતા બે તદ્દન જુદાંજ ફકરાઓનાં ભાષાંતરો લાગેછે. એ પરથી એમ ધારી શકાયછે કે, એ એકથી વધારે મતલબ ધરાવનારા જે ફકરાઓ ડૉ૦ વેસ્તના કહેવા પ્રમાણે ઘણાંજ અતલગનાં સગાંઓ વચ્ચે પરણવા વિષેના સીધા કે આડકતરા એસારાઓ કરતા દેખાયછે, તે ફકરાઓની હજી વધારે બારીકીથી તપાસ થતાં, એ કાબેલ તરજુમો કરનારની પેહેલી કોશેશથી હાંસલ થયલી મતલબથી તદ્દન જુદોજ અર્થ ઉઠી શકે. તેટલા વાસ્તે આ બોહોળા ફકરાઓ, જેમને ખુદ ડૉ૦ વેસ્તેજ ગુંચવણભર્યાં અને મુશ્કેલ તરીકે કબુલ રાખ્યાછે (S. B. E. પુ૦ ૫ મું, સફો ૩૮૯ મો), તેઓપર જે ટીકા કરવા હોય તે મુખ્તેસર જણાવામાં સંતોષ પકડીને, હાલ તુરત તો, તેઓ માહેલા કોઇબી ફકરાનો મારી તરફથી કોઇ તેહકીક તરજુમો આપવાની કાંઇબી કોશેશ મુલતવી રાખવામાં ઘટતું અને વાજબી ધારૂંછું.

એ નહીં સમજાએ એવા ફકરાઓ માહેલા એકથી **દીનકર્દ**નાં ત્રીજાં પુસ્તકનો હેંસીમો બાબ બનેલોછે. એ બાબ ઘણો મોહોટો છે, અને તેમાં માણસજાતની પેદાયશ બાબે અવસ્તામાં આવેલા વિચારોનાં વાજબી યા ગેરવાજબીપણાં વિષે, તથા **ક્વેતૂક્દસીહ** શબ્દના જુદા જુદા ઉપયોગો વીગેરે બાબદોપર એક જરથોસ્તી

અને યાહુદી* વચ્ચેની લંબાણ તકરાર આવેલીછે; જેમાં જુદા જુદા વિચારો એકમેકમાં ભેળાઇ જવાથી, તથા તેનું અસલ લખાણ સમજ નહીં પડે એવું હોવાથી, તે જરથોસ્તીના સુખનોમાંથી યાહુદીના સુખનો પારખી કાઢવા મુશ્કેલ થઇ પડે. તેમાંનો કોઇબી વાકય જે યુરોપ્યન વિદ્વાનોનાં મતની તરફેણમાં ઉતરતો દેખાય, તે સ્વભાવિક રીતે જેમ જરથોસ્તીને તેમજ પેલા યાહુદીનેબી લાગુ પાડી શકાય. તેટલા સારૂ કોઇ ચોકસ ધર્મ-મત કે રવૈયાની હીમાયત કે નીંદા તે જરથોસ્તી કરેછે કે યાહુદી કરેછે તે નકી કરવું સેહલ નથી. તોપણ જે જે ભાગોમાં બંને તરજુમો કર્તાઓ (દસ્તુર

---

* કદીમ યાહુદીઓ અને જરથોસ્તીઓના ધર્મ સંબંધી એકમેકથી ઉલટા વિચારો દીનકર્દ, મીનોખેરદ, શાયસ્ત-ના-શાયસ્ત અને શીકંદ ગુમાની વજારના લખનારાઓને સારીપેઠે રોશન હતા. મીનોખેરદમાં કયે લોહરાસ્પે કીધેલા જેરૂસલમના નાશની, તથા ત્યાં જરથોસ્તી દીનના થયલા ફેલાવાની નોધ લીધીછે. શીકંદ-ગુમાનીક-વજારમાં મેસીઆહ (ઇસુ ખ્રીસ્ત)ના જન્મના બાબમાં યાહુદીઓના એતેકાદની કેટલીક એક બીજાથી ઉળટી જતી બીનાઓ દેખાડીછે. તેના ૧૫) મા બાબના ૭૧ માં ફકરામાં કહેછે કે:— (જુવો ડૉ૰ વેસ્તનો તરજુમો) "અને કેટલાકો એવાબી છે કે જેઓ કહેછે કે મેસીઆહ તે પાક પરવરદેગાર પોતેજ છે. હવે, એ તો અજબ જેવું છે કે તે કાદેર હકતાઆલા, આપણી પેદ(?)હઇયાતીઓનો સંભાળનાર તથા પરવરશી કરનાર ઇન્સાની ખાસિઅતનો થઇ જાય, અને એક ઓરત જે યાહુદન હતી તેનાં ગર્ભ-સ્થાનમાં જાય. તે સાહેબ પોતાનું બુલંદ તખત, આસમાન તથા દુનિયાં, બેહેસ્ત મકાન અને એવીજ તેનાં બંદોબસ્ત તથા રક્ષનની બીજી ચીજો છોડી દઇને એક પલીદ તથા તંગ જગ્યામાં આવીને છુપાય (એ તાજુબીભર્યું છે)."

ડૉ૦ પેશોતનજી અને ડૉ૦ વેસ્ત) એકમત થાયછે, તે ભાગોપરથી માલુમ પડેછે કે એ ફકરામાં, **ખ્વેતૂક્-દસીહ** એ લોગત,—જે મીનોઇ હસ્તીઓના સંબંધોને બાપ-બેટી, મા-દીકરા, તથા ભાઇ-બેહેન વચેની **ખ્વેતૂક્-દસીહ** કહયાછે—તે સંબંધોને ઇસ્તેલાહી રીતે લાગુ પાડેલોછે. આપણને રોશન છે કે અવસ્તામાં **સ્પેંતા આરમઈતિ** તે પેહેલવી **સ્પંદારમત** એક નારી અમશાસ્પંદ છે, અને અહુરમજ્દને બધા અમશાસ્પંદોનો પેદા કરનાર તથા બાપ જણાવેલો હોવાથી **સ્પંદારમતને** તેની બેટી કહીછે. હવે, સ્પંદારમત જમીનપરની મવક્કલ યજ્દ તરીકે મનાયછે, અને જયારે ખુદાએ સપરપેહેલાં મનુષ્ય પ્રાણીને ધરતીમાંથી પેદા કીધુંછે, તેથી પાછલાં પેહેલવી લખાણોમાં, **સ્પંદારમતને** ગઇયોમર્દ જેવી માહાન પેદાયશ માટે તે કીર્તાર સાથ પાકીજગી સહીત સામેલ રહેલી જણાવીછે; જે ગઇયોમર્દ ઇરાનીઓના મનુષ્ય પેદાયશનાં જ્ઞાન પ્રમાણે સપરપેહેલો માણસ હતો. એ પ્રમાણે આ ખ્યાલી મીનોઇ નીસ્બત, એક નમુનેદાર સમજ થઇ પડી, અને તેપરથી જે 'બાપ અને બેટી વચ્ચેની **ખ્વેતૂક્-દસીહ**' કહેવાયછે, તેની મતલબ ઇસ્તેલાહી રીતે જાહેર થવા લાગી. વળી આગળ કહેછે કે જે ધરતીમાતાથી ગઇયોમર્દ પેદા થયો હતો, તે ધરતીમાં તેનું તોખ્મ (વિરજ) પડયું. તેથી **મશીહ** અને **મશીઆનીહ** ગઇયોમર્દ અને સ્પંદારમત વચ્ચેના એ મેલાપથી યાને 'બેટા અને મા વચ્ચેની **ખ્વેતૂક્-દસીહથી**' પેદા થયલાં ફરજંદો કહેવાયાં;

અને સપરપેહેલું ઇન્સાનનું જોડું ભાઇ બેહેનનું એટલે મશીહ અને મશીઆનીહનું બનેલું હોવાથી, તેમનું જોડાણ જે ખુદાઇ ખાહેશને અનુસરતું કામ હતું તેપરથી 'ભાઇ બેહેન વચ્ચેની **ખ્વેતૂક-દસીહ** 'ની મતલબ ઉઠવા લાગી. યાદ રાખવું કે **ખ્વેતૂક-દસીહ** વિષેની આ કલ્પના, ખુદા સાથના સીધા આત્મિક કે મનના સંબંધ અથવા સ્વઅર્પણના પૃઠક અને ધર્મને લગતા વિચારપરથી પાછળથી ખીલી નીકળીછે. એ શબ્દ પછવાહેથી માણુસજાતનાં પેહેલાં વડીએલોનાં જોડાણોને લાગુ પાડવામાં આવ્યો હતો, જે જોડાણો ખુદ ખુદાવંદતાઆલાનાં કામથીજ બનેલાં ધારવામાં આવતાં હતાં. પોતાની ઇચ્છાનું જ્ઞાન ધરાવનારાં ઇન્સાનને પેદા કરવામાં તે પાક દાદારની નેમ, આ દુનિયાંપર થતી એહેરેમંદીની બદ અસર તોડવાની હતી. એપરથી જણાયછે કે પાછળાં પેહેલવી લખાણો-માં, જયાંબી બાપ અને બેટી, કે મા અને બેટા, યા તો ભાઇ અને બેહેન વચ્ચેની **ખ્વેતૂક-દસીહ** વિષેના એસારા કીધાછે, ત્યાં કાંઇ સાધારણ માણસો વચ્ચેનાં એવાં જોડાણોની સીફારસ કીધી નથી, પણ તે તો સપર પેહેલાં મનુષ્ય પ્રાણીઓ, જેઓમાંજ સ્વભાવિક રીતે એવાં જોડાણોની હદ આવી રહી હતી, તેઓ બાબે કહેછે, કે તેથી અજ્ઞાન પ્રાણીઓ કે પશુઓ સાથ વગર વિચારે આમેજ થયા વગર ઇન્સાનની એકસરખી અને ખાલેશ ઓલાદ પેદા થાય. તેટલા વાસ્તે જેને બાપ અને બેટી, બેટા અને મા, તથા ભાઇ અને બેહેન વચેની **ખ્વેતૂક**-

**દસીહનાં** ફકરા કહયાંછે, તે બેશક **અહુરમજ્દ** તથા **સ્પંદારમત** વચેના, અને **ગઈયોમર્દ** તથા **સ્પંદારમત** વચેના, મીનોઇ સંબંધે, તેમજ **મશીહ** અને **મશીઆનીહ** વચેનું જોડાણ સાબેત થાયછે.

હવે **ખ્વેતૂક-દસ્** શબ્દના અર્થ વિશે બોલતાં 'તે સર્વે શક્તિવાન દાદાર તથા તેની મીનોઇ શક્તિઓ યાને યજદ અમસાસ્પંદોસાથના સંબંધની બક્ષેસ' એવો તેનો માયનો, સેહેલાઇથી એક કદમ આગળ વધી, 'મનુષ્ય જાતીઓ વચ્ચેના અથવા કુલે ઇન્સાન જાતના નિતીભર્યાં જોડાંણની બક્ષેસ'માં સ્વભાવિક રીતે ફેરવાયછે. એવો, કોઇ ફીરકા, જાત કે કુટુંબ વચ્ચેનાં જોડાંણનાં બંધનનો ખ્યાલ મજકુર હેંસીમાં પ્રકરણના લખનારે સુચવ્યોછે. તેવું છતાં આપણા ઇંગ્રેજ ભાષાંતર કર્ત્તાએ તેના પેહેલા અને તેરમાં ફકરાઓમાંથી ઘણાંજ અતલગનાં સગાંઓમાં પરણવાનો નક્કી એસારો શોધી કાઢેલો દેખાયછે. એ ફકરાઓમાં એવાં અતલગનાં સગાંઓમાં પરણવાની એલતેમાસ કીધી નથી, પણ તેમાં તો કોઇ ફીરકા, જાત, કુટુંબ અથવા અતલગનાં ખેશીઓ વચ્ચે એકદીલી જાળવવાને સીફારસ કીધીછે; તેમજ તેરમાં ફકરામાં એવાં ગોત્રગમન લગ્નોનો કુછંદી લોકોથી અમલમાં આવેલા રેવાજ તરીકે, સામો ખુલ્લે ખુલ્લો તિરસ્કાર કીધેલોછે, એવું દેખાડવા માટે, આય જગોએ એ ફકરાઓનો મારો પોતાનો કીધેલો તરજુમો આપવા માંગુંછું. એ ફકરાઓનું મારૂં ભાષાંતર નીચે મુજબ છે:—

"**ખ્વેતૂક-દસીહ** એટલે (ખુદા સાથની) નીસ્બતની એક બક્ષેસ. એ રીતે તે **પોતાનીમેળેજ હસ્તીમાં**

**આવેસ્તા પાક સાહેબની** કીધેલી બંદગીઓની મારફતે રફીકો, ખેશીઓ, કે ભાઇબંધો ઇજ્જત મેળવેછે, ને એકમેકના કોવતનું જોડાણ હાંસલ કરેછે. ઇન્સાન એકમેક સાથે કેવી સગાઇ ધરાવેછે તે વિષેના રસાલામાં એનો માએનો, જે મરદો અને ઓરતો રસ્તાખેજ (ફ્રશોકન્ત) ના હુંગાંમ સારૂ તૈયારી કરેછે અને તે વખ્તની સાથે નીસ્બત ધરાવેછે, તેઓ વચ્ચેનો (નિતીભર્યો) સંબંધ થાયછે. આય સંબંધ વધારે સંપુર્ણ રીતે સદા જારી રહે તેને સારૂ તે એકજ જાતના બેશુમાર ફીરકાઓમાં, હમશરીકો કે હમદીનોમાં, અને જેઓ એક બીજાં સાથ નજદીકનો કે અતલગનો સંબંધ ધરાવતા હોય તેઓ વચ્ચે ચાલુ રેહેવો જોઇએ." ત્યાર પછીનાં લખ્યાણમાં એકજ જાતનાં માનવીનાં જોડાંની પેહેલી પેદાયશને વાસ્તે જે ત્રણ તરેહના મીનોઇ સંબંધો અથવા જોડાંણોની જરૂર હતી, તેઓને એ શબ્દ કેવી રીતે લગાડયોછે તેનું બયાન આપેલુંછે. એ ફકરામાં કહેછે કેઃ—"**હમપતવનદીહ** યાને 'હમ-નીસ્બત' ત્રણ તરેહની હતી; જેવી કે, બાપ (અહુરમજ્દ) અને બેટી (સ્પંદારમત) વચ્ચેની, બેટા (ગઇયોમર્દ) ને માદર (સ્પંદારમત) વચ્ચેની, અને ભાઇ (મશીહ) ને બેહેન (મશીઆનીહ) વચ્ચેની. એઓને હું ભલી દીનના એક મોહોટા દસ્તુરની નહી જણાયલી શરેહને આધારે ઘણીજ કદીમ ગણુંછું." ત્યારબાદ જે આવેછે તેમાં માણસજાતની પેદાયશની અંદરના એવા સંબંધોનાં વાજબીપણાં વિષેનો ફરીથી સમજ પડે એવો ખુલાસો કીધોછે. એજ બાબના તેરમાં ફકરામાં કહેછે કેઃ—

"અગર કોઇ બેટા અને માદરથી એક બેટો પેદા થાય, તો તે (બાપ) તેના ભાઇ તેમજ બાપ તરીકે ગણાય, તે તો કાયદાથી ઉલટું ને ગોત્રગમન ભર્યું (-૭૩ જોહ) થાય. એમ જો હોય તો, એવા શખસને (ખુદાની) બંદગીમાં તથા (બેહેસ્તની) ખુશી ખુર્રમીમાં કાંઇબી હીસ્સો મળે નહીં; તે તો દુનિયાંમાં નુકસાન પેદા કરેછે અને તેથી કાંઇબી ફાયદો કરતો નથી; તે બેહદ બદફેલ હોયછે અને સારી સુરતનો હોતો નથી." (એ સાથ સરખાવો દસ્તુર પેશોતનજીની દીનકર્દ પુ૦ ૨ જું, સફો ૯૭ મો.)

વળી આ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે એજ ફકરામાં આવેલા કોઇ અરૂમાન અથવા એશીઆ-માઇનરના વતની વિષેના એસારાપરથી, પેલા યાહુદીએ પોતે બેટી અથવા બેહેન વગેરે સાથેના નેકાની કીધેલી હીમાયેત માટેના દીનકર્દનો ગુજરાતી તરજુમો કરનારના અભિપ્રાયને કાંઇ મજબુતી મળેછે. ડૉ૦ વેસ્ત કબુલ કરેછે કે આ ભાગમાં જયાંબી 'લગ્ન સંબંધી મોહોબત' ની મતલબ જેવું કાંઇ આવ્યું હોય ત્યાં કાકામામાના પિત્રાઇઓ વચેનાં લગ્નનો એસારો કીધેલો લાગેછે" (સફે ૪૧૦ મે) એ ફકરો આ પ્રમાણે છેઃ—"ભાઇઓ અને બેહેનોનાં ફરજંદો વચે ત્રણ તરેહની મોહોબત હોયછે" (ડૉ૦ વેસ્ત સફે ૪૦૪ મે પ્રમાણે). "એક એકે જયાં ભાઇ ભાઇઓનાં ફરજંદો હોય; એક એકે જયાં ફરજંદ ભાઇઓ અને તેમની બેહેનોનાં હોય; અને એક એકે જયાં બેહેન બેહેનોનાં તે બચ્ચાં હોય."

ફક્ત આયજ ફકરાંપરથી, અથવા તો જે જમાનામાં એ ફકરો રચાયો હોય તે જમાનામાં—એમાં આપેલી **ખ્વેતૂક્-દસીહની** શકમંદ શરેહ **ખ્વીશ-દેહેશનીહ**ના ભુલભર્યા અર્થપરથી પિત્રાઇઓ, માસીઆઇઓ ઇત્યાદી વચેનાં લગ્નોની સગાઇનો ખ્યાલ **ખ્વેતૂક્-દસીહ** શબ્દના સંબંધમાં ખીલી નીકળ્યો હતો એમ કહી શકયે. અત્રે એ લોગત ત્રણ કીસમનાં જોડાંણોની મતલબ રાખેછે,—એક, ખુદાવંદતાઆલા અને તેની મીનોઇ શક્તિઓ વચ્ચેનું, બીજું, એ મીનોઇ શક્તિઓ અને ઇન્સાનજાતી વચ્ચેનું, અને ત્રીજું, સપરપેહેલાં મરદ અને ઓરત વચ્ચેનું; એપરથી કોઇ ટોળા, ફીરકા, અથવા કુટુંબ માહેની નિતીભરી કે સંસારી એકદીલીનાં બંધનનો ખુલાસો મળેછે; પણ જેમ ફારસી **રવાયતોમાં** સ્પષ્ટ રીતે દેખાડયુંછે તેમ, એ શબ્દપરથી ઉઠતી માણસજાત વચ્ચેની મોહોબત કે લગ્નના ગાંઠની મતલબ, માત્ર ઉપર ઉતારેલા ફકરામાં જણાવેલાં પિત્રાઇઓ કે માસીઆઇઓનીજ હદમાં સમાયલીછે. જો કે ત્યારપછીનાં પેહેલવી લખાણોમાં **ખ્વેતૂક્-દાદ** પરથી પિત્રાઇઓ વચ્ચે સગાઇ કરવાનાં કામથી ઉઠતી મતલબ પાછી કવચીતજ જાહેર થાયછે, તોપણ **કામાહ બેહેરેહ, કાઊસ કામાહ** અને **નરીમાન હોશંગ**વાળી પાછલી ફારસી રવાયતોમાં એ મતલબ જળવાઇ રહેલીછે.

હવે **બગાન-નસ્કની** ચૌદમી ફરગરદના પેહેલા ભાગના ફકરા વિષે ડૉ૦ વેસ્તના તરજુમા પ્રમાણે

બરોબર કહેવાઇ શકાયકે તેમાં જણાવેલી **અહુરમજ્દ** અને **સ્પંદારમત** વચેની **ખ્વેતુક-દસીહ**, તે ઇન્સાન જાતીની પેદાયશને વાસ્તે બે મીનોઇ શક્તિઓના થયલા સંબંધ માટેનો ફરીથી એસારો કીધેલોછે, અને નહીં કે તે પરથી કોઇ બાપ અને દીકરી વચ્ચેનાં લગ્ન જાહેર થાયછે. તેમજ ડૉ૦ વેસ્ત (સફે ૧૯૬ મે) ટીકા કરેછે કે:—

"આય ફકરાપરથી માત્ર જણાયછે કે **ખ્વેતુક-દસ**ની મતલબ નજદીકનાં સગાંઓના સંબંધ (એક-સંપ) ની ઉઠતી હતી, પણ ત્યારપછી આવેલા **સ્પંદાર-મત**ના બાબમાં દીકરી તરીકેના એસારાઓને બાપ અને દીકરીની **ખ્વેતુક-દસ** સાથે સંબંધ છે કે નહીં તે પેહેલવી યજશનેના ૪૪ મા હાના ૪ થા ફકરાના કરતાં વધારે શક ભરેલુંછે."

તેમજ સફે ૪૧૨ મે* આપેલો દીનકર્દનાં સાતમાં દફતર માહેલો ફકરો જેમાં ડૉ૦ વેસ્તના તરજુમા પ્રમાણે ફક્ત મશીહ અને મશીઆનીહની **ખ્વેતુક-દસીહ** બાબે જણાવેલું માલુમ પડેછે, તે વિષેબી ઉપર મુજબજ કહી શકાશે.

તેજ પ્રમાણે યજશનેના ચુમાલીસમાં હાના ૪ થા શ્લોકની પેહેલવી શરેહમાં વગર પ્રસંગે ઘુસાડેલા ફકરા વિષેબી એવોજ અભિપ્રાય અપાશે, જે ફકરામાં **અહુર-મજદનાં પિતાપણાં** તથા **સ્પંદારમતનાં બેટી-**

---

* જુઓ S. B. E. પુ૦ ૧૮ મું.

**પણું** માટે એસારો આવેલોછે. એ ફકરાનો ડૉ૦ વેસ્ત આ પ્રમાણે તરજુમો કરેછે. (સફે ૩૯૩) :—

"Thus I proclaim in the world that [which he who is Aûharmazd made his own] best [*Khvêtûk-das*]. By aid of righteousness. Aûharmazd is aware who created this one [to perform *Khvêtûk-das*]. And through fatherhood (*of Aûharmazd*) Vôhuman (referring to Gayômard) *was* cultivated by him, [that is for the sake of the proper nurture of the creatures, *Khvêtûk-das was* performed by him]. So she who is his (Aûharmazd's) daughter is acting well, [who is the fully-minded] Spendârmat, [that is she did not shrink from the act of *Khvêtûk-das*] She was uot deceived, [that is, she did not shrink from the act of *Khvêtûk-das*, because she is] an observer of every thing [as regards that which is] Aûharmazd's, [that is through the religion of Aûharmazd *she* attains to all duty and law]."

આ ઉતારાપરથી સેહેલમાં સમજ પડેછે કે અહીઆં ખાસ કરીને **અહુર-મજ્દ** અને **સ્પંદારમતની બીનોઇ ખ્વેતુક-દસીહ** માટે—અને નહી કે કદીમ ઇરાનીઓનાં ઘણાંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં ખેશીઓમાં પરણવાના એવા કોઇ ખ્યાલી રેવાજ માટે—ખુલ્લો એસારો કીધોછે.

**વરશતમાનસર-નસ્ક**ની અઢારમી ફરગરદના પાછલા ભાગમાં, તેનાં [illegible] એવાં મથાળાંપરથીજ જણાઇ આવેછે તેમ માણસજાતનાં

પેહેલાં માબાપ યાને મશીહ્ અને મશીઆનીહ્ રસ્તાખેજના વખતે કેમ સજીવન થશે તેનો સાર, તેમનો જન્મ, અને બદીનો સદંતર નાશ થવા પછી તેમનું જોડાવું, તથા ઇન્સાની આલમની હવે પછી નવેસરથી થનારી શરૂઆત અને સૂધારો એ સઘળાંનું બ્યાન આવેલું છે.

ઉપર જણાવેલી રવાયત મીહેલા ફકરાના બાબમાં પણ એવું સુચવી શકાશે કે તેમાંના બે વાકયોમાં વાપડેલા પેહેલવી શબ્દો **ખ્વેતૂક્-દશીહ્ લેવતમન્ ઓરદાર્ વ ઓન્તમન્ વાદૂન્તન્** પરથી તો તે સર્વ શક્તિમાન સાહેબ સાથના સંબંધની બક્ષેસનું બજા લાવવું, અથવા હરેક કોઇએ પોતાની માદર, બેટી કે બેહેનની સાથે મળીને અથવા તેમના સંબંધમાં હકતાઆલાપર જાનફેશાની કરવી એવી મકસદ ખુલ્લી જાહેર થાયછે. ટુંકમાં, એક આખાં જરથોસ્તી કુટુંબે, એ દીનમાં કબુલ રાખેલા બુલંદતરીન સાહેબ દાદાર અહુરમજદની પરસ્તેશમાં ગુંઠાવું, અથવા તે દાદારની મરજીપર તવક્કલ કરીને તાબે રેહેવું, એ કામ ઘણુંજ તારીફ લાયક તથા સવાબભર્યું ગણાયલું હોવું જોઇએ.

હવે આપણું ખાસ ધ્યાન ખેંચે એવા બેજ ફકરાઓ રહ્યાછે. એ માહેલો એક **અરદા વિરાફ્નામા**ને લગતો છે, અને બીજો **બગાન નરક**ની એકવીસમી ફરગર્દ માહેલો **દીનકર્દ**ને લગતો છે. વિરાફનામા માહેલા જે ફકરામાંથી યુરોપ્યન ઓલમાઓ ભાઇ બેહેનો વચેનાં લગ્નની એ કહેવાતી રસમ સોધી કાઢેછે, તે ફકરો

નીચે મુજબ આચોછે:—"વિરાફને સાત બેહેનો હતી, અને એ સાતે બેહેનો વિરાફને ગોયા એક ઓરતસમાન હતી." તેઓ આ પ્રમાણે બોલી.—"એ મઝ્દયસ્નાનો આએ કામ કરતા ના, કારણકે અમો સાત બેહેનો છીએ, અને એ એકજ પુરો ભાઇ છે, અને અમો સાતે બેહેનો તે ભાઇને ગોયા એક ઓરતસમાન છીએ." અહીંઆં એક અગતનો સવાલ ઉત્પંન થાયછે કે, એ સાતે બેહેનો ખરેખર વિરાફ સાથે પરણેલી હતી, કે જેમ એક ધણીઆણી પોતાના ખાવીંદપર આધાર રાખે તેમ તેઓબી પોતાનાં ગુજરાન માટે માત્ર તેનાપર આધાર રાખતી હતી. વળી એ બેમાંથી કયું અનુમાન વધારે સંભવિત છે? ખરેખર આય વાત જાણવાજોગ છે કે એ બેહેનો વિરાફને પોતાનો ભરથાર કેહેતી નથી, પણ ભાઇ કહેછે, અને વળી તેમનો ભાઇ આ જેહાનથી કુચ કરી જાય, તેથી દુનિયાંમાં તેમનો જે એકપુરો આધાર તેબી જતો રહે તે માટે તેઓ ખેદ પામેછે. વળી પેહેલવી લોગત ૧૭૯ ચેગુન "સમાન", "જેવી" એવા અર્થ ઉપરથી તો એક મોહોરદારના જેવી હાલતનો, અને નહીં કે એક મોહોરદારની ખરેખરી હાલતનો અર્થ ઉઠેછે. હવે જો એ બેહેનો વિરાફની ખરેખરી બાયડીઓજ હતે તો, એવી સરખામણી દેખાડતી ભાષાની બીલકુલ જરૂર હતી નહીં. બીજા હાથપર એ નામાની બે જુનાંમાં જુની અસલ કેતાબો, જેઓપરથી બધી પાછલી નકલો ઉતારવામાં આવીછે, તેમના શબ્દોમાં ફેરફાર છે. ડૉ૦ હાઉગના હસ્ત-લેખો-

ના જથામાં જાળવી રાખેલી, અને સંવત ૧૪૬૬ માં લખાયલી નકલમાં **અખ્તમન્** યાને "બેહેનને" બદલે તદ્દન જુદોજ શબ્દ **જ.નાન** એટલે "બાયડીઓ" આવેલોછે. હવે જો આ પાછલો શબ્દ યાને **જ.નાન** કબુલ રાખીએ તો એ વાક્યનો માએનો એમ ઉઠે કે "વિરાફની સાત બાયડીઓ હતી, જેઓ સઘળી બેહેનો હતી."—એ ઉપરાંત આ વિચ્ચારવુંજ કઠણ થઇ પડેછે કે વિરાફ જે પોતાના વખતમાં ઘણોજ અશો શખ્સ હતો, તેવો માણસ એટલોબધો મોજીલો કે વિષઇ કેમ હોય કે પોતાની સાતે બેહેનોને પોતાનીજ મોહોરદારો બનાવે, કે જેવો બીજો કોઇબી દાખલો કદીમ ઇરાનની આખી તવારીખમાંથી મુદ્દલ મળી આવતો નથી. મજકુર ફકરાપરથી મારા માનવા પ્રમાણે, જરથોસ્તી કોમોમાં સાધારણ હોતી ઓરતોની પરતંત્ર હાલતનો, તેમજ માબાપથી, એકુ ભાઇથી, અથવા તો વળી કોઇ બનેવીથી પણ કુંવારી બેટીઓ કે બેહેનોના ચાલતા નિર્વાહનો દાખલો ખાસ કરીને મળી આવેછે, તથા જે એકાંત જીંદગી વિરાફ ગુજારતો હતો તે, અને જે સખત પરહેજ.ગારી અખત્યાર કરીને એબાદતમાં વખત ગુજારતો હતો ને પોતાનાં મનને મારતો હતો તેનો દાખલો જણાયછે.

બીજા જે ફકરામાં બાપ બેટી વચ્ચેનાં લગ્નની બાબત આવેલી આપણો ઇંગ્રેજી ભાષાંતર કરતા (ડા૦ વેસ્ટ) ધારેછે, તથા જે ફકરો તેના કહેવા પ્રમાણે, "જો કે તેમાં **ખ્વેતુક્-દસ્** શબ્દ આવતો નથી, તોપણ

તેમાંથી ધાંધલી બીજો અર્થ થાય નહીં એવો તદ્દન ખુલ્લો છે," તે ફકરો **બગાન-નસ્ક**ની **વહેશ્તુક-ચહ** ફરગર્દના મધ્ય ભાગમાંથી ટાંકેલોછે. આ ફરગર્દની મજમુન તેના એક પેહેલવી તરજુમા મધે મુખ્તેસરમાં જણાવીછે, અને તે **દીનકર્દ**ની આખેરીએ નજરે પડેછે. એ શકભર્યા અને એકથી વધુ અર્થવાળા ઉતારાના બાબમાં આટલું કહી શકાયછે કે, તેના બેથી વધારે અર્થો ઉઠેછે, જેમાંથી તેના ઉપલા ઈંગ્રેજ ભાષાંતર કર્ત્તાએ હાંસલ કીધેલી ચોકસ ઢપની વાકયરચના તથા તરજુમાની-અમુક મતલબને અનુસરતો થઇ પડે એવો અર્થ તેનાથી પસંદ કરવામાં આવ્યોછે. અકસર કરીને તો **બગાન-નસ્ક**ની આય એકવીસમી ફરગર્દમાં દીનદારીની ઇજ્જત ધરાવતાં કામોમાં, હરેક સ્ત્રી પોતાના પિતા કે ધણી તરફ મર્યાદાભરી અદાથી વર્ત્તે તે કામની બુઝોર્ગીની વળી તારીફ કીધેલી લાગેછે. "**તર્કાસીહ દયેન અબિતર વ શોએ**" એ વાકયનો બોલેબોલ માએનો "(હરેક ઓરતે) પોતાના પેદર અથવા ખાવંદ તરફ (જાળવવી જોઇતી) અદા અને ડર." એવો થાયછે. જેવી અદા કદીમ ઇરાનના દાનાવો કે મોહોટા સ્તુરોના ફતવાઓમાં ઓરતજાતની નિતીના સંબંધની ખાસ બાબદ તરીકે વારંવાર ભાર મુકીને જણાવીછે. એજ વિચાર **બગાન-નસ્ક** માહેલા આ ફકરામાં ફરી ફરીથી જણાવેલો દેખાયછે, જે ફકરાનો જો ઉપલી મતલબથી તરજુમો કરવામાં આવે તો, ડૉ૦ વેસ્તે ઉઠાવેલા અર્થથી તદ્દન જુદોજ અર્થ ઉઠે. ડા૦ વેસ્ત પેહેલવીના અસલ

લખાણુનો નીચે મુજબ પોતાનો તરજુમો આપેછે (સફે ૩૯૭ મે):—

"અને આયપ્પી કે જે મીસાલે કોઇ પરાયા શખ્સને એક ઓરત (નેકામાં) આપવામાં આવે, તેજ મીસાલે,—જે શખ્સ એક બેટીને તથા બીજી ઓરતને, એક પેદર તથા ખાવીંદને ઘટતું માન આપવાની તાલીમ આપેછે—તે શખ્સ હરેક બાપને તેની બેટી નેકામાં આપે."

મારાં અદના ભાષાંતર પ્રમાણે તો એ ફકરાપરથી તદ્દન જુદીજ મતલબ ઉઠેછે, હું એ ફકરાનો આ પ્રમાણે તરજુમો કરૂંછું:—

"અને આયપ્પી (એક સવાબભર્યું કામ છે) કે જે મીસાલે એક બેટી પોતાના પેદરને, પોતાની ઓરત તરીકેની અથવા પરણેલી હાલતમાં, માન આપેછે, તેજ મીસાલે હરેક ઓરત—જે શખ્સ પોતાની બેટી અથવા કોઈ બીજી ઓરતને તેના બાપ કે ભરથારને માન આપતાં શીખવેછે,—તેવાની મદદથી—કોઈ બીજા શખ્સને (અથવા તીરાહીત આસામીને) માન આપે."

હીંઆં તો, જે શખ્સ ઓરતોને પરાયા મરદો તરફ અને અતલગના મરદ ખેશીઓ તરફ અદબ તથા ઇજ્જતભરી વર્તણુક રાખવાને તરબીઅત આપેછે, તે શખ્સને દીનમાં એક ચોકસ મરતબો આપેલો જણાઇ આવેછે. આ ફકરાપરથી ખાસ કરીને લગ્નને લગતી કાંઇબી મકસદ ઉઠતી નથી; એથી ઉળટું તો હરેક ઓરતે કોઇ પરાયા મરદ તરફ, યા કોઇ ધણીઆણીએ પોતાના ભરથાર તરફ, કે કોઇ બેટીએ પોતાના પેદર તરફ, જે ઇજ્જતભરી અદબ જાળવવામાટે એશીઆ ખંડની દરેક કોમમાં ફરજ ભર્યું ગણાયછે, તે ફરજ એ ફકરો દેખાડેછે.

બીજા હાથપર, આપણા સવાલને લગતા બધા પેહેલવી ફકરાઓનાં અસલ પેહેલવી લખાણનું ગુંચવણ ભર્યું વાંચણ, તેની મુશ્કેલ્યાત, યા તો તેની ભુલ ભરેલી નકલને લીધે, જેમ કોઇને ફરજ પડે તેમ—એક બારગી ડૉ૦ વેસ્તનોજ તરજુમો બાહાલ રાખીએ, તોબી 'સાસાન્યન સલતનતનાં છેલાં વરસોમાંબી' ભાઇ બેહેન, કે બાપ દીકરી વગેરે અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નો ઇરાનમાં ખરેખર અમલમાં આવતાં હતાં એ સાબેત કરવું મુશ્કેલ થઇ પડેછે. એ વિદ્વાનની હકીકતપરથી ફકત એટલુંજ જણાયછે કે, એક યા વધારે પેહેલવી લખનારોએ, પોતે અવસ્તાનાં ધર્મ-મતો બરાબર નહી સમજવાથી એવાં ગોત્રગમન લગ્નોની માત્ર હીમાયત કીધી હતી,* અને તેબી વળી "કાંઇ ફતેહ વગર."

સેવટે આવી એક રસમ, જે અક્કલ અને ગ્નાનની નજરે જોતાં ઘણીજ એબભરી દેખાય, તેવી રસમને અસલ ખરેખરાં પેહેલવી લખાણોમાંબી સવાબભરી જણાવી નથી. આએ વિચારના ટેકામાં, હજરત જરથોસ્તની મીનોઇ શકિત બાબે જે મીનોઇ બાબદો **દીનકર્દ**ની સાતમી કેતાબમાં જાહેર કીધીછે, તેમાંથી એક ફકરો રજુ કરૂંછું. એ ફકરામાં ખાસ કરીને મજદકનાં મત પ્રમાણે ચાલનારાઓને, મરદ અને ઓરતો વચ્ચે એવો બેકાયદે તથા બેમલાહજેનો સંબંધ

---

* એ વાત પાછલના પેહેલવી નકલ નવેશોની નાવાકેફી અથવા ભુલભર્યા વિચારોને સારી રીતે લાગુ પાડી શકાશે.

રાખવાની રસમ લાગુ પાડીછે, અને જેઓ એવાં કામો બજાવે તેમને ધિઃકારથી વરૂની ખસલતના, તથા નુકસાન-કારક પ્રાણીઓ જેવા ગણ્યાછે. જરથોસ્તના જમાના પછીના હજારાઓમાં થનારા ફેરફારો તથા બનાવો બાબે અહુરમજદે જરથોસ્ત સાહેબને દીધેલી, અને દીનકર્દમાં નોંધેલી, જુદી જુદી ગેબી ગુવાહી અથવા બશારતોમાં એક ગવાહી એવીબી છે કે જેમાં. સાસાન્યન અઇયામની શરૂઆતમાં દીનની આબાદીપર આવનારી આફત તરીકે, આ જેહાનમાં થનારો મજદકનો જન્મ, તેના મજહબની ત્રાસદાયક અસર, અને તે પરથી તેના કમજોર અનુસંગીઓની અંતે થનારી હેવાનોનાં જેવી હાલત એઓની આગાહી આપીછે. મજકુર ફકરાનો તરજુમો નીચે મુજબ આપી શકાશે :—

"(અહુરમજદે કહ્યું):— અને વળી **મજદયસ્નની** દીનના દુશ્મનો અને અશોઇને હરકત પોહોંચાડનારાઓમાંથી, પેલો **અંહરમોગ** (મજદક) અને જે લોકો મજદકીઆન કહેવાશે...... તેઓ પોતાનાંજ બચાંને પોતાની સાથ હમખીસ્તર થવાને લાયક જાહેર કરશે, યાને તેઓ પોતાની માદરો સાથ હમખીસ્તર થવાનો ફતવો આપશે, તેથી તેઓ ગોર્ગ યાને વરૂ કહેવાશે, કારણ કે તેમનાં કામો વરૂનાં જેવાંજ થશે; જે મીસાલે કોઇ વરૂનો જણેલો પોતાની બેઠી કે માદર સાથ કરે તે મીસાલે તેઓ પોતાની બદહવસ-ભરી ખાહેશ મુવાફેક ચાલશે, અને તેઓ પોતાની માદર સાથ હમખીસ્તર થશે, તેમની ઓરતો મેંઢી કે બકરીઓ મીસાલ રેહેશે."

આ ગવાહીપરથી મરદ અને ઓરતો વચ્ચેનો આવો અવિચારી સંબંધ, કદીમ જરથોસ્તીઓનાં મત

પ્રમાણે કેવો ધિઃકારભર્યો ગણાતો હતો તે, તથા એ તો એક પાખંડી મતવાલો કાફર, જે સાસન્યન વખતના ઇરાનીઓની સંસારી નિતીને બારેવાત કરવા, તથા કમઅક્કલ પાદશાહ કોબાદ ૧ લાને, ઘણુંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં સગાંઓ વચ્ચે—અહુરમજ઼્દી આગાહી પ્રમાણે નજીસ ગણાયલો—હમબીસ્તર થવાનો ફતવો આપવા પેદા થનાર હતો, તેની અગમચેતી કીધેલી સાફ જણાઇ આવેછે. એવો મત જ઼રથોસ્તી દીનનો તો નથી, પણ તેના પ્રતિપક્ષીઓ તથા દુશ્મનો, તે મજ઼્દક તથા તેના બદફેલ હેવાન્યત ખસલતના સાગેર્દોનો હતો.

૪—સેવટે, લગ્નના સંબંધ બાબે અવસ્તામાં વધારે સ્વચ્છ, અને વધારે ઉમદા વિચારો આવેલાછે, એ અનુમાનના ટેકામાં, ગાથાના એક શ્લોક કરતાં બીજી બેહતર સાબેતી જોઇતી નથી. તેમાં ડૉ૦ ગાઇગરનાં મત પ્રમાણે, લગ્નના ગાંઠને "મોહોબત અને અશોઇના પાયાપર ઉઠાવેલા ઘણાજ અતલગના સંબંધ," તરીકે ગણેલોછે. એ શ્લોક તે લગ્નના **આશીરવાદના કલામોમાનો** છે જે પયેગાંબર સાહેબ હજ઼રત જરથોસ્તે, પોતાની બેટી **પોઊરૂચિશ્ત** તથા જમાઇ **જામાસ્પ** વચ્ચેનાં લગ્નના હંગામપર પઢેલા લાગેછે.* તે આ પ્રમાણે છે:—

---

* યજ઼શનેના ત્રપનમા હાની ચોથી કળીની પેહેલવી શરેહમાં કહેછે કે:—

[illegible]

[illegible]

[illegible]

"પરણતી કન્યાને હું નસીહતના સુખનો કહું છું,
"અને તમો (વરરાજા) ને, હું જે તમોને પીછાનું છું;
તે સુખનો સાંભળજો!
"દીનના કાનુનોથી ભલાં મન (વોહુમનો) ની જીંદગી
ગુજારતાં શીખજો!
"અશોઇથી તમો બંને અરસપરસનો પ્યાર મેળવવાની
કોશેશ કરતાં રેહેજો, ફક્ત એ રીતેજ તમો
આસુદગીની રાહ પામશો!" (યજશ્નેનો હા
૫૩ મો, ફ૦ ૫ મો;* એ સાથ સરખાવો મારી
"Civilization of the Eastern Iranians,"
પુ૦ ૧ લું, સફે ૬૨ મે.)

જોકે અવસ્તાનાં લખાણોનો મોહોટો ભાગ નાશ પામવાથી, કે ગુમ થઇ જવાથી, હવે તેની હાલની હાલતમાં ફક્ત છુટા છવાયા ભાગોનો નહાનો જથોજ રહી ગયોછે, તોપણ તેમાં અવસ્તા રચાયા તે જમાનાના ઇરાનીઓના શાદીના રેવાજપરથી કોઇબી રીતે એવાં ગોત્રગમન વિવાહોનું અનુમાન ઉઠી શકશે નહી, એવું ખુલ્લું દેખાડનારા એસારાઓની કાંઇબી ખુટ નથી. **મોશુ-જઈદ્યમન** યાને કોઇ કુમારીકાના હાથ માટેની સીધી યા આડકતરી "માંગણી કે અરજ" કરવી, અને **વધ્** અથવા **વજ્** એટલે (લગનપછી) "ધણી-

* છેલી બેતનો ડૉ૦ મીલ્સ આ પ્રમાણે તરજુમો કરેછે:— "(અને તમો, વહુ તથા વરને), તમો દરેક જણ એક બીજાંને અશોઇથી (રાસ્તીથી) માનતાં રહેજો; એથીજ ફકત તમો દરેક જણને સંસારી જીંદગીનું સુખ મળશે." (જુઓ S. B. E. પુ૦ ૩૧ મું, સફે ૧૯૨ મે.)

આણીને ઘેર લઇ આવવી" (ducere puellam in matrimonium) એ કલાંમોપરથી પેહેલો વિચાર આવેછે કે, મજદયસ્નાન લોકો જુદાં જુદાં કુટુંબો કે શેહેરીઓ વચ્ચેનાં પરસ્પરનાં લગ્નોથી અંજાણ્યાં નહીં હતાં. વહુને વરરાજાને ઘર લઇ આવવી, એવી જે મતલબ અવસ્તાના **વધ્** ધાતુમાં રામાયલીછે (જેનો અર્થ જંદ-અવસ્તામાં "પરણવું" કરી થાયછે), તેપરથી— કદીમ મજદયસ્નાનો ફકત પોતાનાંજ કુટુંબમાં અને ઘણાંજ નજદીકનાં એકજ લોહી ધરાવતાં સગાંઓમાંજ પરણવાનો શોખ રાખતા હતા—એવા કેટલાક યુરોપ્યન વિદ્યાર્થીઓના વિચારનો ખુલ્લો અને ધ્યાનમાં ઉતરે એવો રદીઓ મળેછે. એ ઉપરાંત હરેક ઇરાની કુટુંબમાં ધણીઆણીનો દરજ્જો કોઇબી ઈંગ્રેજ કુટુંબની વડી બાનુ (materfamilias) થી ઉતરતો ન હતો. જે મીસાલે તેનો મરતબો તેના ખાવીંદના સરખોજ હતો, તેજ મીસાલે તેની પાક દામની તે કબીલાનો ગોયા સીનગાર હતો, અને તેની પાકીજગી તથા ખાનગી અને જાહેર જશનોમાં તેણીની સામેલગીરી ગોયા આશીર્વાદ જેવી હતી. એ સાથે એક ઇરાની કન્યા પોતાસારૂ ભરથાર મેળવવામાટે **વયુ** (ગોઆદ) ઇજદની જે અરાધના કરેછે, તેમાં કોઇ અતલગના સગાંને પરણવાની ઇચ્છાનો બીલકુલ એસારો આચ્યો નથી, પણ તે તો માત્ર કોઇ એવો ઇરાની જવાન માંગેછે, જે બાહાદુર, દાના અને પઢેલો હોય. જેમકે:—

"અમારીપર આય બક્ષેસ કર કે અમો એક ભરથાર પામ્યે, જે જવાન ને બેહદ ખુબસુરત હોય, અને જે જ્યાં

સુધી અમોને એકમેક સાથ રેહેવું પડે ત્યાંસુધી અમારૂ ગુજરાન પેદા કરી શકે, અને જેનાથી અમોને ફરજંદો પેદા થાયં, એવો દાનાવ, પઢેલો અને હાજર-જબાની ખાવંદ મેળવ્યે." (જુઓ "Civilization of the Eastern Iranians" સફે ૬૧ મે; પૃષ્ટ ૧૫ થી, ફ૦ ૪૦ મો).

બીજું એ કે, **વંદીદાદની ૧૪ મી ફરગર્દ**, જેમાં હરેક જરથોસ્તી હેરબદ કે બેહેદીન પોતાની બેટી કોઇ અશો **મજદયસ્નાનને** નેકામાં આપે એ કામને તેના ઘણાંએક સવાબભર્યાં કામો માહેલું એક ગણ્યુંછે, તેમાં એવાં અતલગનાં સગાંઓ વચ્ચે પરણવાનો કાંઇબી એસારો આવ્યો નથી. વળી આ જાણવાજોગ છે કે, અવસ્તામાં જયાંબી લગ્નની બીના બાબેનો એસારો કીધોછે, ત્યાં **ખ્‌એત્વદથ** શબ્દ મુદલ આવતો નથી. વળી આબી યાદ રાખવું કે હજરત જરથોસ્તને છ ફરજંદો પેદા થયાં હતાં, તેમાં ત્રણ બેટા નેં ત્રણ બેટીઓ હોવા છતાં, તેઓએ પોતાના બેટાને પોતાનીજ બેટી સાથ પરણાવાનો વિચાર કીધો નહીં; તેમજ પોતે પોતાની માદર કે એકું બેટીને પોતાની મોહોરદાર બનાવી નહીં. જો એ હજરત પયેગામબરનો ખરેખર એજ ધર્મ-મત હતે તો જરથોસ્તે પેહેલેથીજ પોતે પોતાનાંજ કુટુંબમાં, તથા પોતાના પેહેલા મદદગારો વચ્ચેજ અમલમાં લાવવો ઘટતો હતો.

કદીમ ઇરાનીઓમાં એકજ લોહી ધરાવતાં ઘણાંજ અતલગનાં સગાંઓ વચ્ચે પરણવાની રસમ હસ્તી

ભોગવતી હતી કે નહીં, એ સવાલ વિષે આશા રાખુંછું કે, હવે વધુ વખત મુશ્કેલી ઉઠશે નહીં. એ માટેની યુનાની અને રૂમી તવારીખનવેશોની વજુદ વગરની ગવાહીને એતબાર નહીં રાખવાજોગ તથા ભુલ ભરી દેખાડીછે, એટલુંજ નહીં પણ પુરાતન ઇરાનીઓની પવિત્ર કેતાબો જંદ અવસ્તામાંથી એવી કાંઇ ગવાહી શોધી કાઢવાની કોશેશબી તદન નિષ્ફળ ગઇછે.

જયાં સુધી કે એ સવાલના ટેકામાં ઇરાનની પ્રાચીન તવારીખની બાબદોના કે તેની દીનના કોઇ અભ્યાશીની પુરતી રીતે ખાતરી થાય, એવી મુસ્તકીમ સાબેતીઓ લાવવામાં આવે નહીં, ત્યાં સુધી તો, જે ખાતરીભરી સાહાદતોથી મેં મારી તકરાર શરૂ કીધી હતી, તે સાહાદતો આય રીસાલાની આખેરીએ ફરીથી ટાંકીને, બીજી તરફ જે તકરારો રજુ કરી શકયોછું તેટલાંથીજ સંતોષ પકડુંછું:—

૧—કદીમ ઇરાનીઓપર મુકાતા તેમનાં ઘણાંજ અતલગનાં સગાંઓ વચે અતી વાંધાભરી રીતે પરણવાના નાપસંદ અરોપને ટેકો આપવા માટે યુનાની તથા રૂમી સાહીત્યના સફાઓમાંથી ચુંટી કાઢેલા **કેટલાક છુટા છવાયા ફકરાઓની નાપાયદાર સત્તા તદન નકામી છે.**

૨—એવા કોઇ ઘણાં અતલગનાં સગાંમાં પરણવાના રેવાજ માટે, અવસ્તા કે તેના પેહેલવી તરજુમામાંથી કાંઇબી નીશાન, એસારો, કે સુચના દેખાડી શકાશે નહીં.

૩—જે પેહેલવી ફકરાઓનો પેહેલવી ભાષાના એક મશહુર ઇંગ્રેજ વિદ્યાર્થીએ તરજુમો કીધોછે, અને જે ફકરાઓ એવી કોઇ રસમ સાથે નીસબત રાખતા ધારવામાં આવેછે, તે ફકરાઓમાં અતલગનાં સગાંઓ વચ્ચેનાં લગ્નોની ખાસ ભલામન કીધીછે, એ વિચારને ટેકો આપે એવો કાંઇબી તેમનો અર્થ ઉઠી શકતો નથી. જે થોડાએક પેહેલવી ફકરાઓ એવાં લગ્નો સાથ ખરેખરી નીસબત રાખતા કહેવાયછે, તે ફકરાઓમાં સંસારમાં બનતા કોઈ ખરેખરા બનાવ બાબે એસારા આવ્યા નથી, પણ તે તો ઇન્સાન-જાતીનાં સપર પેહેલાં વડવાંઓની પેદાયશને લગતી **ગીનોઈ** (Supernatural) સમજ વિષેના એસારા છે.

૪—યજશ્નેના ૫૩ મા હા માહેલા ગાથાના એક શ્લોકમાં બચી રહેલા, ખુદ પયેગંબર સાહેબ જરથોશ્તના મુખનો લગનના સંબંધ માટે ઘણોજ ઉમદા નિતી-માન વિચાર જાહેર કરેછે.

સમાપ્ત.

# વધારો.

આ તરજુમો છપાઇને તમામ થવા આવ્યો તે વખતે મને ખબર મળીકે દસ્તુર દારાબજીનાં મજકુર ઇંગ્રેજી ભાષાણોથી યુરોપખંડના વિદ્વાનોમાં ભારે ચરચા ઉભી થઇછે, અને તેમનામાંથી કેટલાકોને એ જવાન એરવદનો અભિપ્રાય કેટલેક દરજ્જે સ્વિકારવો પડયોછે. મગર હાલ થોડુંકની વાતપર મેન્ચેસ્ટરવાળા પુર્વ તરફની ભાષાઓના મશહુર વિદ્યાર્થી ડૉ૦ એલ. સી. કેસારટેલીએ છેલાં "બાબીલોન્યન એન્ડ ઓરીઆંટલ રેકર્ડમાં" કેટલીક વિરૂધ મતની તકરારો આણી હતી; તેમાં એક ઇટાલ્યન વિદ્યાર્થી પ્રૉફેસર પીઝીનો આધાર પકડી, શાહાનામા મધે આવેલી પેલી જાણીતી 'સ્યાવક્ષ અને સુદાબે' ની લોકકથાના પાયાપર પોતાની ઇમારત રચીછે. પરંતુ આપણા ચાલાક દસ્તુરજાદા દારબજીએ ચાલુ સાલના માસ નવેમબરની તા૦ ૧૨ મીનાં મુંબઇ ગેઝેટમાં તેનો ઘણોજ વિદ્વતાભર્યો રદીઓ આપીને ઉપલા યુરોપ્યન આલમાની તમામ દલીલોનું તકલીદીપણું દેખાડી આપ્યુંછે. એ રદ જવાબ અગતનો દીસવાથી તેનો સદાબરો તરજુમો વધારા તરીકે મારા વાંચનાર સાહેબો આગળ નીચે રજું કરૂંછું:—

**રૂ૦ એ૦ શા૦ મેહેતા.**

## તા૦ ૧૨ મી નવેમબર ૧૮૯૦ ઇસવીનાં મુંબઈ ગેઝેટમાં એ સવાલપર આવેલો રેસાલો.*

(લખનાર દસ્તુર દારાબજી દસ્તુર પેશોતનજી સંજાના.)

"મારો મજકુર રીસાલો જાહેરમાં આવ્યા પછી, તેના-પરથી ઉઠેલી તકરારોમાં હમણા સુધી અપાયલા મારી તરફેનના તેમજ વિરૂધના વિચારોપર નેગાહ પોહોંચાડતાં આપણને જોઇને સંતોષ ઉપજેછે કે જે યુરોપ્યન વિદ્વાનો—'એક કદીમ ઇરાનીની જીદગીમાં ગોત્રગમન તો એક સાધારણ બનાવ હતો,' એવો ખ્યાલ ઉપર ટપકેથી જણાવી જાયછે તેઓને હવે પોતાની તકરારનો આધાર કેટલોબધો નવેસરથી તપાસવાની ફરજ પડીછે. મારી દલીલોપર ગંભીર ધ્યાન પુગાડવાથી યુરોપ્યન ઓલમાઓને પોતાની તકરારમાં કેટલેક દરજે સુધારો કરવો પડયો હોય એમ જણાયછે. અપક્ષ-પાત વિચાર કરતાં તેઓને ખુલ્લો એકરાર કરવોજ પડેછે કે અવસ્તામાં ગોત્રગમનનું† જેમ ફરમાન આપ્યું નથી, તેમજ તેમાં ઘણાંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં સગાંઓ વચે લગ્ન કરવાની ભલામણ પણ કીધી નથી. તેજ પ્રમાણે એ સવાલ ઉપર જુનાની ગ્રંથકારોની સત્તા ટાંકતાં હવે તેઓને ઘણી સંભાળ રાખવી પડેછે. ત્યારે હવે મારી દલીલો તોડવાને મારી વિરૂધવાળા એ મતવાદી સાહેબોને જે

---

* "બાબીલોન્યન એન્ડ ઓરીઅંટલ રેકર્ડ" ના એક છેલા આંકના સંબંધમાં.

† એકજ લોહી અથવા એકજ કુટુંબની સગાઇની જે હદમાં લગ્ન કરવાને ફરમાવેલું છે, તેની મતલબ લેતાં છેકજ અતલગનાં એક લોહી ધરાવતાં ખેશીઓ (જેવાંકે ભાઇ—બેહેન, બાપ—બેટી, મા—દીકરા ઇત્યાદી) વચેનાં લગ્નોનું ફરમાન અવસ્તામાં બીલકુલ આવ્યું નથી.

હથીઆરો જડી આવે, તે માત્ર કેટલાક એકથી વધાર અર્થો ઉઠે એવા પેહેલવી શબ્દો અથવા શાહાનામાં વીગેરે પુસ્તકો માહેલા કેટલાક એવા ફકરાઓ, કે જેમાં ખરેખરી લગ્નની બાબદ સાથે કાંઇબી નીસ્બત ન હોતાં ફકત કોઇ શાહાજાદા કે શાહાજાદીનાં એકાદ અનિતીભર્યાં કામનું વર્ણન આવ્યું હોય—તેવા શબ્દો કે ફકરાઓ કામ લાગી જશે, એમ હું ધારૂંછું.

મેન્ચેસ્ટરવાળા નામાંકીત વિદ્વાન ડૉ. એલ. સી. કેસારટેલીએ એ સવાલ ઉપર "બાબીલોન્યન એન્ડ ઓરીઆંટલ રેકર્ડ" નામનાં ચોપાન્યાંના છેલ્લા અંકમાં કેટલીક ટુંક વિગતો આપવાની કૃપા કીધીછે. "Zeitschrift der deutschen morgenlaendischen Gesellschaft" (Journal of the German Oriental Society.) એ નામનાં જરમન ચોપાન્યાંમાં છપાયલા એ બાબદને લગતા રેસાલા ("Uber die persische Venwandtenheirath") વિષે એસારો કરતાં ડૉ૦ કેસારટેલી જણાવેછે કે "તેમાં ડૉ૦ એચ. હુબ્શમાન (એર્વદ) દારાબનાં મતને તદન મળતો થઇને કહેછે કે જ્યાંસુધી ખુદ અવસ્તાને લાગતું વળગતું છે ત્યાંસુધી જંદ શબ્દ 'ખ્એટ્વ-દથ' નો અર્થ ઘણુંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં સગાંઓના લગ્નનો ઉઠતો હોય એમ કોઇબી રીતે સાબેત થતું નથી;— એટલુંજ નહીં પણ એનો એવો અર્થ થવો 'પણ સંભવિત નથી.' એ વાત એ વિદ્વાન, જે જે વાકયોમાં એ શબ્દ આવ્યોછે, તેમની તપાસ લઇને લંબાણથી પુરવાર કરી આપેછે." એટલું જણાવી એ કાબેલ ડૉક્ટર પ્રૉફેસર ઇટેલો પીઝીની સત્તાઉપરથી "શાહાનામા" માહેલી એક ચોકસ ઉપકથાપર આંગળી કરી એવું સાબેત કરવાની કોશેશ કરેછે કે, કદીમ જમાનામાં એવા ગોત્રગમનના ગુનાહો ઇરાન દેશમાં ખરેખર કેલાયલા હતા. એ બાબદપર અત્રે લંબાણથી બોલવું

નકામું છે. એ વિષે ઇરાનના એ પેહેલવાની દાસ્તાનના રચનાર શાએર ફીરદુસી તરફથી જે જે સીધી શાબેતીઓ મળી આવે, તેમનીપરજ અત્રે વિચાર કરવાની માત્ર જરૂર છે. ઉપર જણાવેલાં લખાણમાં ડૉ૰ કેસારટેલીના ટીકા નીચે પ્રમાણે આવેછે:—

"વળી ફીરદુસીની વીરરસ કવિતામાં ઇરાનના પેહેલવાની જમાનાની રીતભાંતો તથા રૈવાજોના બચી રહેલા અહેવાલો-પરના પ્રૉફેસર ઇટેલો પીઝીનાં આ મનોરંજક પુસ્તક ('L' Epopea Persiana e la vita e i Costumi dei Tempi Eroici di Persia' Firenze 1888) થી જેઓ નાવાકેફ હશે, તેઓ, ઇરાની બાબદોના આ ઇટાલ્યન ઉસ્તાદનાં મત પ્રમાણે તે (ઇરાની) લોકનીજ લોકકથાથી એ બીનાપર પડતી રોશની જોઇને ખુશ થશે. એવાં ઘણાં અતલગનાં સગાંઓમાં થતાં લગ્નોનો હેતુ જણાવીને તથા યુનાની ને બીજા લખનારાઓની ગવાહી ટાંકીને પીઝી સફે ૧૯૧ મે લખેછે કે:—"આવાં છેક નજદીકનાં એશીઓવચે થયલાં લગ્નોના ઘણાજ થોડા દાખલાઓ ફીરદુસીનાં શાહાનામાંમાંથી મળી આવેછે. લેકીન, તેમની નીશાનીઓ જોકે ઘણીજ કમછે, તોપણ પુરતી રીતે સ્પષ્ટ છે. તેમાં ખરેખર, સૌદાબે પોતાની એક બેટીસાથ જવાન સીયાવીશ (સ્યાવક્ષ) ને પરણવાને એસતેમાસ કરેછે. તેમ જો બનતે તો પરણતી છોડી સીયાવીશના બાપથી પેદા થયલી તેની એક બેહેનજ હોતે, કારણકે પાદશાહ કાઉસ સીયાવીશનો પિતા તથા સૌદાબેનો ખાવીંદ થતો હતો."—મગર સૌદાબે તો એથીબી ઘણીજ આગળ વધી, અને સીયાવીશ જેનાપર પોતે આશક હતી તેને એસતેમાસ કરવા લાગી કે જયારે બુઢા કાઉસ મરણ પામે ત્યારે તેણે (સીયાવીશે) તેણીની સાથે પરણવાની માંગણી કરવી, અને એ રીતે પોતાના

ગમથી દીલાસો હાંસલ કરવો; જેમ જો બનતે તો સીયાવીશ પોતાની સાસુ સાથે પરણ્યો કહેવાતે."*

આ લખનાર માત્ર કોઈ એકાદ નહાના સરખા ઉતારા બાબે એસારો કરતો નથી, પણ સુદાબે અને સ્યાવુશને લગતી એક મોહોટી ઉપકથા જેમાં લગભગ ૫૦૦) ઉપર બેતો રોકાયલીછે, તે માટે બોલેછે. (જુઓ "Le Livre des Rois" par A. Firdousi, "publie, tradui et comment, par M. Jules Mohl, tom Second, Paris, Imprimeri Rajale 1842. સફે ૨૦૮—૨૩૦ મે).

ફીરદુસી એ શાહાજાદાને સ્યાવક્ષ અથવા સ્યાવુશ કરીને કહેછે. એ નામ પેહેલવીનાં 'સ્યાવર્શ' તેમજ અવસ્તાના 'સ્યાવર્શાન' (જેનો લોગવી અર્થ "કાળો મર્દ" થાયછે તે) નામ સાથે મળતું આવેછે. અવસ્તામાં યષ્ટ ૯ મીને ફકરે ૧૮ મે, યષ્ટ ૧૭ મીને ફકરે ૪૨ મે તથા યષ્ટ ૧૯ મીને ફકરે ૭૭ મે અને આફ્રીને જરથોસ્તમાં તેનું નામ આવ્યુંછે. કવિકવાતના સૌથી વડા બેટા અને કવિઅર્શને

---

* અત્રે એ તકરારની પેહેલીજ બાબદ મેં હાથ ધરીછે, કારણકે તેની ખબર લેવાનું મેં યોગ્ય ધાર્યું છે.—ડૉ૰ કેસારટેલી વળી આગળ જણાવેછે કે: "એ ઉપરાંત વળી રૂસ્તમ ગેવની એક બેહેન સાથ પરણ્યો હતો, જેથી તેને ફરામરૂઝ નામે બેટો પેદા થયો હતો, જયારે ગેવ તો વળી રૂસ્તમની બેટી બાનુ ગુશસ્પનો ભરથાર લાગતો હતો." આ ટીકામાં દેખીતી ભુલ થયલીછે. રૂસ્તમ, પેહેલવી "રૂદસ્તમ" નો જમાઈ ગેવ, અવસ્તા "ગએવની" તે એ ઇંગ્રેજી શબ્દ (brother-in-law) ની મતલબે તે પેહેલવાનનો ખરેખરો સાળો હોઈ શકે નહીં. ગેવના બાપ ગુદર્જની કોઈ ખરેખરી બેટીસાથ કદીબી રૂસ્તમ પરણ્યો હોય એ વાત એ વિદ્વાન ભાષા શાસ્ત્રીપાસ સાબેત કરાવા માંગુંછું. રૂસ્તમનો દામાદ ગેવ તે બાનુ આરામનો કોઈ પિત્રાઈ થતો હોય.—પાદશાહ બેહેમન માર્ટના છેલા એસારા માટે મારા ભણેલા મિત્રને મારી Next-of-Kin Marriages in Old Iran" ના સફે ૩૬ થી ૩૮ સુધીમાં એ સવાલનો મેં આપેલો રદીઓ જોઈ જવાને એલેતેમાસ કરૂંછું. [જુઓ આ તરજુમાને સફે ૩૩ થી ૩૫ સુધીની ફુટ નોટ.]

તથા કવિપિશિનના ભાઇ કએકાઉસ જંદ"કવઉસ"નો તે બેટા લાગેછે. (પૃષ્ટ ૧૭ મી ફકરો ૧૩૨ મો; પૃષ્ટ ૧૯ મી ફ૦ ૭૧ મો.) સુદાબે જંદ"સુતવંધા" જેને મસુદી "સોઆદ" કરીને લખી જાયછે, તે હમાવરના પાદશાહ શામરની બેટી અને કએકાઉસની ધણીઆણી થાયછે. (જુઓ Barbier de Meynard II. 119).

આએ વાત ધ્યાનમાં રાંખવી કે સ્યાવુશ કાંઇ સુદાબેને પેટે અવતર્યો ન હતો* પણ તે તો તેની મતરાઇ મા લાગતી હતી અને હમાવરના પાદશાહની બેટી થતી હતી, જેણે તેણીના ભરથાર કએકાઉસને દગાથી કેદ કીધો હતો, અને જે વારંવાર તે ઇરાની શાહ સામે માથું ઉચકતો હતો. આગળ જતાં, પોતાના સાવકા બેટા સાથે એવો ગોત્રગમનીક સંબંધ પાડવામાટે સુદાબેની શી મકસદ હતી તે, તેમજ તે શાહાજાદાએ એવી બેહુદી દરખાસ્ત સાંભળવાપછી પોતે શું અભિપ્રાય જાહેર કીધો તેપર આપણને વધારે વિચાર કરવો ઘટેછે. એ ઉપકથાનો ફ્રેંચ લાગવી તરજુમો જે મોહલનાં પુસ્તકના ત્રીજા ભાગને સફે ૨૦૮ થી ૨૩૦ સુધીમાં આપ્યોછે, તે તરજુમો વાંચવાને મારા વાંચનારાઓને ભલામણ કરૂંછું. આ રસાલામાટે મી૦ એટકીનસનના ઇંગ્રેજી એસ્તેલાલી તરજુમામાંથી† નીચલો ટુંક ઉતારોજ આપેલો બસ થશે:—

"(એ મોહોબતની માંગણી વખતે) હમાવરાન ખાતેના કાઉસનાં પરાક્રમોની, તેમજ સુદાબેના બાપના દગાથી તે

* એ સાથ સરખાવો મોહલનું ફ્રેંચ શાહાનામું સફે ૧૯૬ મે ઇત્યાદી. તથા જી મેનની "Heroic Tales Retold from Firdusi" સફે ૧૭૨ ઇત્યાદીમે.

† જુઓ જે. એતકીનસનનું "The Shah-Nameh" of Firdusi, translated and abridged in Prose and Verse (London 1886) સફે ૧૪૬—૧૪૭મે.

ભાની શાહ તથા તેના પેહેલવાનોપર જે હાદસા ગુજરી હતી, તે બનાવોનો તમામ અહેવાલ તેના (સ્યાવુશનાં) મગજઉપર પ્રકાશી નીકળ્યો હતો. તેથી તે ભારે ચિંતામાં પડયો અને તેણીનાં પ્રેમભર્યાં બોલવાના જવાબમાં એક સુખન પણ કહયો નહીં. સુદાબે તેની ચુપકીદી તથા નાખુશી જોઇને, શરમનો પરદો દૂર કરી બોલવા લાગી :—

'અરે તું મારો થા, કારણકે હું તારીજ છું, ને મને તારી બગલમાં ચાંપ!' અને ત્યારપછી તેણી તે તાજુબ થયલા જવાન આગળ ઉછળી, અને તેના (શરમથી) ઘણાજ રાતા થયલા રૂખસારોપર જુસ્સાથી બોશા દેવા લાગી, જેથી તેનો જીવ અજબજેવી રીતે ગુંચવાવા લાગ્યો. (તે બોલી) 'અરે જયારે શાહા ગુજરે ત્યારે, તું મને પોતાને હસ્તક લેજે; તું જો કે હું તુજપર કેવી તનોજાનથી કુરબાન થઇ રહેલીછું.' તે જવાન પોતાનાં દીલ સાંથે બોલ્યો:—'એમ હરગેજ બને નહીં. એ તો દેવનું કામ—શું હું દગાબાજ બનું? શું તેબી મારા પોતાના વહાલા પેદરનેજ? નહીં, કદી નહીં, કદી નહીં; એ રીતે હું અહેરેમનના ફરેબમાં આવનાર નથી; મગર આએ બેલગામ બનેલી ઓરત તરફ મારે સખ્ત બનવું નહીં જોઇએ, નહીં તો કે વળી કાંઇ વધતી નાદાની કરશે.' બીજે દને તેણીએ તેને તેડાવી મંગાવ્યો, અને બોલી :—'હવે મારેથી છુપાવી શકાતું નથી; મેં જયારનો તુને દીઠોછે ત્યારની ગોયા હું મુએલી જેવી લાગુંછું—મારૂં દીલ તદનજ કરમાઇ ગયુંછે એવી બે ફાયદે મોહોબતમાં સાત સાત વરસ પસાર થઇ ગયાંછે— સાત લાંબાં, લાંબાં વરસો (ગુજરી ગયાંછે). ઓ! હજુરબી હઠીલો ના થા, પણ મોહોબતના ભલા જુસ્સાથી, અરે! મારા ઇંતેજાર જાનને સુખી કર, નહીં તો જો ના પાડશે તો, તારો જાન જોખમમાં આવી પડશે; તું માર્યો જશે!' 'હરગેજ (એમ બનશે) નહીં,' તે જવાને જવાબ દીધો; 'ઓ! કદી નહીં કદી નહીં; અરે! મને ના પુછ, કારણકે એમ કદીબી બનશે નહીં'!"

મારાં ભાષણોમાં જે હું આગળ ભાર મુકીને બોલી ચુકયોછું, તેજ અત્રે મારે ફરીથી કેહેવાનું છે કે, આ ઉપકથામાં સ્યાવુશ પોતાની મતરાઈ માતાની ફરેબભરી માંગણી જે સાફ ના-પાડેછે, તથા તેનો તિરસ્કાર કરેછે તેપરથીજ ખુલ્લે ખુલ્લું સાબેત થાયછે કે શાહ કએકાઉસના જમાનામાં

ની કાંઈપણ રીવાજ બાંધેજ થયેલો ન હતો. જો એવાં ગેરવ્યાજબી માંગણી તે વખતે મનજુર રખાતાં હતે તો એ માંગણીને શેતાનીયત કામ જેવી, યાતો એક ફરેબબાજ ઉસ્કેરાયલી ઓરતનાં કર્તુક તરીકે જણાવી ધીઃકારી કાઢવાને તે શાહજાદાને શું યોગ્ય કારણ હશે? વળી આએબી યાદ રાખવું કે સ્યાવક્ષને તેડાવી મંગાવવામાં સુદાબે પોતે ગટમાં લોટતી હતી એ વાત શકથી દૂર નથી. આ અનુમાન સેહેજ થઈ શકેછે કે જો તેણીની માંગણી સ્યાવુશે સ્વિકારી હતે તો તેને ખડતો કરવાની પોતાની તદબીર અમલમાં મેલવવાને સુદાબેને સેહેલ થઈ પડતે, કેમકે તે જવાન તો ઇરાનનો ગાદીવારેસ હતો, મગર તેણીનો પોતાનો બેટો નહીં હતો.* આગળ જતાં એ ઇંગ્રેજી ભાષાંતર કર્ત્તા જણાવેછે કેઃ—†

"ત્યાર બાદ ત્યાંથી સેતાબીથી ચાલી જવા સારૂ સ્યાવુશ ઉઠયો, પણ સુદાબે તે જોઇને તેને વળગવાની તથા તેને જતો અટકાવવાની કોશેસ કરવા લાગી. મગર તેમાં તે ફાવી નહીં (યાને સ્યાવુશ અંતે ત્યાંથી ચાલી જવા પાંમ્યો); અને આખરે પોતાને ઘણીજ બારીક હાલતમાં આવેલી જોઇને, તેણીએ સ્યાવુશ ઉપરજ પોતાના બદન અને નિતીપર પાપી બલાત્કાર ચલાવવાનું તોહોમત મુકી તે દીવસના બનાવનો પાસો પોતાની તરફેણમાં ફેરવી નાખવાનો ઠેરાવ કીધો. તેટલાપરથી તે પોતાનો પોશાક ચાક કરવા ને મોહોટે મોહોટે કીકીઆરીઓ પાડવા લાગી, અને પોતે ખમેલાં આ (જોડી કાઢેલાં) અપમાનની કાઉસ આગળ ફર્યાદ કરવા ઓરડામાંથી બાહેર ધસી ગઈ."

---

* કારણ કે શાહજાદો તખ્તપર આવતાં વારજ ઇરાનના વંશપરંપરા રહેલા દુશ્મન હમાવરના પાદશાહ શામરની બેટી સુદાબેને દેશનિકાળ કરવાનું કામ સ્વભાવિક રીતે સપર પેહેલું બજાવે.

† જુઓ એતકીનસનના પુસ્તકને સફે ૧૪૭ મે.

અહીંઆં, મારા ધારવા પ્રમાણે રાજદવારી કાવાદાવા.. એક મનોરંજક પ્રકારપર આપણે આવ્યે છીએ. સુદાબેએ—પેટમાં દગો રાખીને માતા તરીકેના—પ્રેમભર્યા સુખનો કહી સંભળાવવા, સ્યાવુશે પોતાની મરજી ઉપરાંત (તેના પેદર શાહ કાઉસના હુકમે ફરજ પડવાથી) તેણીના મેહેલમાં મુલાકાતે જવું, મતરાઇએ કીધેલી શાહાજાદાને બેહુદી અરજ, તેણે તેણીની ગેરકાયદેની માંગણી તુચ્છકારી કાઢવી, અને સેવટે શાહાજાદાનું નિર્દોષપણું તથા તેનાપર સુદાબેએ મુકેલું કપટ-ભર્યું બોહોતાન, એ સઘળી બીનાઓ ધ્યાનમાં લેવાની છે. કદીમ ઇરાનની રાજદવારી તવારીખમાં છુપી નહીં રેહેલી આવી એક નેમ રાખીને ચલાવેલા દાવ ઉપરથી આપણે એવાં સેવટપર તો નહીંજ આવી શકયે કે શાહાજાદાસાથ લગન કરવા માટે કાંઇબી સ્વભાવિક કે ખરેખરી માંગણી થઇ હોય, યાતો એવી માંગણી—રાજ વિરૂધ કીધેલા ગુનાહ તરીકેની—તેની લાયક સજા પામ્યા વગર પસાર થઇ ગઇ હોય. એક બારગી કબુલબી કર્યે કે એ માંગણી ખરાં દીલથી કીધી હતી, તોબી શું એટલાંપરથીજ, તે વખતે ઇરાનમાં ઘણાંજ અતલગનાં એકજ લોહી ધરાવતાં બેશીઓમાં થતાં લગ્નોની રસમ હસ્તીમાં હતી એમ સાબેત કરવાની કોશેશ કરવાનું સેહેજબી કારણ મળી આવશે ? શું કદીબી સ્યાવુશ અને સુદાબે વચે એવાં લગન થયાં હતાં ? જયારે સુદાબેની મીનતજારીને સ્યાવુશ અહેરેમનના ફરેબ જેવી ગણીને ખુલ્લેખુલ્લી ધીઃકારી કાઢેછે, ત્યારે મને સમજ પડતી નથી કે એ કથાપરથી કદીમ ઇરાનમાં ચા-લતાં (ખ્યાલી) ગોત્રગમનનો અગતનો પત્તો મેળવવાને મારા બા-હોશ મિત્ર ડૉ૦ કેસારટેલી ફોકટનાં ફાંફાં શું કામ મારતા હશે !

એજ ઉપકથામાટે આ બીજો દીલકશ એસારો એ વિદ્વાન કરેછે.—"સૌદાબે જવાન સીયાવીશને પોતાની એક બેટીસાથ પરણવાને સીફારસ કરેછે. તેમ જો બનતે તો

સીખાવીશ પોતાની એક બેહેનનીજ સાથ પરણુતે ......"
યુરોપ્યન વિદ્વાનો એશીઆખંડનાં રેવાજોનું ગમે એટલું
બોહોળું જ્ઞાન ધરાવાછતાં, તેઓને તે ખંડના લોકોના તાજીમ-
તવાજોની કેટલીક ચોકસ ઢપો બરોબર સમજવામાં વારંવાર
પછાત પડતા જોઈને તાજુબી ઉપજેછે. જેવી બારીકીથી
મા, દીકરી, કે બેહેન એઓમાટે યુરોપ્યન ભાષાઓમાં વપડાતા
શબ્દોના અર્થો ઉઠાવામાં આવેછે, તેવીજ બારીકીથી કેટલીએક
એશીઆટીક જબાનોમાં વપડાતા શબ્દોના અર્થો કરવા નહીં
જોઈએ એવી મારી અરજ છે. જે યુરોપ્યન ગ્રહસ્થોને
હિંદી તાજીનતવાજોનો મહાવેરો પડયો હશે, તેઓએ દીઠું
હશે કે હિંદુસ્થાની ભાષાના "અમ્મા" અથવા "મા"
શબ્દો અને ગુજરાતી શબ્દ "માયજી" નો અર્થ બધે ઠેકાણે
જન્મ આપનારી "માતા" નોજ થતો નથી, પણ જે સાધા-
રણ મતલબે ઇંગ્રેજીમાં "માડમ" શબ્દ વપડાયછે, તેવીજ
સાધારણ મતલબે ઉપલી દેશી ભાષાઓના એ શબ્દોબી કોઇ
કુટુંબની હરેક વડીએલ બાનુને કે કોઈ ઉમરે પોહોંચેલી
ઓરતને માનનેખાતર વાતચીતમાં ઘણુંકરીને લાગુ પાડવામાં
આવેછે. તેમજ વળી બેહેન કે બેટી એ અલ્લામતોબી તેમની
બોલબોલ મતલબે વપડાતી નથી, પણ સાધારણ જવાન
છોડીઓ, બાનુ મેહેમાનો, સગીઓ કે પિત્રાઇઓ ઇત્યાદીઓને
સામાન્ય રીતે એ લકબ વાતચીતમાં લગાડીને બોલવામાં
આવેછે તેટલા વાસ્તે જયારે સુદાબે પોતાના મેહેલમાંની
જવાન કન્યાઓને પોતાની "બેટીઓ" તરીકે જણાવેછે,
ત્યારે તેપરથી ખાસકરીને કાંઇ એવોજ અર્થ ઉઠતો નથી
કે તે છોડીઓ તેણીને પેટે અવતરેલી તેણીની ખરેખરી
દીકરીઓજ હતી, મગર એ શબ્દ તો કોઇ એશીઓની, કે
ઉમરાવોની અથવા કોઇ બીજા સ્નેહી રાજવંશીઓની
બેટીઓનેબી લાગુ પાડી શકાતો હતો; અને તેટલા વાસ્તે

એવી કહેવાતી "દીકરી"ઓ માહેલી એકાદ સાથ પરણવાને થયલી કોઇ માંગણીપરથી એમ બીલકુલ સાબેત થતું નથી કે પરણાવા કાઢેલી કુંવારી તે કએકાઉસનુંજ ફરજંદ હતું.

ઇરાની ભાષા, તવારીખ, ધર્મ ઇત્યાદી બાબદોના કેટલાએક યુરોપ્યન અભ્યાસીઓ, કદીમ માજદયસ્નાનોને ઘણુંજ અતનગનાં એકજ લોહી ધરાવતાં સગાંઓમાં લગ્નો કરવાની રસમ લાગુ પાડવાની ખુલ્લી ગફલતીમાં જે સબબોથી પડેછે, તે સબબોપર સામાન્ય ટીકા કરીને આ રેસાલો સમાપ્ત કરૂંછું. આએ તો સારી પેઠે જણાયલી વાત છે કે ફીરદુસીના વખતમાં મોજુદ રહેલાં કદીમ ફારસી (પાજંદ) કે પેહેલવી સાહીત્યોમાં જળવાઈ રહેલી દેશી લોકકથાઓના આધારપર શાહાનામાનું સામાન્ય રચાણ થયલુંછે. "કારનામક-એ-અર્તક્ષતર-એ-પાપકાન, (જેમાં આશરે ૫૬૦૦ શબ્દો સમાયલાછે, તથા જેનું કદ ત્રીસ સફા જેટલું થવા જાયછે), "યાદગાર-એ-જરીરાન" (જેમાં આશરે ત્રણ હજાર શબ્દો સમાયલાછે તથા જેનું ફકત પંદર સફા જેટલું કદછે, અને તેમાં પાદશાહ ગુસ્તાસ્પ તથા અરજાસ્પ વચેની લડાઇનો મુખ્તેસર અહેવાલ આવેલો છે તે ચોપડીને ભુલમાં "પેહેલી શાહાનામું" કરી કેહવામાં આવેછે), એ અસલ પેહેલવી લેખોના બચી રહેલા ભાગોની, તેમજ "દીનકર્દ"નાં ચોથાં પુસ્તકની (જેમાં ૪૦૦૦ શબ્દો સમાયલાછે, અને જેમાં ગુસ્તાસ્પથી તે નોશીરવાન સુધીના જુદા જુદા ઇરાની પાદશાહોનાં પરાક્રમોનું બ્યાન આવેલુંછે, તેની) હમણાં હમણાં અભ્યાસીઓમાં ઘણીજ બારીકીથી તપાસ ચાલેછે. એ લેખોથી આપણે હાથ ખુલ્લી સાબેતી આવેછે કે "શાહાનામા" અને બીજી અસલ ફારસી કેતાબોમાં આવેલાં ઇરાની શાહાનશાતના સૌથી પેહેલા જમાનાને લગતાં વીરરસ દાસ્તાનો તે કાંઇ દંતકથાઓ કે કલ્પિત

વાર્તાઓ નથી, પણ,—જે વધારે કદીમ પેહેલવી સાહીત્ય હાલસુધી પુરેપુરૂં જળવાઇ રહયું નથી, તે સાહીત્યપરથી ઉપજાવેલા—ભરૂસેદાર અહેવાલો છે. એપરથી યુરોપ્યનોના ભુલભર્યાં અભિપ્રાયનું કારણ શોધી કાઢવું મુશ્કેલ નથી. પાછલી ફારસી તવારીખ તેની આગમચની વધારે જુની પેહેલવી તવારીખપરથી લખાઇછે એવું ખાતરીથી જણાવીને આપણા ટીકા સરૂ કર્યે તો, એવાં અનુમાન ઉપર આવી શકાય કે એ અસલ સત્તાદાર પેહેલવી પુસ્તકોમાં બેટી, બેહેન કે બેટાનેમાટે વાપરેલા શબ્દોની જે જે મતલબો ઉઠેછે, તેજ મતલબોથી ફારસી તવારીખોમાંબી બેટી, બેહેન કે બેટાને-માટેના સાધારણ ફારસી શબ્દોબી વપડાયલાછે.

પેહેલવી એક એવી ભાષા છે, કે જેમાં બે જુદી જુદી મૂળ ભાષાઓ, યાને એરીઅન અને સેમીટીક ભાષાઓનાં મૂળ તત્વો સમાયલાં છે. તેમાં એકજ લોહીની અતલગની સગાઇઓ જણાવવામાટે જે શબ્દો આવેછે તે ઘણુંકરીને સેમીટીક મૂળના હોયછે; જેમકે "અખ્" (ભાઇ), "અખ્ત્-મન્" (બેહેન), "બેન્મન્" (બેટા), અને "બેન્ત્મન્" (બેટી). આ વાત ધ્યાનમાં રાખવા જોગ છે કે, પેહેલવી, તેમજ આરબી તથા હીબ્રુ ભાષાઓમાં "અખ્" એ લોગતનો માએનો બધે ઠેકાણે ફકત "ભાઇ"જ કરીને થતો નથીં, પણ એ ત્રણે જબાનોમાં તેની મતલબ કોઇ ભાઇ, કોઇ એશી કે કોઇ મિત્રથી પણ ઉઠેછે (જુઓ રીચર્ડસન અને આર્નોલ્ડ). તેજ પ્રમાણે પેહેલવી શબ્દ "અખ્ત્મન્" નો કોઇ છોડી, બેહેન, કે કોઇ સહી થાયછે. પેહેલવી "બેન્મન્" પરથી હરેક નજદીકના એશીનો છોકરો, કોઇ દીકરો હરેક જવાન અથવા કોઇ વંશજ જાહેર થાયછે. તેમજ વળી પેહેલવી "બેન્ત્મન્"પરથી હરેક છોડી, દીકરી કે કોઇ ઓરત એશીની મકસદ ઉઠેછે.—તેટલાવાસ્તે પેહેલવીમાં જયાંબી "અખ્ત્મન્" કે "બેન્ત્મન્" શબ્દો આવતા હોય, ત્યાં માત્ર તેમના "બેહેન" કે "દીકરી"નાજ અર્થોને વળગી રેહેવું એ ભુલભર્યું છે.